Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૭૭
તા.૨૩-૦૪-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૫ સૂર્યાસ્ત : ૦૭:૦૧

તાપમાન			
ડીસા	૪૦.૦	વડોદરા	૩૯.૪
અમદાવાદ	૩૯.૩	સુરત	૩૯.૦
ગાંધીનગર	૩૯.૦	નલિયા	૪૦.૦

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૨,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

પોક્સો એક્ટમાં સુધારા હુકમને રાષ્ટ્રપતિની મંજુરી

ફરાર આર્થિક અપરાધી વટહુકમને પણ મંજુરી : સરકારના બે વટહુકમને રાષ્ટ્રપતિએ લીલીઝંડી આપ્યા બાદ પહેલ કરાઈ : છ જ માસમાં બિલ પાસ કરવું પડશે

નવીદિલ્હી

કેન્દ્ર સરકાર તરફથી પોક્સો એક્ટમાં સુધારાને લઈને લાવવામાં આવેલા વટહુકમને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે લીલીઝંડ આપી દીધી છે. નવા વટહુકમ મુજબ ૧૨ વર્ષથી ઓછી વયના માસુમ બાળકીઓ સાથે રેપના મામલામાં દોષિતોને મૃત્યુદંડની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ૧૬ વર્ષથી ઓછી વયની કિશોરી સાથે રેપ કરનારને લઘુત્તમ સજા ૧૦ વર્ષની હત જેને વધારીને ૨૦ વર્ષ કરી દેવામાં આવી છે. દોષિતોને આજીવન કેદ પણ કરી શકાય છે. વટહુકમમાં એવી જોગવાઈ પણ કરવામાં આવી છે કે, ૧૨ વર્ષની ઉપરની કિશોર સાથે રેપના દોષિતોને લઘુત્તમ ૨૦ વર્ષની જેલ અથવા આજીવન કેદની સજા કરવામાં આવે. આ ઉપરાંત ફરાર આર્થિક અપરાધીના મામલામાં વટહુકમને પણ રાષ્ટ્રપતિએ લીલીઝંડી આપી દીધી છે. વટહુકમની હદમાં એવા અપરાધીક મામલા આવશે જેમાં ૧૦૦ કરોડ રૂપિયા અથવા તેનાથી વધારાની રકમ સામેલ છે. આ વટહુકમ હેઠળ હવે અપરાધીઓને ૬ સપ્તાહની અંદર ફરાર જાહેર કરવામાં આવશે. સાથે સાથે આરોપ પુરવાર થતા પહેલા જ આવા ફરાર અપરાધીઓની સંપત્તિ જપ્ત કરવા અને વેચવાની પ્રક્રિયા પુરી થઈ શકશે. ફરાર આર્થિક અપરાધીઓ સાથે જોડાયેલા બિલને સંસદના બજેટ સત્રમાં રજૂ કરવામાં આવ્યું હતું પરંતુ ધાંધલ ધમાલ અને કામગીરી ખોરવાઈ જવાના કારણે આ બિલ પાસ થઈ શક્યું ન હતું. આવી સ્થિતિમાં સરકારે વટહુકમના વિકલ્પ પસંદ કર્યા હતા. અત્રે નોંધનીય છે કે, કોઈપણ વટહુકમને અમલી કરતા પહેલા સરકારને તેની સાથે જોડાયેલા બિલને છ મહિનાની અંદર સંસદના બંને ગૃહોમાંથી પસાર કરવાની જરૂર હોય છે. આવી સ્થિતિમાં વટહુકમ બાદ સરકાર પર દબાણ વધી ગયું છે.

વિચાર વૈભવ...

મદદ!

મુસાફરોથી ભરેલું એક વહાણ પ્રશાંત મહાસાગરમાં ડૂબી ગયું. એમાંથી એક માણસ લાકડાના ટુકડાના સહારે તરતો તરતો એક નિર્જન ટાપુ પર જઈ ચડ્યો. સાવ નાનકડા એ ટાપુ પર ભગવાનને પ્રાર્થના કરતો કરતો એ માણસ એક છેડાથી બીજા છેડા સુધી રખડતો રહેતો. એને ભગવાન પર અત્યંત શ્રદ્ધા હતી અને ખાતરી હતી કે એ સાવ નિર્જન ટાપુ પરથી એને છોડાવવા માટે ભગવાન જલદી મદદ મોકલશે. બે ત્રણ દિવસ તથા રાત એમ જ એણે રખડતાં ભટકતાં પસાર કરી. જો કે વાંદરાઓ સિવાય બીજા કોઈ પશુઓને એણે નહોતા જોયા છતાં એનું મન એને ખુલ્લામાં રહેવાની ના પાડતું હતું. એટલે એણે સૂકાં લાકડાંઓની મદદથી કિનારાની સાવ નજીક એક ઝૂંપડા જેવું બનાવી નાખ્યું. નાળિયેરીનાં સૂકાં પાંદડાં અને ટાપુ પરથી સૂકું ઘાસ એકઠું કરી એણે છાપરું બનાવી કાઢ્યું. લાકડા તેમ જ જંગલી વેલાઓની મદદથી ઉઘાડ- બંધ કરી શકાય તેવું બારણું પણ બનાવ્યું જેથી એનો સંઘરેલો ખોરાક, ફળો વગેરે વાંદરા ન લઈ જાય. ખોરાક એકઠો કરવાના સમયને બાદ કરતા એ માણસ સવાર- સાંજ પ્રાર્થના કર્યા કરતો. પોતાને એ ટાપુ પરથી છોડાવવા માટે ભગવાનને આજીજી અને વિનંતીઓ કરતો રહેતો. એમ જ ઘણા દિવસો પસાર થઈ ગયા. ભગવાને કાંઈ જવાબ ન આપ્યો એટલે ધીમે ધીમે એ હતાશ થવા માંડ્યો હતો. એક દિવસ ખોરાકની શોધમાં એ ટાપુના બીજા છેડા સુધી જઈ ચડ્યો. ત્યાં ગેલ કરતા વાંદરાઓ, ગીતો ગાતાં પંખીઓ, એમના નાનકડા બચ્ચા એ બધું જોઈ એને પોતાનું ઘર, પાડોશીઓ, સગાઓ વગેરે યાદ આવી ગયા. એ દિવસે આકાશ સામે જોઈ એ ધરાઈને રડ્યો. આ વખતે ભગવાનને ફરિયાદભરી પ્રાર્થના કરી એણે ખૂબ જ આંસુ સાર્યા. ભગવાન હવે જો એને એ ટાપુ પરથી નહીં છોડાવે તો એ ભગવાન પરની શ્રદ્ધા ગુમાવી દેશે એવું પણ એણે ભગવાનને કહ્યું. રડી લીધા પછી ક્યાંય સુધી શૂન્યમનસ્ક બની એ કાંઠા પર બેઠો રહ્યો. થાકેલો, હારેલો એ છેક સાંજ પડ્યે પોતાની ઝૂંપડી તરફ પાછો ફર્યો. ઝૂંપડીથી હજુ તો થોડો દૂર હતો ત્યાં જ એણે જે દૃશ્ય જોયું એનાથી એનું હૈયું જ બેસી ગયું. એની ઝૂંપડીમાં આગ લાગી ગઈ હતી. બહાર જતી વખતે એ ઝૂંપડીની વચ્ચોવચ્ચ અંગારા રાખી મૂકતો. એના પર છાપરામાંથી સૂકી ડાળખી કે ઘાસ પડ્યું હશે, જેના કારણે આગે આખી જ ઝૂંપડીને લપેટમાં લઈ લીધી હશે. અત્યંત દુઃખ સાથે એ રાત એણે ઝૂંપડીની આગથી તાપતા જ પસાર કરી. ભેગા કરી રાખેલાં સૂકાં ડાળખાં અને લાકડાં ઓરીને આખી રાત એ કાંઠા પર પડ્યો રહ્યો. એ રાત્રે એને ભગવાન પરનો રહ્યોસહ્યો ભરોસો પણ ઉઠી ગયો. ઈશ્વર જેવી કોઈ શકિત આ દુનિયામાં હોઈ જ ન શકે એવી એને મનોમન ખાતરી થઈ આવી. સવાર પડવા આવી ત્યારે થાકીને, રડતાં રડતાં પોતાની પાસેના બધાં જ લાકડાં એ આગમાં હોમી એ કાંઠાની રેતી પર જ સૂઈ ગયો. સવારે કોઈ અને ઢંઢોળી રહ્યું હોય એવું લાગ્યું. નિર્જન ટાપુ પર કોણ હશે? એવા ધ્રાસ્કા સાથે એ સફાળો બેઠો થઈ ગયો. જોયું તો બે ત્રણ માણસો એની આસપાસ ઊભા હતા. એમની નાનકડી હોડી કાંઠા પર નાંગરેલી હતી અને દૂર એક વિશાળ જહાજ દરિયામાં ઊભું હતું. 'તમને કઈ રીતે ખબર પડી કે હું અહીં ભૂલો પડીને સૂતેલો છું?' આંખો ચોળતા એ માણસે પૂછ્યું.

'તમારી લગાડેલી આગ અને સ્મોક સિગ્નલના કારણે!' એને મદદ અને છોડાવવા માટે આવેલ એ માણસોએ જવાબ આપ્યો!

મદદ કરવાની એની રીત કાંઈક અલગ અને અનેરી જ નથી હોતી?!

- આઈ.કે.વીજળીવાળા

સામાન્ય લોકોને રિટેલ ખરીદી પર રાહત થશે

પેટ્રોલ-ડિઝલ પર એક્સાઈઝ ડ્યુટી ઘટાડવા માટેની તૈયારી

એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો રૂપિયા એકથી ૧.૫૦ વચ્ચેનો રહે તેવી શક્યતા : મોદી શાસનમાં કિંમતો આસમાન પર

નવીદિલ્હી

પેટ્રોલિયમ પેદાશો ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં બીજી વખત ઘટાડો કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સક્રિયરીતે વિચારી રહી છે. મોદીના શાસન હેઠળ પેટ્રોલ અને ડિઝલની કિંમતો સૌથી ઉંચી સપાટીએ પહોંચી ગઈ છે. આવી સ્થિતિમાં પેટ્રોલ અનેડિઝલની રિટેલ કિંમતોને હળવી કરવા માટે ફયુઅલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં એક રૂપિયાથી લઈને ૧.૫૦ સુધીનો ઘટાડો કરવામાં આવી શકે છે. પેટ્રોલિયમ પેદાશો ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં કેટલો કાપ મુકાશે તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી પરંતુ આ દિશામાં હિલચાલ ચાલી રહી છે. ભાજપના એનર્જી સેલના અધિકારી નરેન્દ્ર તનેજાના કહેવા મુજબ બેઝિક એક્સાઈઝ ડ્યુટીમાં ૧.૫૦ રૂપિયા સુધીનો ઘટાડો કરવા તેમના દ્વારા સૂચન કરવામાં આવ્યું છે. નાણામંત્રાલય સાથે પેટ્રોલિયમ મંત્રાલયની વાતચીત ચાલી રહી છે. જો અમલી કરવામાં આવશે તો બંને પદાશોની કિંમતમાં ઘટાડો કરવામાં આવશે. પેટ્રોલની કિંમત હાલમાં ચાર વર્ષની ઉંચી સપાટી ઉપર છે અને લીટરદીઠ કિંમત ૭૩.૮૩ સુધી પહોંચી ગઈ છે. રાષ્ટ્રીય પાટનગરમાં તેની કિંમત ૬૪.૬૯ સુધી ઓલટાઈમ હાઈ સપાટી ઉપર છે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે તેની અસર જોવા મળી રહી છે.

છેલ્લા ચાર વર્ષના ગાળામાં સૌથી મોટુ ઓપરેશન હાથ ધરાયું

મહારાષ્ટ્રમાં મોટી સફળતા : ૧૪ નક્સલવાદીઓ ઠાર

ઠાર થયેલા નક્સલવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકો કબજે : નક્સલીઓના ગઢ ગઢચિરોલીમાં પાકી બાતમી બાદ સફળ ઓપરેશન

નવી દિલ્હી

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના સુરક્ષા દળોને આજે અભૂતપૂર્વ સફળતા હાથ લાગી હતી. હજુ સુધીના સૌથી મોટા ઓપરેશન પૈકીના એક ઓપરેશનને પાર પાડીને સુરક્ષા દળોએ આજે ઓછામાં ઓછા ૧૪ માઓવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. એન્ટી નક્સલ ઓપરેશન દરમિયાન મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો જોડાયા હતા. છેલ્લા ચાર વર્ષમાં નક્સલવાદીઓની સામે આને સૌથી મોટા ઓપરેશન તરીકે ગણવામાં આવે છે આ પહેલા ત્રીજી એપ્રિલના દિવસે મહારાષ્ટ્ર પોલીસે એન્કા ઉન્ટરમાં ત્રણ નક્સલીઓને ઠાર મારી દીધા હતા જેમાં બે મહિલાઓ પણ સામેલ હતી. ગઢચિરોલીમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ઈતાપલ્લીના બોરિયા વન્ય વિસ્તારમાં થઈ હતી. ગઢચિરોલીના આ એન્કા ઉન્ટરમાં નક્સલવાદી લીડર સાઈનાથ અને સિનુ નામના કુખ્યાત નક્સલીઓ પણ માર્યા હતા. મહારાષ્ટ્ર રાજ્ય પોલીસ નક્સલવાદી ગ્રસ્ત વિસ્તારોમાં જોરદાર ઓપરેશન ચલાવી રહી છે. નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં વારંવાર અથડામણના સમાચાર આવી રહ્યા છે. નક્સલ વાદીઓના ખાત્મા માટે છેલ્લા કેટલાક દિવસથી ઓપરેશન ચાલી રહ્યું હતું. અત્રે નોંધનીય છે કે, ગઢચિરોલી મુંબઈથી ૯૦૦ કિલોમીટર પૂર્વમાં સ્થિત છે અને માઓવાદીઓના મોટાગઢ તરીકે છે. દેશમાં નક્સલવાદી ગતિવિધીમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાના અહેવાલ હાલમાં જ જારી કરવામાં આવ્યા હતા. હાલમાં નક્સલવાદી પ્રભાવિત દેશના ૧૨૬ જિલ્લા પૈકી સરકારે ૪૪ જિલ્લાને નક્સલવાદી મુકત જાહેર કરી દીધા છે. જો કે આઠ નવા જિલ્લા નક્સલવાદી પ્રભાવિત વિસ્તારમાં સામેલ કરી દેવામાં આવ્યા હતા. સૌથી વધારે નક્સલવાદી પ્રભાવિત જિલ્લાની સંખ્યા ૩૫થી ઘટીને ૩૦ સુધી પહોંચી ગઈ છે. સુરક્ષા દળો દ્વારા હાલના સમયમાં કરવામાં આવેલી કાર્યવાહીને આના માટે જવાબદાર ગણવામાં આવે છે. બિહાર અને ઝારખંડના પાંચ જિલ્લા અતિ નક્સલવાદી પ્રભાવિત ટૈગમાંથી મુક્ત થઈ ગયા છે. આ જિલ્લામાં ઝારખંડના ડુમકા, પૂર્વીય સિંહભુમ તથા રામગઢ તેમજ બિહારના નવાદા અને મુજફ્ફરપુરનો સમાવેશ થાય છે.

જનધન ખાતામાં ડિપોઝિટ આંક વધી ૮૦૦૦૦ કરોડ

નવીદિલ્હી

જનધન ખાતામાં કુલ જમા રકમનો આંકડો વધીને ૮૦૦૦૦ કરોડના આંકડાને પાર કરી ગયો છે. આજે જારી કરવામાં આવેલા નવેસરના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. વધુ લોકો આની સાથે જોડાયા છે. ફ્લેગશીપ ફાઈનાન્સિયલ ઈનક્લુસન પ્રોગ્રામમાં વધુને વધુ લોકો સામેલ થઈ રહ્યા છે. માર્ચ ૨૦૧૭ બાદથી ડિપોઝિટમાં સ્થિરરીતે વધારો થઈ રહ્યો છે. નાણામંત્રાલયના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ૧૧મી એપ્રિલ ૨૦૧૮ના દિવસે આંકડો ૮૦૫૪૫.૭૦ કરોડનો હતો. પ્રધાનમંત્રી જનધન યોજના ખાતાઓ નોટબંધીના ગાળા દરમિયાન સૌથી વધુ ચર્ચામાં આવ્યા હતા. તે વખતે જનધન ખાતાઓમાં જમા કરવામાં આવેલી રકમમાં એકાએક વધારો થયો હતો. જનધન યોજનાની સફળતાની વાત કરતા વર્લ્ડ બેંકના ગ્લોબલ રિપોર્ટ નામથી જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, જનધન ખાતા ઉપયોગ સાબિત થઈ રહ્યા છે.

આગામી સપ્તાહે વુહાનમાં મોદી-જિનપિંગ વચ્ચે બેઠક યોજાશે

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે આ સપ્તાહમાં ચીનમાં ફરી એકવાર વાતચીત થશે. બેજિંગમાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજની સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કરતા જીનના વિદેશમંત્રી વાંગ યી દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. રાષ્ટ્રપતિ જિનપિંગ અને મોદી વચ્ચે વુહાનમાં ૨૭મી અને ૨૮મી એપ્રિલના દિવસે અનૌપચારિક શિખર બેઠક થશે. ગયા વર્ષે ડોકલામમાં બંને દેશો વચ્ચે લાંબા સમય સુધી લશ્કરી ગતિરોધની સ્થિતિ રહ્યા બાદ બંને દેશોના રાષ્ટ્રપ્રમુખોની બેઠક ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ પહેલા વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે આજે પોતાના ચીની સમકક્ષ વાંગ સાથે વાતચીત કરી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો ઉપર અને સંબંધોમાં સુધાર માટે ઉચ્ચ સ્તરીય સંવાદની ગતિવિધિને તીવ્ર બનાવવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. શાંઘાઈ સહયોગ સંગઠનના વિદેશમંત્રઓની બેઠકમાં ભાગ લેવા માટે સુષ્મા સ્વરાજ શનિવારના દિવસે ચાર દિવસના પ્રવાસે ચીન પહોંચ્યા હતા. દ્વિપક્ષીય વાતચીત પહેલા વાંગે બેજિંગ સ્થિત ગેસ્ટહાઉસમાં સુષ્માનું સ્વાગત કર્યું હતું. વાંગને ગયા મહિને સ્ટેટ કાઉન્સિલર બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદથી તેઓ ચીનમાં સૌથી સર્વોચ્ચ રાજકીય વ્યક્તિ બની ગયા છે. સાથે સાથે વિદેશ મંત્રી તરીકે પણ બનેલા છે. વાંગે કહ્યું છે કે, દ્વિપક્ષીય સંબંધોમાં ઉલ્લેખનીય વિકાસની સ્થિતિ જોવા મળી રહી છે. મોદીની વાતચીત ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. વાંગનું કહેવું છે કે, બંને દેશો વચ્ચે વાતચીતની પ્રક્રિયા રચનાત્મક દિશામાં આગળ વધી રહી છે. મોદીએ થોડાક સમય પહેલા જિંગપિંગને ફોન કર્યો હતો ત્યારબાદથી તેની અસર પણ જોવા મળી છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

ધારાસભ્યની જાગૃતિથી ડીસા હાઈવે ઉપર ફ્લાય ઓવરબ્રીજ બનવાની શક્યતાઓ ઉજળી બની

ધારાસભ્ય અને નગરના અગ્રણી સાથેની બેઠકમાં રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે સર્કલ તેમજ રાજમંદીર સર્કલ સુધી સર્વિસ રોડ બાંધવા હાઈવે ઓથોરીટીએ દર્શાવી તૈયારી

ડીસા

વિધાનસભાની ચૂંટણી વખતે ડીસાના વર્તમાન ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ ડીસા નગરને વર્ષોથી નડતો ટ્રાફિક અને ઓવરબ્રીજનો પ્રશ્ન ઉકેલવા જાહેર વચન આપ્યું હતું. ધારાસભ્ય તરીકેની સોગંદવિધિ થયા બાદ એક જાગૃત ધારાસભ્ય તરીકે તેમણે નેશનલ હાઈવે ઓથોરીટી અને કેન્દ્ર સરકારના પરિવહન મંત્રી નીતિન ગડકરીજી સાથે સંકલન સાધી આ પ્રશ્નના ઉકેલની દિશામાં પ્રયત્નો ચાલુ કરી દીધા છે. તા. ૨૨/૪/૨૦૧૮ રવિવારે ડીસા સર્કિટ હાઉસ ખાતે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાની અધ્યક્ષતામાં એક અગત્યની બેઠક મળી હતી. જેમાં બનાસકાંઠા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, ડીસા હાઈવે અકસ્માત નિવારણ સમિતિના આગેવાનો ડૉ.સી.કે.પટેલ, રખેવાળના તંત્રી વિક્રમભાઈ શેઠ, હસમુખભાઈ વેદલિયા, ભગવાનભાઈ બંધુ, બી.કે. ન્યૂઝના તંત્રી તપનભાઈ જયસ્વાલ, અગ્રણી પત્રકાર પંકજભાઈ સોનેજી, જાણીતા વકીલ કૈલાસભાઈ ગેલોત, નેશનલ હાઈવે ઓથોરીટીના ઉચ્ચ અધિકારી ઓ રમાકાંતજી ઝા, પી.કે. ગઢવી, એમ.એમ. ઠક્કર સહિત સૌએ સંયુક્ત રીતે ચર્ચા કરી પીલરબેઈઝ ઓવરબ્રીજ માટે ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજૂઆત કરવા અને જરૂર પડ્યે ઉચ્ચ સત્તાધીશોને રૂબરૂ મળવાનું નક્કી કર્યું હતું. ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ તરત જ આ બાબતે ખૂબ જ સચોટ અને જરૂરી લખાણ કરી નેશનલ હાઈવેના પ્રોજેક્ટ ડાયરેક્ટર સીંગને ગાંધીધામ ખાતે જાણ કરી હતી. સાથે સાથે તા.૨૪/૪/૨૦૧૮ ને મંગળવારે ભૂજ ખાતે તાત્કાલિક મીટીંગ કરી આ બાબતે ઝડપી નિકાલ લાવવા જાણ કરી હતી.

ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાની આગેવાની હેઠળ એક પ્રતિનિધિ મંડળ દિલ્હી ખાતે આ બાબતે પરિવહન મંત્રી નીતિન ગડકરીજી, કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીને પણ આગામી દિવસોમાં મળનાર છે. ડીસાના રાજમંદિર સિનેમાથી વિશ્વકર્મા મંદિર અને રિલાયન્સ પંપ સુધી વ્યવસ્થિત સર્વિસ રોડ બને અને ટ્રાફિક જામ ના થાય તે માટે રિલાયન્સ પાસે એક નાનકડું સર્કલ બને તે બાબતે પણ ચર્ચા થતાં ધારાસભ્યની જાગૃતિને લીધે આ બાબતે નેશનલ હાઈવે ઓથોરિટી સંમત થતાં ટૂંક સમયમાં જ કામગીરી શરૂ થનાર છે.

ખેડૂત મિત્રો માટે ખુશ ખબર...
ચંદનની ખેતી માટે સોનેરી તક
ચંદન (સફેદ) ફક્ત ૧૦૦/- રૂા.
રોપા
મલબારી નીમ (પ્લાયવુડ નીમ) ફક્ત ૫૦/- રૂા.
ફ્રી હોમ ડીલીવરી
ફ્રી રીપ્લેસમેન્ટ ૧૦% (રોપાની ડીલીવરી વખતે જ)
ફ્રી ફિલ્ડ વિઝીટ (એગ્રીકલ્ચર ઓફીસર દ્વારા જરૂરી માર્ગદર્શન, એક વર્ષ માટે/ત્રણ વાર)
ફ્રી લીકવીડ ફર્ટીલાઇઝર (દર ચાર મહિને, એક વર્ષ માટે / ત્રણ વાર)
ઓફર ફકત 30 એપ્રિલ સુધી જ (બુકીંગ ચાલુ છે)
નોંધ : રોપાની ડીલીવરી ૧૫ જુન પછી ગ્રાહકની અનુકુળતાએ મળશે.
સંપર્ક : 98983 61701 www.gkchandannursery.com
શ્રી જી.કે. બાયો-ટેક એગ્રીકલ્ચર્સ
ઓફિસ : એફ. / ૧૦૭, આકાશગંગા કોમ્પ્લેક્ષ, મેઘાકલર લેબની બાજુમાં, બસ સ્ટેન્ડ પાસે, હિંમતનગર - ૩૮૩૦૦૧ સા.કાં.
નર્સરી : જી.કે. ચંદન નર્સરી હિંમતનગર-ઇડર રોડ, પંચમુખી હનુમાનજી મંદિર પાસે, રાજપુર પાટિયા, હિંમતનગર-૩૮૩૦૦૧.

સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૫૦

તિથિદર્શન

વૈશાખ સુદ-૮ સોમવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ સુદ :આઠમ સોમવાર નક્ષત્ર:પુષ્ય સાંજે ૫.૦૩ પછી આશ્લેષા યોગ : શુલ કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

વિપદિ ધૈર્યમ્ અથ અભ્યુદયે ક્ષમા

'વિપત્તિ- દુઃખમાં હિંમત- ધીરજ ધરવી જોઈએ. ધીરજ રાખીને જ દુઃખને વેઠવા જોઈએ. વિકાસને ઉન્નતિ થતાં માણસે ગર્વ- અભિમાનથી ફુલાઈ કે છકી ન જવું જોઈએ પણ સંપર્કમાં આવતા કોઈ પણ જાણ્યા- અજાણ્યા સાથે માનવતાભર્યું વર્તન રાખવું જોઈએ. આપણા અપરિચિત કે અણગમતા માણસ તરફ પણ ઉદાર દષ્ટિ રાખવી જોઈએ, એટલું જ નહીં, વિરોધીઓ કે નુકસાનકર્તાને પણ ક્ષમા આપીને ઔદાર્ય દાખવી મદદ કરવી જોઈએ.' ગુજરાતીમાં જાણીતી કહેવત જેવી એક કાવ્ય પંક્તિ છેઃ- 'સુખ સમયમાં છકી ન જવું દુઃખમાં ન હિંમત હારવી.' આ પંક્તિ પણ આપણને આ બોધ આપે છે કે સુખ કે દુઃખ કંઈ કાયમ રહેતાં કે ટકતાં નથી, એટલે મનથી સમત્વ રાખી ન ભોગવવા કે સહન કરવા જોઈએ. સમતા કેળવવાનું કઠિન તો છે પણ આપણા શીલ- સદાચાર માટે એ ખૂબ જ જરૂરી અને મહત્વનું છે. એવી જ રીતે સંપત્તિ કે સત્તા મળ્યા પછી પણ માણસને અભિમાન આવી જાય છે. અને સામાન્ય કે અપરિચિત સાથે તોછડાઈભર્યું વર્તન કે વાત કરે છે. આવું વર્તન વ્યક્તિના પદને ગરિમા માટે શોભાસ્પદ નથી. હકીકતમાં માણસે સામાજિક, આર્થિક કે રાજકીય કોઈ પણ ક્ષેત્રમાં ઉન્નત થાય ત્યારે નમ્રતા આવવી જોઈએ અને વિવેક ન ચૂકવો જોઈએ.

સણવાલના વરરાજા ૨૦૦ ગાડીઓ લઈને પરણવા ગયા

વિષ્ણુ દવે

થરાદ

જીવનમાં એક વખત આવતા લગ્ન જીવનના પ્રસંગ ને જીવનના એક મહામુલા સંભારણા તરીકે યાદગાર બનાવવા વરરાજા ઓ તેને આકર્ષણમાં ફેરવતા હોયછે.જેમકે અનેક વરરાજા હેલિકોપ્ટર માં તો કેટલાક ગાડામાં જાન જોડીને પણ આવતા હોય છે ત્યારે વાવ તાલુકાના સણવાલ ગામના અને કૉંગ્રેસના યુવા અગ્રણી ભરતસીહ રાવના નાનાભાઇ ભગીરથસિંહ રાવની થરાદ તાલુકાના કાસવી મુકામે શુક્રવારે ગયેલી જાનમાં ૨૦૦ જેટલી વિવિધ પ્રકારની ગાડીઓના કાફલા સાથે નિકળ્યા હતા. જેના કારણે થરાદ વાવના રસ્તાઓ પર ભારે આકર્ષણનો નજારો સર્જાયો હતો.એક સાથે સટાસટ ગાડીઓ નિકળતાં રસ્તામાં ગાડીઓ ગણતા કેટલાક લોકો આવી જાન કોની નિકળી તે અંગે પણ આશ્ચર્ય વ્યકત કરતા જોવા મળ્યા હતા.જોકે ગામમાં પણ જાનૈયાઓ માટે બળદગાડાં તથા ઉંટ, ઘોડા ની વ્યવસ્થા કરાતાં રસ્તા પર ગાડીઓની કતારની જેમ જ અનેરો નજારો જોવા મળ્યો હતો.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

અમદાવાદની 'ન્યૂ એજયુકેશન હાઈસ્કૂલ' ના સ્થાપક, શિક્ષણશાસ્ત્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદીની પુણ્યતિથિ છે.

સાહિત્ય અને કેળવણી આ બંને સિધ્ધિ હાંસલ કરનાર શ્રી રતિલાલ ત્રિવેદીનો જન્મ સૌરાષ્ટ્રના રાણપુરમાં તા. ૨૨-૩-૧૮૯૪ના રોજ થયો હતો.

દસ વર્ષ સુધી મુંબઈ યુનિવર્સિટીની સેનેટ એકેડેમિક કાઉન્સિલ તેમજ ગુજરાતી, સંસ્કૃત વગેરે ભાષાઓની અભ્યાસ સમિતિઓના સભ્ય હતા. સાહિત્યક્ષેત્રે પણ તેમનું પ્રદાન નોંધપાત્ર છે.

ગુજરાતી અને અંગ્રેજીના પ્રભાવશાળી વકતા શ્રી રતિલાલ ત્રિવેદી તા. ૨૪-૪-૧૯૫૬ ના રોજ અવસાન પામ્યા.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશયથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

આપનું અઠવાડિયું કેવું જશે ?

મેષ

આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિક સ્વાસ્થય જાળવી શકશો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. મળેલી તકને ઝડપી લેવી. કૌટુંબિક પ્રશ્નોને કારણે મનમાં અશાંતિ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

વૃષભ

આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

મિથુન

આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જયારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકશો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે. દામ્પત્યજીવનમાં સાનુકૂળતા અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારું રહે.

કર્ક

આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનું રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો કે સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે. જીવનસાથીનો સહકાર મળે.

સિંહ

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઇ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું અને ઉતાવળીયા નિર્ણયો ન લેવા. ઉપરી અધિકારીથી ચકમક ઝરે. મિલ્કત અંગેના પ્રશ્નો યથાવત રહે. ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય. આરોગ્ય એકંદરે સારું રહે.

કન્યા

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકશો. સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય રીતે મૂંઝવણ અનુભવાય છતાં કોઇ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય. વિરોધીઓના હાથ વડે નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થીજીવનમાં સંવાદીતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને. આરોગ્ય સારું રહે.

તુલા

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે. નવિન તકો આવે તેને વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડી ગુંચવાય. ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારા કાર્યો અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેને તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય, હિતશત્રુઓથી સાવધ રહેવું. ધીરજ અને સંયમ રાખવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું અને આરોગ્ય જાળવવું હિતાવહ.

વૃશ્ચિક

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો. આત્મવિશ્વાસમાં વધારો થાય. વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે આયોજન થાય. નોકરીયાત માટે સારું રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓના કારણે વિઘ્નો આવે. કૌટુંબિક રીતે જોતા ભાઇ-ભાંડુ સાથે વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

ધન

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે. અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિતો ગૃહસ્થીજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાકીય કાર્યો પાર પડે. ખર્ચ વધે, નોકરીયાત વર્ગ માટે સાનુકૂળતાસભર સમય. ઉપરી અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઇ-ભાંડુઓની મદદ મળે. જીવનસાથી સાથે સમજદારીભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. તબિયત એકંદરે સારી રહે.

મકર

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી અશાંતિ દૂર થાય. સાનુકૂળતા સભર સમય. વધારાની આવક ઊભી થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલીના પ્રશ્નોનો હલ થાય. મહત્વની કામગીરી અંગે યશ મળે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. જીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. તબિયત સારી રહે.

કુંભ

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય ક્ષેત્રે સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચમાં થોડો વધારો થતા નાણાંકીય મૂંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત માટે સારો સમય છે છતાં પણ સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ. દામ્પત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે.

મીન

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય અને મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઇ શકાય. નોકરીયાત વર્ગ માટે મિશ્ર સમય. વાણી સંયમ જાળવવો હિતાવહ. ગૃહસ્થીજીવનમાં મતભેદ રહે.

- કનકચંદ્ર સી. વ્યાસ

માલગઢના ગાયત્રી સંસ્કાર કેન્દ્ર પર ચરણ પીઠના પ્રથમ પાટોત્સવનો કાર્યક્રમ યોજાયો

પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા નીકળી જ્યારે બીજા દિવસે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ થયો

નરસિંહ દેસાઈ

વડાવલ

ડીસા તાલુકાના માલગઢ ગાયત્રી સંસ્કાર કેન્દ્ર પર તારીખ ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ પ્રથમ પાટોત્સવ નો કાર્યક્રમ યોજાયો ગત વર્ષે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પ્રતિ કુલપતિ ચિન્મય પંડ્યા ના કરકમળો દ્વારા ચરણપીઠ નુ સ્થાપન કરાયું હતું જેને એક વર્ષ પૂર્ણ થતાં પ્રથમ પાટોત્સવનું આયોજન થયું હતું ગાયત્રી પરિવાર માલગઢ દ્વારા ગુરુદક્ષિણા કાર્યક્રમ અંતર્ગત પાંચ વર્ષ સુધી ૨૪ ગામમાં ગ્રામતિર્થ ને લગતા કાર્યક્રમ હાથ ધરવામાં આવશે જેથી આ ૨૪ ગામોમાં થી પુજન કરેલ રજ અને જળ લાવવામાં આવ્યુ હતુ જેનો યજ્ઞશાળામાં ઉપયોગ કરાયો હતો આ ૨૪ ગામ ના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેલા લોકોનું રજ અને જળ સાથે ભાવ પૂર્વક સ્વાગત કરાયું હતું પ્રથમ દિવસના કાર્યક્રમમાં ૨૪ ગામોના લોકોની સાથે વિશાળ શોભાયાત્રા નીકળી હતી ભૈરવ ટેકરી માલગઢ થી શોભાયાત્રાનું શાંતિકુજ ના વિશેષ પ્રતિનિધિ દ્વારા પ્રસ્થાન કરાવ્યું બે કિલોમીટર લોબી શોભાયાત્રા શીતળા માતાજી મંદિર સુધી જઈ ત્યારબાદ સંસ્કાર કેન્દ્ર પરત આવતા દીપયજ્ઞ નું આયોજન થયું હતું જ્યારે બીજા દિવસે વહેલી સવારે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનો પ્રારંભ થયો હતો જેમાં પણ ૨૪ ગામ માંથી સજોડા એ હાજર રહી યજ્ઞ નો લાભ લીધો હતો સંપૂર્ણ શાસ્ત્રકોત વિધિસાથે યજ્ઞ થયો હતો યજ્ઞની સાથે વિવિધ સંસ્કારો પણ કરવામાં આવ્યા હતા આ પ્રસંગે શાંતિકુંજ હરિદ્વાર થી વિશેષ પ્રતિનિધિ તરીકે આવેલ કીર્તન ભાઈ દેસાઈ. પ્રતાપજી શાસ્ત્રી. લાલ બહાદુર તથા દિનેશજી એ સંગીતની સાથે યજ્ઞની વિધિ સંપન્ન કરાવી હતી ત્યારે આ કાર્યક્રમમાં સમગ્ર જિલ્લામાંથી પરીજન ભાઈ-બહેનોએ હાજરી આપી હતી કાર્યક્રમને સફળ બનાવવા ગાયત્રી પરિવાર માલગઢ ના યુવાનો વડીલો ખૂબ સારી જહેમત ઉઠાવીને

ડીસાથી સરીપડા પગપાળા સંઘનું પ્રસ્થાન

વિનોદ બાંડીવાલા

ડીસા

ડીસાના મોદી સમાજ દ્વારા ડીસાથી સરીપડા પગપાળા સંઘનું ગતરોજ વૈશાખ સુદ-૭ ને શનિવાર તા. ૨૨/૪/૨૦૧૮ મોટા મહોલ્લામાં આવેલ. શ્રી વીરદાદાના મંદિરેથી વહેલી સવારે સંઘનું પ્રસ્થાન કરવામાં આવેલ. આ પગપાળા સંઘમાં મોદી સમાજના ૩૦૦ જેટલા ભાવિકો જોડાયા હતા. ડીસાથી મોટા ગામે ચા- પાણીની વ્યવસ્થા બંસીલાલ કાનુડાવાળા તરફથી કરવામાં આવી હતી. ત્યાંથી કુંભલમેર, કુંભાસણ સલેમપુર વચ્ચે ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે શ્રી નારસુંગા વિરદાદાના મંદિરે પહોંચશે. ત્યાં ભોજનની વ્યવસ્થા રમેશભાઈ હેરુવાલા તરફથી કરવામાં આવી હતી. તેમજ તમામ ભક્તોએ દાદાના દર્શનનો લાભ લીધો હતો.

ડીસામાં લાયન્સ ક્લબ દ્વારા નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પ યોજાયો

ડીસા

લાયન્સ ક્લબ ઓફ ડીસા અને સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ ના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં સિમ્સ હોસ્પિટલ ના ૧૧ જેટલા અલગ અલગ વિષયોના નિષ્ણાત તબીબો હાજર રહ્યા હતા. અને હૃદય ને લાગતા રોગ, હાડકાના રોગ, ફેફસા, કેન્સર, કોઈ ગંભીર બીમારી, પેટ અને મૂત્રાશય ના રોગ સહિત ના દર્દીઓ ના ચેક અપ કરી યોગ્ય સલાહ આપવામાં આવી હતી. સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા સુધીમાં અસંખ્ય દર્દીઓની તપાસ કતી તેમના રોગનું નિદાન કરાયું હતું...આ પ્રસંગે લાયન્સ ક્લબ ના પ્રમુખ, મંત્રી , સભ્યો અને સિમ્સ હોસ્પિટલ ના જાણીતા તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

કિંગ્સ ઈલેવન-ડેરડેવિલ્સ વચ્ચે આજે રોમાંચક મેચ

નવીદિલ્હી

હાઇ પ્રોફાઇલ ઇન્ડિયન પ્રિમિયર લીગ-૧૧માં આવતીકાલે સોમવારના દિવસે અતિ રોમાંચક મેચ રમાનાર છે. કિંગ્સ ઇલેવન પંજાબ આઈપીએલની પોતાની હટ્ટી મેચ રમવા મેદાનમાં ઉતરશે. પાંચ મેચો પૈકી તેની ચારમાં જીત થઇ છે અને તે પોઇન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન ઉપર છે. જીતના સિલસિલાને જાળવવા કિંગ્સ ઇલેવન સંપૂર્ણપણે સજ્જ છે. આ મેચ દિલ્હીના મેદાન ખાતે રમાનાર છે. જેનુ પ્રસારણ ચાંજે આઠ વાગ્યાથી કરવામાં આવનાર છે. બન્ને ટીમોમાં અનેક સ્ટાર ખેલાડી હોવાથી આ મેચમાં ચાહકોને મજા પડી જશે.

વડગામ ભોજક પરિવાર દ્વારા નવચંડીયજ્ઞ યોજાયો

પુષ્કર ગોસ્વામી

પ્રતિ. વડગામ

ગત તારીખ ૨૦/૪/૨૦૧૮ શુક્રવારે સમસ્ત ભોજક પરિવાર વડગામ દ્વારા ૨૪ મા નવચંડી યજ્ઞનું આયોજન કરાયું હતું, નવચંડી યજ્ઞના અને ભોજનના મુખ્ય યજમાન સ્વ. આદિતીબેન વિઠ્ઠલદાસ ફતેચંદ પરિવાર દ્વારા નવચંડી યજ્ઞ વિધી સંપન્ન કરાઈ હતી. આ પ્રસંગે અગ્રણી ઉદ્યોગપતિ ગીરીશભાઈ બી.ભોજક (વડોદરા) સહિત સમાજના તમામ વડીલો-આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં, ૨૪ મા નવચંડી યજ્ઞ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રમુખ પ્રવિણચંદ્ર કે. ભોજક તથા સમસ્ત ભોજક પરિવારવડગામે કર્યું હતું.

કાંકરેજ ધારાસભ્યનો સાકરતુલા કાર્યક્રમ યોજાયો

પ્રતિ. થરા

કાંકરેજ તાલુકામાં ધારાસભ્ય તરીકે કીર્તીસિંહ વાઘેલા ચુંટાઈ આવતાં તેમનો સાકરતુલા કરવાનો કાર્યક્રમ થરા સદુજીવાસમાં નગર પાલિકા કોપોરેટર ખાનુભા વાઘેલા પરિવાર દ્વારા માતાજીની માનતા પૂર્ણ કરવા સાકરતુલા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સાફો પહેરાવી ફુલહાર કરી સાકરતુલા કરવામાં આવી હતી. આ અંગે માર્કટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ થરા શહેરના પૂર્વ પ્રમુખો પૃથ્વીરાજસિંહ વાઘેલા, કનુભાઈ ઠક્કર મહામંત્રી કિશોર પ્રજાપતિ ફકુભાઈ સાંચોરા ખાનુભા વાઘેલા અનુભા વાઘેલા તેજાજી ઠાકોર, ઉમેશભાઈ પ્રજાપતિ ભૂપતજી પરમાર નીરંજનભાઈ ઠક્કર, રાઘવેન્દ્રભાઈ રાજેન્દ્રસિંહ ભાથીભા ધર્મેન્દ્રસિંહ વાઘેલા વગેરે હાજર રહ્યા હતા.

'વિયોગની પીડા પ્રેમ સંબંધને વધુ ગાઢ બનાવે છે'

મનદર્પણ

-મંજુ પ્રજાપતિ

કોઈએ કહ્યું છે કે..

હૈયામાં ભરી હતી પ્રીતની આગ

હોઠ પર થનગનતો વિયોગ રાગ,

દિલમાં હજારો ફુલ ખીલ્યાં..

પણ શું કરૂં માળી વગરનો બાગ ??

પંકિત વાંચતાં જ કોઈ પ્રેમ દિવાનો યાદ આવી જાય. વિયોગ સ્વતંત્ર શબ્દ નથી પણ મિલન સાથે જોડાયેલ શબ્દ છે. જ્યાં મિલનની સોહામણી મધુર પળો દુર છે ત્યાં વિયોગ છે. વિયોગની પીડા અસહ્ય હોય છે જેનું વર્ણન નથી કરી શકાતું પરંતુ જ્યાં પ્રેમ છે ત્યાં વિયોગ છે અને વિયોગ હોય ત્યાં પીડા હોય, પ્રેમ પામવાની અપેક્ષા રાખનારે પ્રથમ વિયોગ સહન કરવાની તૈયારી પણ રાખવી પડે.

જેમ એક સિક્કાની બે અલગ અલગ બાજુ હોય તેમ પ્રેમની પણ બીજી બાજુ વિયોગથી બનેલી છે. મીલનની ઘડીઓ ગમે તેટલી લાંબી હોય તે ઝડપથી પસાર થાય છે પણ વિરહ વિયોગનો સમય ખુબ લાંબો લાગે છે. એક એક ક્ષણ એક એક યુગ જેવી બની જાય છે પરંતુ સાચા અર્થમાં જોઈએ તો વિયોગના સમયે પ્રેમની સાચી પરીક્ષા થાય છે. કારણ કે વ્યક્તિ પોતાના પ્રિયપાત્રથી વિખુટી પડે ત્યારે વિહવળ બની જાય છે. દુઃખી થઈ જાય છે પોતાનું જીવન એને વ્યર્થ અને નિરસ લાગે છે. પણ જયારે મીલન થાય છે ત્યારે તોફાન શમી ગયા પછી જે નિરવ શાંતિ ફેલાઈ જાય તેમ પ્રેમીના હૃદય શાંત થઈ જાય છે અને એ મધુર પળોમાં આ બધી જ વેદના ભુલાઈ જાય છે. નથી ભુતકાળને વાગોળતો કે નથી ભવિષ્યની કલ્પનાઓ થતી. બસ વર્તમાન સમયમાં જ ઓતપ્રોત થઈ જાય છે.

દરેકના જીવનમાં વિયોગ વિરહનો સમય આવે જરૂર છે. ભગવાન રામે પણ સીતાજીનો ઘણા વરસો સુધી વિયોગ સહન કર્યો હતો. અને વિયોગની પીડાનું પરિણામ રામ રાવણનું યુધ્ધ હતું. ભગવાન કૃષ્ણના વિયોગમાં તો આખું ગોકુળીયું ગામ ઘેલું બની ગયું હતું એ આપણાથી કયાં અજાણ છે ? પણ એ વિયોગને કારણે જ ભગવાન કૃષ્ણ સાથે એમનું સાચું અંતરનું તાદાત્મ્ય સધાયું. તેમને સાચા અર્થમાં ભગવાન કૃષ્ણજી પ્રાપ્ત થયા.

વિયોગ ક્ષણિક પણ હોય છે અને ટુંકાગાળાનો પણ હોય છે. આજ વિયોગ ઘણા વરસો સુધીનો લાંબા સમયનો અત્યંત કષ્ટદાયક હોય છે પરંતુ વિયોગના સ્વરૂપમાં કોઈ ફેરફાર હોતો નથી. વિયોગ બે પ્રેમીઓ વચ્ચે હોય, મા બાપ અનેદિકરી વચ્ચે હોય કે ભકત અને ભગવાન વચ્ચે જ હોય એની પીડાને સરખી જ થાય છે.

વિયોગમાં વ્યક્તિ માનસિક સંતુલન ગુમાવી બેસે છે. બસ આખો સંસાર એને પ્રિય સાથી વિના સુનો લાગે છે. એની દ્રષ્ટી જ સમયના ચક્ર પર સ્થિર થયેલી રહે છે. પોતાના સાથી સાથે વિતાવેલી મધુર પળોને વાગોળતા વાગોળતા તેનું હૃદય આક્રંદ કરી ઉઠે છે. આંખો આંસુથી છલકાઈ જાય છે. શરીરમાં એક એવા પ્રકારની પીડા થાય છે કે જેનું વર્ણન કરી શકાતું નથી. કોઈએ સાચું જ કહ્યું છે કે..

વ્યથાની આગના સીમાડા નથી હોતા

આંસુ પકવવાના નિભાડા નથી હોતા

એથી આ જગત જાણી શકયું નથી કે જ્યારે

દિલ બળે છે ત્યારે એના ધુમાડા નથી હોતા..

વ્યક્તિ જીવતે જીવ પ્રેમનીઆગમાં બળતી હોય છે, વિચારે હવે મળીશ તો કોઈદિવસ એનાથી દુર નહીં થાઉં..પોતાના પ્રિય સાથીની સાચી કિંમત એને સમજાય છે અહેસાસ થાય છે કે પોતાના પ્રિય પાત્ર વિના અધુરો છે. સતત માનવોની ભીડમાં તે અંતરથી એકલો સાવ એકલો પરાયો થઈ જાય છે.એને કયાંય ચેન નથી પડતું પરંતુ..

વિયોગ પછી જે મિલન થાય છે ને મિલનને જોઈને કદાચ ઈશ્વર પણ ખુશ થઈ જતા હશે. એકબીજા માટે બધું જ કરી છુટવા તૈયાર હોય છે. કારણ કે વિયોગ વેઠયા પછીનું મીલન કેટલું મોંઘું છે તેની કિંમત એમને સમજાય છે. પાનખર જેવી જીંદગીમાં બહાર છવાઈ જાય છે. મજધારે હાલક ડોલક થતી નાવને કીનારો મળી જાય છે, જેમ કંસારો વાસણને ટીપી ટીપીને સરસ આકાર આપી વાસણ ઘડે છે તેમ 'વિયોગનો અગ્નિ માણસને પળ પળ તડપાવીને, બાળીને પ્રેમ સંબંધને દિપાવે છે, મહેંકાવે છે, ચમકાવે છે. વધુ ગાઢ બનાવે છે.. કોઈ શાયરે કહ્યું છે..

તમારી યાદમાં તડપતા વીતે છે રાત

દર્દ કેટલી તમન્ના પછી થાય મુલાકાત

હજુ દિલ ભરીને જોઈ શકતો નથી

કઈ રીતે કહું ત્યાં તમને દિલની વાત..!!

થરા ઓગડ વિદ્યામંદિર ખાતે પહેલી મે ના રોજ વાર્ષિકોત્સવ યોજાશે

તાલુકા પ્રતિ થરા

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ- થરા સંચાલિત શ્રી ઓગડ વિદ્યામંદિર ખાતે ગુજરાતના સ્થાપના દિન પહેલી મે - ૨૦૧૮ ના રોજ પૂર્વ સાંસદ પાટણ જગદીશભાઈ ઠાકોરના અધ્યક્ષ સ્થાને રાત્રે ૮-૦૦ વાગે વાર્ષિકોત્સવ યોજાશે. જેનું ઉદ્દ્ઘાટન આ કેમ્પસમાં શરૂ થયેલ. મધુશિવ પ્રાથમિક શાળાના દાતા હસમુખલાલ શિવલાલ મહેતા તથા રોહિત-કુમાર શિવલાલ મહેતા દિપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાવશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ પદે ધારાસભ્ય ચંદનજી તલાજી ઠાકોર (સિધ્ધપુર), કિર્તિસિંહ પ્રભાતસિંહ વાઘેલા (કાંકરેજ), ગેનીબેન ઠાકોર (વાવ) કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ વરધીજી વી.મકવાણા, થરા પાલિકા પ્રમુખ વિનોદજી આર. ઠાકોર, જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદભાઈ એલ. રાવલ, કે.કે. આર્ટસ કોલેજ થરાના દાતા પૂર્વ પ્રમુખ કે મંડળ- થરા પાલિકા કિર્તિલાલ રતિલાલ શાહ, ઈન્ચાર્જ ચીફ ઓફિસર કલ્પેશભાઈ પી. ભટ્ટ રહેશે. કાંકરેજ તાલુકા કેળવણી મંડળના ઉત્સાહી પ્રમુખ ધીરજકુમાર કિર્તિલાલ શાહે જણાવ્યું હતું કે દાનની સરવાણીના વીર ભામાશારૂપ દાતાઓના દાન થકી આ મંડળ સંચાલિત સંસ્થાઓનું નવિનીકરણ-રીનોવેશનનું કાર્ય બહુ સારી રીતે થયું છે. વિદ્યાર્થીઓને ઘર આંગણે ઓછી ફી- ખર્ચથી વધુ સારું ગુણવત્તા સભર શિક્ષણ મળે તેવા પ્રયત્નો છે.

કન્યા કેળવણીની દિવ્ય જ્યોત પ્રગટે. પ્રાથમિક પાયાનું શિક્ષણ મજબુત બને તે માટે મધુશિવ પ્રાથમિક શાળા (સરકાર માન્ય) જુન -૨૦૧૮ થી શરૂ કરી રહ્યા છીએ. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ ચાલુ કર્યો છે. આ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ પોતાની કલાના કામણ પાથરશે. પ્રાથમિકથી માંડીને કોલેજ સુધીનું શિક્ષણ આ તાલુકાની યુવા પેઢીને ઓછા ખર્ચે મળે તેવા પ્રયત્નો કરીએ છીએ.

થરામાં છેલ્લા ત્રણ વર્ષથી સર્વિસ રોડની ગટરોની સફાઈમાં બેદરકારીથી રોગચાળાની ભીતિ

ઠંડા પીણા - નાસ્તા હાઉસો- હોટલો ચાની લારીને કરીયાણા- શાકભાજીવાળાનો એઠવાડ - ગંદો કચરો ત્રણ ફુટ ઊંડી ગટરોમાં ઠલવાઈ રહ્યો છે

(યશપાલસિંહ વાઘેલા)

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના સામાજીક- શૈક્ષણિક રીતે પછાત- દિલ્હી- કંડલા નેશનલ હાઈ-વે નં.૨૭ પર બે ટોલનાકાની લૂંટણખોરીમાં નજર કેદ બની રહેલા કાંકરેજ તાલુકામાં ભાજપ- કોંગ્રેસની નેતાગીરી સમારંભો - રેલીઓ- જાહેર સભામાં મસ્ત બની મહાલે છે. પણ જાહેર પ્રજા વિસ્તારલક્ષી કાર્યો કરવામાં વામણી સાબિત થઈ છે. તેની અધિકારીઓ- કર્મચારીઓ પણ હપ્તાખોરીને કામચોરીમાં મસ્ત બની ગયા છે. જેના કારણે પ્રજાને શૌચાલય- તળાવો- રહેણાંકના મકાનો- રોડ રસ્તા પીવાના શુદ્ધ પાણી એસ.ટી.બસની સુવિધા માટે બૂમરાડ કરવી પડે છે. પણ આ બહેરા કાને સંભળાતી નથી. કાંકરેજ તાલુકાના વેપારી મથક પાલિકાનો દરજ્જો ધરાવતા થરા નગરમાં ભાજપ- કોંગ્રેસ બંને પક્ષના આગેવાનો- કાર્યકરો વિકાસ સિવાયની બીજી બાબતમાં સક્રિય છે. ત્યારે થરા નગર દબાણો- ગંદકી- ટ્રાફિકની નાગચૂડમાં ફસાઈને પ્રજા અશુદ્ધ પીવાનું પાણી પી રહી છે. આ બધા વચ્ચે થરા પાલિકા વિસ્તારમાં નેશનલ હાઈ-વે ઓથોરીટી દ્વારા એકથી એકવીસ ફુટ ઉંચો નગરની વચ્ચોવચ ઓવરબ્રીજ ત્રણ ગરનાળાને બે સર્વિસ રોડ ફુટપાથ- ત્રણ ફુટ ઊંડી એક કિ.મી. લાંબી ગટરથી બનાવવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ વર્ષથી સર્વિસ સ્ટેશનો- ચાની લારી- શાકભાજી- કરીયાણાવાળાનો એઠવાડ- ગંદો કચરો આ ગટરમાં સતત પડતાં અત્યારે આ ગટર એક કિમી લાંબી ત્રણ ફુટ ઊંડી ભરાઈ ગઈ છે ને જેનું ગંદુ પાણી કચરો સર્વિસ રોડ પર

આરોગ્ય તંત્રની ટીમને આ ગંદકી - દુર્ગંધ - માખી - મચ્છરના ઉદ્‌ભવસ્થાન કેમ દેખાતાં નથી : શું હપ્તાખોરીમાં મશગુલ છે આરોગ્ય ટીમ...?

અનુસંધાન પાના નં.૬

ગંગાધામ વાંસડા ગામમાં

શ્રી ક્ષેમકરી માતાજી અને હરિ પરમ પુરુષ શ્રી દ્વારિકાનાથનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

(પ્રતિ.) દાંતીવાડા

દાંતીવાડા તાલુકામાં આવેલ પાંથાવાડા અને રાજસ્થાનની બોર્ડર પર આવેલ ગંગાધામ વાંસડા ગામમાં શ્રી ક્ષેમકરી માતાજી અને હરિ પરમ પુરુષ શ્રી દ્વારિકાનાથની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો આ પ્રાણ પ્રતિષ્ઠા ૩ દિવસ ચાલશે. તારીખ ૨૧/૦૪/૧૮ થી શરૂ થયેલ અને તારીખ ૨૩/૦૪/૧૮ સુધી ચાલશે.

આ મહોત્સવમાં જળયાત્રા, ભજનસંધ્યા અને પ્રાણ પ્રતિષ્ઠાનું આયોજન કરેલ જેમાં અંદાજિત ૨ લાખ જેટલા દર્શનાર્થીઓ દર્શનનો લ્હાવો લેશે તેમજ ત્રણે દિવસ દર્શનાર્થીઓ માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરેલ છે તેમજ મંદિર ના પૂજારી શ્રી પરમ પૂજ્ય સંતશ્રી વિજયયોગીજી મહારાજે જણાવેલ કે અમારા ગામમાં સૌ શાંતિથી અને હળી મળી રહે છે અને આ સમગ્ર આયોજન પણ અમારા સમગ્ર ગ્રામલોકો દ્વારા કરેલ છે તેમજ ગામના યુવાનો અરવિંદભાઈ પુરોહિત, કમલેશભાઈ પુરોહિત, પરેશ ભાઈ પુરોહિત, સતિષ ભાઈ પુરોહિત અને હશમુખભાઈ પુરોહિત દ્વારા આવનારા દર્શનાર્થીઓને સમગ્ર માહિતી પુરી પાડતા અને દર્શનાર્થીઓની સેવામાં ઉભા પગે જોવા મળેલ અને આ પ્રાણ પ્રતિષ્ઠામાં લોક મહેરામણ ઉમટી પડેલ.

આંજણા ચૌધરી સમાજમાં વ્યસન મુક્ત સમાજ બનાવવા માટે યુવાનોનો પરીશ્રમ

થરાદરી ચૌધરી સમાજમાં તમામ રાવણાઓમાં વ્યસન મુક્ત બનાવાયા

(તા.પ્રતિ.) ધાનેરા

બનાસકાંઠા જીલ્લા ચૌધરી યુવા મંડળ દ્વારા સમાજમાં વ્યસન મુક્ત સમાજ બને તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. થરાદરી આંજણા ચૌધરી સમાજ માં પહેલ કરવામાં આવી છે. થરાદ તથા ધાનેરા તાલુકાના કેટલાય ગામો માં યુવાનો પહાંચી વડીલો નેર વિનંતી કરી ને પ્રસંગોમાં વપરાતા અફિણ, બીડી, સીગારેટ તેમજ અન્ય વ્યસન વાળા પદાર્થો ન વાપરવા માટે ઝુબેશ ચલાવી રહ્યા છે

બનાસકાંઠા જીલ્લો રાજસ્થાન ની સરહદ ઉપર આવેલ હોવાથી રાજસ્થાનના રીત રીવાજ તેમજ વ્યસન પણ વણાયેલ છે. જેમાં પણ ધાનેરા અને થરાદ તાલુકા ના ચૌધરી સમાજમાં સમાજીક પ્રસંગોમાં વ્યસન ની બદી વધારે છે અને તેના કારણે સમાજને ભારે આર્થિક નુકસાન વેઠવુ પડે છે. જેને લઈને બનાસકાંઠા જીલ્લા ચૌધરી યુવા મંડળ દ્વારા આવ્યસનો સમાજ માંથી તિલાંજલી આપવા માટે નિર્ધાર કરીને તેની સરુઆત થરાદ તાલુકામાંથી કરવામાં આવી છે. તેમાં પણ થરાદરી ચૌધરી સમાજ ના ગોળમાં સરુઆત કરતા ૧૫૦ જેટલા સામાજીક રાવણાઓ માં આ યુવાનો પહાંચતા હોય છે અને સમાજના આગેવાનો ને સમજાવીને રાવણા ઓમાં વપરાતા બીડી, સિગારેટ, અફિણ જેવા વ્યસનો બંધ કરવા માટે નક્કી કરતાં ૧૪૫ જેટલા રાવણાઓમાં વ્યસન બંધ કરાવ્યા હતા. જેથી સમાજમાં હવે અન્ય જગ્યાઓએ થતાં રાવણા ઓમાં પણ લોકો સ્વેચ્છાએ બંધ કરી રહ્યા છે. આ અંગે ધનજીભાઇ ચૌધરીએ જણાવેલ કે એક તરફ મંદિનો માહોલ છે અને અહી લોકો ખેતીવાડી અને પસુપાલન ના વ્યવસાય ઉપત નિર્ભર છે. અને દિવસે દિવસે લોકોની આવકમાં ઘટાડો થાય છે જ્યારે બીજી તરફ માંઘવારી વધી રહી છે. જેથી તેને પહાંચી વળવા માટે આ સમાજ વ્યસન મુક્ત સમાજ બને તે જરુરી છે.

ગુરૂરામપાવન ભૂમિમાં તા.૨૩ એપ્રિલથી દીક્ષા મહોત્સવ : છ મુમુક્ષુ દીક્ષા લેશે

આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી ૪૦૦મી દીક્ષા આપી વીરવિક્રમી દીક્ષાદાતા બનશે

સુરત

દીક્ષા દાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા, આચાર્ય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા સુરત આવ્યા. તેઓની નિશ્રામાં શ્રી ઉમરા જૈન સંઘ ખાતે ૧૯ મી એપ્રિલના રોજ ભવ્યને દીક્ષા અપાઈ ત્યારે કુલ ૩૯૪ મી દીક્ષા સંપન્ન થઈ. તા.૨૫ એપ્રિલના રોજ સુરત ખાતે તેઓની નિશ્રામાં એક સાથે છ દીક્ષા અપાશે ત્યારે રેકોર્ડ સર્જાશે અને ૪૦૦ દીક્ષા આપનાર આચાર્ય ભગવંત બનશે. સુરતમાં જે દીક્ષા યોજાશે તેમાં મુનિરાજ ભવ્યરત્નવિજયજી મ.સા. કે જેમની દીક્ષાએ વિશ્વભરમાં ડંકો વગાડ્યો હતો, તેઓની નિશ્રા પણ રહેશે. આ અંગે આચાર્ય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.એ જણાવ્યું કે આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.નુ વિશેષણ જ દીક્ષા દાનેશ્વરી છે. વર્તમાનકાળમાં તેઓ એકમાત્ર જૈનાચાર્ય બની રહેશે, જેમણે પોતાના જીવનકાળ દરમિયાન ૪૦૦ જેટલી દીક્ષા આપી હોય. તેમણે પોતાના જીવનની પ્રથમ દીક્ષા આજથી ૪૩ વર્ષ પૂર્વે પિંડવાડા ખાતે આપી હતી. ૧૦૦ મી દીક્ષા રાણકપૂરમાં આપી હતી. ૧૦૮ મી દીક્ષા ઈડરમાં, ૨૦૦ મી દીક્ષા પાલિતાણામાં, ૩૦૦ મી દીક્ષા સુરતમાં અને તા.૨૫ મી એપ્રિલે સુરતાં એકસાથે છ દીક્ષા આપશે ત્યારે એક અનોખો રેકોર્ડ સર્જાશે અને વર્તમાનકાળમા ૪૦૦ દીક્ષા પૂર્ણ કરનારા પ્રથમ જૈનાચાર્ય બનશે અને વીર વિક્રમી દીક્ષા દાનેશ્વરી કહેવાશે.૪૩ વર્ષમાં દીક્ષાની આ અનોખી સિદ્ધિ તેઓ પોતાના પરમોપકારી સિદ્ધાંત મહોદધિ આચાર્ય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના ચરણે અર્પણ કરશે. એશિયા બુક રેકોર્ડ, ઈંડિયા બુક રેકોર્ડ ગુજરાત બુક રેકોર્ડ ૨૫ મી એપ્રિલ કરશે. આચાર્ય રશ્મિરત્ન સૂરીશ્વરજી મ.સા.એ દીક્ષા

અનુસંધાન પાના નં.૬

દીઓદર ખાતે ભારત વિકાસ પરિષદનો શપથ સમારોહ યોજાયો

(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે ભારત વિકાસ પરિષદ દિયોદર શાખાનો શપથ સમારોહ દિયોદર ખાતે સરસ્વતી વિદ્યામંદિરમાં તા.૨૧-૪-૨૦૧૮ ના રોજ સાંજે દીઓદર નાયબ કલેક્ટર એ.ડી. ચૌહાણના અધ્યક્ષસ્થાને રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત ભારત વિકાસ પરિષદ ઉત્તર પ્રાંતના હોદેદારો દ્વારા ભારત વિકાસ પરિષદનો વિસ્તુત પરિચય આપેલ અને તેનો ધ્યેય અને ઉદેશ દર્શાવેલ. ભારત વિકાસ પરિષદ શાખા દીઓદર દ્વારા આર્થિક સહયોગ આપનાર દાતાઓનો હૃદય પૂર્વક આભાર માનેલ.ઉપસ્થિત મહેમાનો દ્વારા ભા.વિ.પ.શાખાને વધુમાં વધુ સેવાકીય પ્રવૃતિઓ કરવા માટે શુભેચ્છાઓ પાઠવેલ. દિપકભાઈ સેવકે ભા.વિ.પ. શાખા દિયોદરની સેવાકીય પ્રવૃતિઓને વર્ણવેલ.ત્યારબાદ ઉત્તર પ્રાંત ભારત વિકાસ પરિષદ વિભાગીય મંત્રી કલ્પેશભાઈ ઠક્કર દ્વારા નવીન હોદેદારોની શપથ વિધી કરાવેલ.

જેમાં પ્રમુખ પદે મનગભાઈ પ્રજાપતિ, મંત્રી પદે શીતલભાઈ ત્રિવેદી, ખજાનચી તરીકે શૈલેષકુમાર કાન્તીલાલ (સી.કે.)શાહની વરણી કરી દાયિત્વ ગ્રહણ કરાવવામાં આવેલ. આ પ્રસંગે દીઓદર મામલતદાર પી.એસ.પંચાલ, ભારત વિકાસ પરિષદ ઉત્તર પ્રાંત પ્રમુખ અરવિંદભાઈ તુવર, ઉપપ્રમુખ ભરતભાઈ અખાણી, માલજીભાઈ દેસાઈ(ઉપપ્રમુખ બનાસકાંઠા જિલ્લા પંચાયત), ડો.હસુભાઈ પટેલ જિલ્લા પંચાયત સદસ્ય, દિયોદર તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા, ભવાનજી ઠાકોર, વિનોદભાઈ ગોકલાણી, દર્શનભાઈ ઠક્કર, શૈલેષભાઈ ઠક્કર, હેમંતભાઈ ત્રિવેદી, અમરતભાઈ ભાટી, મુકેશજી ઠાકોર, જાંમાભાઈ પટેલ, નરેશભાઈ ઠક્કર, અંબારામભાઈ જોષી, કિશોરભાઈ પરમાર સહીત ઉપસ્થિત રહેલ.

વડગામના વરવાડીયા ગ્રામ સચિવાલયનું વિકસતું ફલક

પુષ્કર ગોસ્વામી

પ્રતિ. વડગામ

વડગામના વરવાડીયા- ઈસ્લામપુરા ગૃપ ગ્રામ સચિવાલય યુવા સરપંચ નાથુજી અમરાજી ચૌહાણ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં અંદાજે રૂા.૫૦ લાખના વિકાસ કામ હાથ ધરી વિકાસ કામોના શ્રી ગણેશ કર્યા છે. પીવાનું પાણી સ્વચ્છતા સ્ટ્રીટલાઈટ સહિત પ્રાથમિક સગવડોને અગ્રતા આપી જુદી-જુદી સરકારી સ્કીમોમાંથી ગ્રાન્ટઅન્ય અનુદાન સહાય એકત્ર કરી એક વર્ષમાં વરવાડીયા પંચાયત વિસ્તારનો નોંધપાત્ર વિકાસ કરી સમગ્ર જિલ્લામાં વિકાસમાં અગ્રેસર પંચાયત તરીકે ખ્યાતિ પામ્યા છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંર્તગત ગામમાં પાકોડામર રોડ તૈયાર કર્યો છે ઉપરાંત પ્રોટકશનવોલ, શાળાના ઓરડા, પેવર બ્લોક વહીવટી તંત્રએ યુવા સરપંચ નાથુજીના ઉત્સાહમાં વધારો કરી પ્રાથમિક સગવડોનો ત્વરીત નિકાલ કરવા તાકીદ કરી છે.

ચોર્યાસી તાલુકાના વકતાણા ગામે રૂા.૨.૨૧ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરતા મંત્રીશ્રી

સૂરત

સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે આજરોજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂા.૧૨૫ લાખના ખર્ચે ચોર્યાસી તાલુકાના વાંઝ-વકતાણા રોડને પહોળો તથા મજબુતીકરણ કામ તેમજ રૂા.૯૬ લાખના ખર્ચે મોહણીથી નિયોલ રોડને ડામર કરવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વકતાણા ગામે યોજાયેલા સમારોહને સંબોધન કરતા મંત્રી પરમારે જણાવ્યું હતું કે, વિકાસને વરેલી રાજય સરકાર દ્વારા એક ગામથી બીજા ગામને જોડતા મહત્તમ રસ્તાઓના કામો કરવામાં આવી રહ્યા છે. વિકાસકીય કામો વધુ ને વધુ તેજ ગતિથી થાય તેવા પ્રયાસો કરવામાં આવશે તેમ જણાવીને થનાર રસ્તો ગુણવત્તાયુકત બને અને લાબા સમય સુધી ટકી રહે તેવી કાળજી લેવા અધિકારીઓને સૂચના આપી હતી.

આ પ્રસંગે ચોર્યાસીના ધારાસભ્ય શ્રીમતિ ઝંખનાબેન પટેલે જણાવ્યું હતું કે, ચોર્યાસી તાલુકામાં તમામ રસ્તાના કામો પૂર્ણ થઈ ચૂકયા છે. હવે જે રસ્તાઓ છે તેને સમયની માંગ અનુસાર વધુ પહોળા કરવા માટેના પ્રયાસો કરવામાં આવશે તેમ ઉમેર્યું હતું.

સુરત જિલ્લા સંગઠનના મહામંત્રી સંદિપ દેસાઈ વિકાસકીય કામોની રૂપરેખા આપતા જણાવ્યું કે, વકતાણા ગામે અઢી વર્ષમાં ૩૯ લાખ, મોહિણીમાં ૩૧ લાખ અને વાંઝ ગામમાં ૫૦ લાખના કામો મંજુર થયા છે. સૌને ઘરનું ઘર મળી રહે તે માટે વકતાણા ગામે હળપતિ આવાસના ૭૦ ઘરના કામો પ્રગતી હેઠળ તથા ૪૦ મકાનોને મંજુરી આપવામાં આવી છે. જયારે વાંઝમાં હળપતિવાસના

અનુસંધાન પાના નં.૬

બી.કે. મીડિયા ગ્રુપનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

પાલનપુર

લોકતંત્રનો ચોથો સ્તંભ એટલે પત્રકારીતા. પત્રકારભાઈઓ પોતાના જીવના જોખમે જનતાની સમસ્યાઓ માટે પોતાની કલમ ઉપાડી તંત્રને જાગતું કરવાનો નિરંતર પ્રયાસ કરતા હોય છે. હરહંમેશ પ્રજાના પ્રાણ પ્રશ્નોના નિરાકરણ માટે સમાચાર પત્રમાં ટીવી ચેનલોમાં સમાચાર પ્રસારિત કરી તંત્રના બેહરા કાન સુધી અવાજ પોહચાડી પોતાની ફરજ નિભાવે છે.

ત્યારે બનાસકાંઠામાં પણ આવાજ જાબાઝ પત્રકારો વર્ષોથી પ્રજાના પડખે રહી ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક નીડરતાથી પોતાની કલામના જોરે પ્રજાની સમસ્યાઓ ને ઉજાગર કરવાનો અથાગ પ્રયત્નરૂપ બની રહયા છે

બનાસકાંઠાના આવા જાબાઝ પત્રકારોએ એકતા ભાઈચારાની મિશાલ કાયમ કરી આવનારા સમયમાં પ્રજાના પ્રશ્નો અને તંત્રના ભ્રષ્ટાચાર

અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં બીમાર પશુઓ માટે એમ્બ્યુલન્સની ભેટ

(સંજય જોષી)

મહેશ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા પશુ સારવાર એમ્બ્યુલન્સનો પ્રારંભ

પાલનપુર

ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ મહેશ્વરી સમાજ સંચાલિત મહેશ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા શહેરમાં બિમાર પશુઓને સમયસર સારવાર મળી રહે તે માટે એમ્બ્યુલસ વાન ભેટમાં આપવામાં આવી હતી.જેમાં મહેશ્વરી સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પાલનપુર શહેર નજીકના ગામમાં ગાય બિમાર પડે કે અકસ્માતનો ભોગ બને તો સમયસર સારવાર મળી રહે તે માટે ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા સારવાર આપવામાં આવે છે.અને પશુઓના જીવ બચાવવામાં આવે આ સેવા કીય કાર્યને જોઇ ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ મહેશ્વરી

અનુસંધાન પાના નં.૬

વડગામ તાલુકાના મુખ્યમાર્ગ તૈયાર કરવા જિ.પં.ડેલિગેટની રજુઆત

પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના ૧૧૦ ગામો પૈકી અંતરિયાળ વિસ્તારના રોડોનું સમારકામ કરી મુખ્ય માર્ગો સાથે સાંકળવા જિલ્લા પંચાયત ડેલિગેટ ભિખુભાઈ બિહારીએ સંકલન સમિતિની બેઠકમાં રજુઆત કરતાં મામલતદાર આર.એમ. ચાવડા, તા. વિકાસ અધિકારી એ.એમ. પરમાર દ્વારા જરૂરી તજ-વિજ હાથ ધરવામાં આવી છે. છાપી હાઈવેથી માહી સુધી સીંગલ રોડ ડબલ કરવો, ચાંગાથી બસુ રોડ ડબલ કરવો વગેરે અંગે ભિખુભાઈ બિહારીએ રજુઆત કરી હતી.

બનાસકાંઠા જિલ્લામાં તંત્ર-મંત્રના નામે રૂપિયા ખંખેરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા લોકમાંગ

સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાની જાતને તંત્રના મહાન જાણકાર બતાવી નિર્દોષ અને મજબુર લોકોને પોતાની ચુંગાલમાં ફસાવીને રૂપિયા પડાવી રહ્યા હોવાની રાડ ઉઠવા પામેલ છે.

(પ્રતિ.) ગેળા

"મજબૂરી ને નજર હોતી નથી" એ મુજબ જે લોકો કુદરતી કોઈ રિતે માનસિક અથવા શારીરિક રીતે અશાંત છે એવા લોકોને ટાર્ગેટ બનાવી ને કેટલાક ઈસમો પોતાની જાત ને મહાન ગણાવી ગમે તેવા દુઃખ ને દૂર કરીશ એવું બોલીને મજબુર લોકોને તંત્રના નામે વિધિ કરવાના નામે પૈસા પડાવી રહ્યા છે અને થોડા સમય ની મુદ્દત આપે છે કે તારે દુઃખ દૂર થઈ જશે પણ સનાતન સત્ય છે કે એને કોઈ જ વિધિ કરી નથી અને આવી કોઈ વિધિ સનાતન ધર્મમાં આવતી પણ નથી એટલે દુઃખ દૂર થવાની કે માનસિક શાંતિ પ્રાપ્ત થવાની કોઈ સંભાવના હોતી નથી ત્યારે પોતે છેતરાયા હોવાનો અહેસાસ થાય છે પણ કોઈ ને કહી શકાય તેમ ન હોવાથી ચુપચાપ બની રહે છે અને જેના પરિણામે આવા લેભાગુ તત્વો કે જે તંત્ર ના નામે પૈસા પડાવે છે તેમને મોકળું મેદાન મળી રહે છે અને આવા ઈસમો પુતાના ઘર ભરતા હોય છે વળી ઘણાબધા કિસ્સામાં આવા ઈસમો મજબુર પરિવારમાં એકલતાનો લાભ લઈ ને મહિલાઓ સાથે દુષ્કૃત્ય પણ કરતા હોય છે પણ આબરૂ અને ઈજ્જત ના બીકે આ બધી વાત ઉપર પડદો પાડવામાં આવે છે

આવા તત્વોને કાયદાના પીજરા માં લેવા પોલીસ દ્વારા ગુપ્ત રીતે માહિતી મેળવીને જે લોકો આવા ધંધા કરે છે એમને પોતે ગ્રાહક બની તેના ગોરખધંધા નો પર્દાફાશ કરે તેવી જિલ્લા ની જનતાની માંગ છે નહિતર આવા લોકો બિન્દાસ મજબુર લોકોને લાલચાવીને રૂપિયા પડાવતા રહેશે

પણ એક કહેવત છે કે લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે મરતા નથી......એમ પ્રજાએ પણ જાગૃત બની આવા તત્વોને ઓળખીને જડબાતોડ જવાબ આપવો જોઈએ ભગવાનનું ભજન અને કીર્તન કરવું જોઈએ તેમજ સનાતન ધર્મ પ્રમાણે કામ કરવું જોઈએ જેના કારણે માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે.

જીએસટી-નોટબંધીથી નિકાસ ઉપર માઠી અસર થઇ : રિપોર્ટ

નવીદિલ્હી

ઉદ્યોગ સંગઠન પીએચડી ચેમ્બરનું કહેવું છે કે જીએસટી અને નોટબંધીના પરિણામ સ્વરુપે દેશની નિકાસ ઉપર અસર થઈ છે. સરકાર દ્વારા લેવામાં આવેલા બે કઠોર પગલાના કારણે દેશની નિકાસ હાલમાં ઘટી ગઈ છે. દેશમાં નિકાસ છેલ્લા નાણાંકીય વર્ષમાં ૧૦ ટકાના દરે વધીને ૩૦૨.૮ અબજ ડોલર રહી હતી. જયારે એવો અંદાજ હતો કે, આ આંકડો ૩૨૫ અબજ ડોલર અથવા તો ૨૧૫૧ અબજ રૂપિયા સુધી પહોંચી જશે. આ ગાળા દરમિયાન આયાત ૨૦ ટકાના દરે વધીને ૪૫૯.૬ અબજ ડોલર રહ્યો છે. પીએચડી ચેમ્બરનું કહેવું છે કે, જીએસટીના પરિણામ સ્વરુપે અસર જોવા મળી રહી છે. નોટબંધીના પ્રભાવના લીધે અમેરિકા અને યુરોપિયન યુનિયન જેવા મુખ્ય બજારો સહિત વૈશ્વિક માંગમાં સુધારો થયા બાદ પણ ૨૦૧૭-૧૮માં નિકાસ ઉપર અસર થઈ છે. નિકાસ પ્રભાવિત થઈને અપેક્ષા કરતા ઓછી રહી છે.

પીએચડી ચેમ્બર દ્વારા પોતાના અહેવાલમાં આ

અનુસંધાન પાના નં.૬

તંત્રી સ્થાનેથી ...

ગુરૂને તેના શિષ્યોએ કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.

દેશના અર્થતંત્રને તંદુરસ્ત બનાવવાના પ્રયત્નો થવા જોઈએ

દેશમાં છેલ્લા ઘણા સમયથી રોજબરોજ એક પછી એક કૌભાંડો સામે આવતા જાય છે, કૌભાંડોને પડકારવા માટે સરકાર દ્વારા સખ્તાઈથી પગલા ભરવા જોઈએ તેવું દેશજનોનું માનવું છે. પરંતુ ઉપરથી છેક નીચે સુધીના પ્રત્યેક અધિકારીઓ- કર્મચારીઓ જ કૌભાંડોમાં સામિલ હોય તો પછી ત્યાં કયો કાયદો લાગુ પાડી શકાય.

વર્તમાન સંજોગોમાં મોટાભાગના કૌભાંડો બેંકો સાથે સંકળાયેલા છે, નિરવ મોદી જેવા મહારથીઓ બેન્કોનું કરોડોનું કરી ભાગી છુટ્યા છે અને સરકાર આવા લોકોને પકડી શકતી નથી. જો ખરેખર કાયદેસરની કાર્યવાહી થતી હોય તો સરકારે નિરવ મોદીને જેલહવાલે કરી દીધો હોત. જે લોકોએ બેન્કોમાં કૌભાંડો આચર્યા છે તેઓના કેટલા નાણાં બેન્કોમાં પડ્યા છે તે બાબતનો એક અહેવાલ તૈયાર થવો જોઈએ. જાણે કે કૌભાંડોની જોહુકમથી બેંકોના અધિકારીઓ કામ કરતા હોય તેવો માહોલ હાલ નજરે પડે છે.

આજે સામાન્ય નાગરિકો મહેનત મજૂરી કરીને તેમની બચતના પૈસા બેંકોમાં જમા કરાવે છે, પરંતુ તેઓ જ્યારે બેન્ક કૌભાંડના સમાચારો સાંભળે છે, ત્યારે તેઓનો બેન્ક પરથી વિશ્વાસ ઉઠી જાય છે. તે ફરી બેન્કોમાં પોતાના નાણાં જમા કરવાવા નહિં જાય! ક્યાંક કૌભાંડોના કારણે બેન્કને તાળાં લાગી જશે તો? આવા ભયના કારણે હવે સામાન્ય જનો બેન્કના પગથીયા પણ ચઢશે નહિં.

આજના સમયે કરોડો રૂપિયાના કૌભાંડોના કારણે લોકોનો બેન્કો પરથી વિશ્વાસ ઉઠી જશે અને આની સીધી અસર દેશના અર્થતંત્ર પર પડ્યા સિવાય રહેશે નહિં. બેંકના જવાબદારો જ્યારે બેજવાબદાર બનતા હોય તો બીજાને શું કહેવાનું?

બેન્કોમાંથી ગયેલા આમ નાગરિકોના નાણાં પરત લાવવાની જવાબદારી સરકારની બની રહે છે. જેથી કૌભાંડ આચરનારા લોકોને કાયદાના સકંજામાં લેવા માટે સરકારે હવે નવી વ્યુહરચના ઘડવા સિવાય છૂટકો નથી. કૌભાંડો આચરનારાઓ પાસેથી તમામ નાણાં વસુલવા જોઈએ અને સામાન્ય નાગરિકોના ગયેલા નાણાં તેઓને પરત મળી રહે તે બાબતે પણ એક સર્વોચ્ચ સમિતિની રચના કરવી જોઈએ, કૌભાંડો આચરનારની નાગરિકતા રદ કરવી જોઈએ તેવું લોકોનું માનવું છે.

લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે સરકારની સાથે સાથે બેન્ક સત્તાવાળાઓએ આદર્શ અભિગમ અપનાવવો જોઈએ.

દેશના ખેડુતોને પોતાની પાક. વિમાની રકમ મેળવવી મુશ્કેલ પડે છે. જે લોકો નિયમિત લોન ભરતા આવ્યા છે. તેવા લોકો પણ નવી લોન લેવામાં હાલ ડર અનુભવી રહ્યા છે, નિરવ મોદી સહિત જે લોકો બેન્ક કૌભાંડમાં સામેલ છે. તેવા લોકોનો સરકાર સંપર્ક કરી શકી નથી. વિજય માલ્યા જેવી હસ્તીઓ પણ દેશ છોડીને ગયા પછી કૌભાંડની રકમ પરત મેળવવામાં સરકાર નિષ્ફળ નિવડી છે. આવા મહારથીઓએ દેશના અર્થતંત્રના ચિંથરા ઉડાવી દીધા હોવાનું પણ બહાર આવેલ છે. સરકાર અર્થતંત્રને મજબુત અને તંદુરસ્ત બનાવવાના ભલે લાખ પ્રયત્નો કરે પરંતુ જ્યાં સુધી બેન્ક કૌભાંડ આચરનારાઓ પાસેથી કરોડોની વસુલી કરવામાં નહિં આવે ત્યાં સુધી અર્થતંત્રમાં સુધારો લાવવો શક્ય નથી. ત્યારે હવે સરકારે જ મજબુત બનવાની જરૂર છે. આમાં પક્ષાપક્ષીનું રાજકારણ હોવું જોઈએ નહિં..

પીઆરએસઆઈ અમદાવાદ ચેપ્ટર "ભારતીય લોકશાહી: મંત્ર ફોર ઈફેકટીવ ઈલેક્શન"ની થીમ પર ૩૩માં નેશનલ પીઆર ડેની ઉજવણી કરે છે

ફોટો : શાંતી શાહ

અમદાવાદ

ઈન્ડિયન ડેમોક્રેસીની - અસરકારક ચૂંટણીઓ માટે મંત્રની થીમ પર, પીઆરએસઆઈ, અમદાવાદ ચેપટરે આજે પબ્લિક અવેરનેસ કેમપેઈનનું આયોજન કર્યું અને લોકશાહીના ખ્યાલને મજબૂત કરવા અને ઈવીએમ ટેક્નોલોજી દ્વારા મતદાન અધિકારોને ઉપયોગ કરવાના ટેકાને પગલે મજબૂત વિચારો ઉભા કર્યા."દર વર્ષે પબ્લિક રિલેશન્સ સોસાયટી ઓફ ઈન્ડિયા, ૨૧મી એપ્રિલના દિવસને નેશનલ પીઆર ડે તરીકે ઉજવણી કરે છે અને કેટલાક મજબૂત સામાજિક અને રાષ્ટ્રીય વિષયો પાર પબ્લિક અવેરનેસના કાર્યક્રમોનું આયોજન કરે છે. કેટલીક અર્થપૂણ પ્રવૃત્તિઓ અને મજબૂત પ્લેટફોર્મ મારફતે પબ્લિક રિલેશન્સ સોસાયટીના તમામ ૨૫ ચેપટર સંયુક્તપણે પોતાનો અવાજ ઉઠાવે છે. હું ખુશ છું કે આ વર્ષે પીઆરએસઆઈ - અમદાવાદ ચેપટરે કેટલીક રસપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે અને મને ખાતરી છે કે અમે લોકોને ૨૦૧૯ ની ચૂંટણી સુધી જાગૃત કરીશું અને અમારા કોમ્યુનિકેશન પ્લેટફોર્મ્સ દ્વારા મતદાન વ્યવસ્થા પર મજબૂત અસર કરી શકાશે.". "આ વર્ષે પીઆરએસઆઈ અમદાવાદ ચેપટરે સમાજને કેટલાક મજબૂત સંદેશાઓ પુરા પાડવા માટેની પ્રવૃત્તિઓ સક્રિય કરી છે. મતદાન આપણો મૂળભૂત અધિકાર છે અને અમે આપણે આપણાં રાષ્ટ્રને વધુ સારું અને મજબૂત બનાવવા માટે મતદાન કરીશું, અને અમે એ પણ માનીયે છીએ કે આપણા જીવનમાં ટેક્નોલોજી એક અભિન્ન ભાગ બની છે. અમે ઈવીએમ અને વીવીપીએટી ટેકનોલોજીઓના ખ્યાલને ટેકો આપીએ છીએ, તો એવા લોકોને વોટ કરીયે કે જેઓ પક્ષો માટે નહિ પણ સમાજ માટે યોગદાન આપે છે. પીઆરએસઆઈ અમદાવાદ ચેપટરના સભ્યો ગાંધીનગર ખાતે મુખ્ય ચૂંટણી કાર્યાલયના અધિકારીઓને મળ્યા હતા.લો ગાર્ડન વૉકરની કલબના અધિકારીઓ સાથે સંકલન કર્યું , એન.સી.સી.ના સિનિયર અધિકારીઓને મળ્યા, કેટલાક ફિલ્મ સ્ટાર્સને અપીલ કરી અને સંચાર વ્યવસાયિકોને આમંત્રિત કર્યાં, મીડિયા મિત્રો, પી. આર. ના સભ્યો તથા પીઆરએસઆઈ અમદાવાદ ચેપટરના તમામ સભ્યો પ્રવૃત્તિઓ દ્વારા સફળ દિવસનું આયોજન કરી શકશે.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

નિઃસ્વાર્થ રીતે યોગ થકી લોકોની સેવા કરતા ડીસાના પ્રેરણાદાયી શિક્ષક લક્ષ્મણભાઈ જાદવ

અરે સાંભળો છો.. હા, બોલ. આ ટીવીમાં શું આવી રહ્યું છે તે જોવો તો ખરા.. શું આવે છે..? અરે સવાર સવારમાં બાબા રામદેવ યોગ શિખવાડી રહ્યા છે, તમે પણ યોગ કરોને..? તમારેજે શિરર્દદનું દુ:ખ છે તે મટી જાય.લક્ષ્મણભાઈની ધર્મપત્ની મીનાબેન આજે પોતાના પતિનેજે વારસાગત બિમારી હતી. તેને જડમૂળથી કાઢી નાખવાનું કહી રહ્યા હતા.

પિતાજી અંબારામભાઈને પણ આધાશીશીની બિમારી હતી. તેની અસર સંતાનમાં જાણે ઉતરી હોય તેમ લક્ષ્મણભાઈમાં પણ આવી ગઈ હતી. આ બાબતે લક્ષ્મણભાઈએ ઘણી બધી એલોપેથીક અને આર્યુવેદીક દવાઓ લીધી હતી.. પણ દુ:ખ મટવાનું નામ જ લેતું ન હતું. પણ આજે મીનાએ ટીવીમાં જોઈને યોગ કરવાનું કહ્યું ત્યારે લક્ષ્મભાઈએ પણ વિચાર્યું કે આ ઉપાય કરી જોઉ..!

ત્યારથી લક્ષ્મણભાઈ પોતાના ઘરે યોગ કરવાનું ચાલુ કર્યું.. દુ:ખ જાણે ધીમે ધીમે ઘટતું હોય તેવું લાગ્યું.. અને એક વખત એવો સમય આવ્યો કે તે દુ:ખમાંથી કાયમના માટે છુટકારો મળી ગયો.

મીનાએ કહ્યું કે, "તમે અહીં ઘરમાં યોગ કરો છો પણ કંઈક એવું કરોને કે બહારની દુનિયાને પણ તેનો લાભ મળે." આ સૂચન પણ લક્ષ્મણભાઈને સ્વિકારવા જેવું લાગ્યું અને ત્યારથી ડીસાના સરદારબાગ (સાંઈબાબા મંદીર) ખાતે દરરોજ સવારે ૫:૩૦ થી ૭:૦૦ કલાક સુધી યોગ કરાવવાનું ચાલું કર્યું આસન, પ્રાણાયામ, ધ્યાનની પ્રવૃત્તિઓ ગમ્મત સાથે કરાવવા લાગ્યા.

જ્યારે શરૂમાં સરદારબાગમાં યોગ શિખવવાનું ચાલુ કર્યું ત્યારે લક્ષ્મણભાઈને આદર્શ પ્રા.શાળામાં ડીસામાં નવી નવી નોકરી મળેલી પણ પોતાનું શિરદર્દ દુ:ખ મટી ગયું હોવાથી અન્ય લોકોને પણ દુ:ખમાંથી છુટકારો અપાવવાના હેતુથી જાહેર જીવનમાં યોગ શિખવવાનું મંગળ પ્રયાણ કર્યું. સવારમાં ઠંડા પહોરમાં સરદારબાગ ખાતે યોગ શિખવાડ્યા બાદ શાળામાં ૭:૨૦ થી ૧૨:૨૦ સુધી ફરજ નિભાવીને બપોરે અને સાંજના સમયે જાહેર જીવનમાં પણ લોકોને યોગ શિખવવાનું બીડું ઝડપી લીધું.

લક્ષ્મણભાઈએ સૌપ્રથમ ડીસાની પંચશીલ હાઈસ્કુલમાં બાળકોની સામે યોગની પ્રવૃતિ કરી.. અને ત્યાર પછી તેઓએ લગભગ ૧૫૦ શાળાઓમાં જઈને નાના બાળકોની સામે યોગ કરી બતાવ્યો.. આદર્શ શાળાના બાળકોને પણ તેનો લાભ સમયાંતરે મળતો ગયો.

તા.૧૩/૧૨/૧૯૬૧ ના મંગળ દિવસે ગામ કોદરામ તાલુકાના વડગામ ખાતે જન્મેલા જાદવ લક્ષ્મણ અંબારામભાઈને જન્મથી જ માતા-પિતાના સંસ્કારો મળી રહ્યા. આ ગામ કોદરામ (કંકાવતી નગરી)ની પવિત્ર ભૂમિમાં શ્રી રામે પણ પોતાના પગલાં પાડ્યા હોય તે ભૂમિ કંઈ જેવી તેવી ના હોય.. હોકાથી વખણાતા કોદરામ ખાતે માતા લક્ષ્મીબેન પણ સંસ્કારી અને માયાળું સ્વભાવના હતા. માતાએ ગાયકવાડ સરકારમાં ધોરણ ૫ સુધી અભ્યાસ કરીન જીવન જીવવાના સફળ પાઠ પણ શિખી લીધા. લક્ષ્મીબેન ધર્મ સાથે પણ જોડાયા. કબીર સંપ્રદાયમાં મીઠાદાસને પોતાના ગુરૂ તરીકે સ્વીકારીને પોતાના સંસારને પણ ભક્તિ ભાવ પૂર્ણ બનાવ્યું. પિતાજી અંબારામભાઈ પણ ધોરણ ૫ સુધી ભણેલા. તેઓ પણ સ્વભાવે માયાળું અને બધા સાથે ભળી જાય તેવા નિર્મળ પુરૂષ હતા.

લક્ષ્મણભાઈનું શરૂનું જીવન ખૂબ જ વિંટબણામાંગથી પસાર થયેલું. માતા ગોંદડા બનાવીને, કપડાંની સિલાઈ કામ કરીને પેટે પાટા બાંધીને મહા મુસીબતે લક્ષ્મણભાઈને ભણાવ્યા. લક્ષ્મણભાઈએ ધોરણ ૧ થી ૭ વતન કોદરામ ખાતે અને ત્યાર બાદ પાલનપુર વિદ્યામંદિર ખાતે શિક્ષણ લીધું હતું. પીટીસી સરકારી અધ્યાપણ મંદિર પાલનપુર ખાતે પૂર્ણ કરીને ડીસાની આદર્શ પ્રાથમિક શાળામાં પોતાની નોકરીનો સેવાકાળ ચાલુ કર્યા.

"કરો યોગ ભગાડો રોગ" ના સુત્રથી ચાલી રહેલા લક્ષ્મણભાઈએ પોતાના જીવનમાં ઘણા બધા દર્દીઓને હસતા કર્યા છે. કેસ કઢાવ્યા વગર ખુબ જ સરસ રીતે ડૉકટરની ગરજ સારતા લક્ષ્મણભાઈએ યોગ થકી જ વજન ઘટાડવું, શ્વાસો શ્વાસની બિમારી, આંખની બિમારી, પેટ સબંધી રોગો, મગજના રોગો, સ્ત્રીના રોગો, ચામડી કાનના રોગો, ડાયાબીટીસ, ઢીંચણની બિમારી, માથાનો દુ:ખાવો, કમરનો દુ:ખાવા જેવી વિવિધ બિમારીઓથી લોકોને છુટકારો અપાવ્યો છે. લોકોને હસતા કરવા એ જ જીવનની સાચી મૂડી હોય તેવું તેઓ માને છે. ગામે ગામ ફરીને અંદાજે ૫૦,૦૦૦ લોકોને યોગનો લાભ અપાવ્યો છે. હાલ પણ સાંઈબાબાના મંદિરે સવારના સુમધુર વાતાવરણમાં અંદાજીત બોતેર લોકો દરરોજ યોગનો લાભ લે છે. "કોઈ ગુલાબની પાંખડીને દબાવે તો પણ તે ગુલાબની સુગંધ પાંખડી દબાવનારના હાથમાં રહી જાય છે.."

લક્ષ્મણભાઈના માટે આવું જ કંઈક થયું. પોતાને (૧૮ સ્સ માપની) પથરી પણ બહું જ પીડા કરતી.. પરંતુ દરરોજ યોગની પ્રવૃતિ કરવાથી પથરી કોઈ પણ જાતના ઓપરેશન વગર પેશાબ મારફતે નીકળી ગઈ. યોગના લીધે જ બીજાને બચાવ્યા ને પોતે પણ પથરીના દુ:ખાવામાંથી બચી ગયા.

સંવેદના

પ્રવીણ એમ. નાઈ

એટલે જ કહેવાનું મન થાય કે,

"તું કર બીજાને મદદ.. નિરાશ થઈશ ના,
જોનારો છે મારો રામ.. તને નિરાશ કરશે ના."

મળવા અને માણવા જેવા માણસની હરોળમાં આવે તેવા લક્ષ્મણભાઈનું જીવન બાળકોને શિક્ષણ આપવું અને યોગ શિખડાવવા પુરતું મર્યાદિત નથી. હરિદ્વારથી બાબા રામદેવના આદેશ અનુસાર ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં તેઓનો સિંહફાળો છે. વૃક્ષારોપણ કરવું, ચિકનગુનિયાની બિમારી વખતે ઉકાળાનું વિતરણ કરવું, યોગનો પ્રચાર પસાર કરવો, હરદ્વારથી જે વસ્તુ આવે તેને લોકો સુધી પહોંચાડવા જેવી પ્રવૃત્તિઓ હસતાં હસતાં કરે છે. યોગ અને અન્ય પ્રવૃત્તિઓને ધ્યાને રાખીને હરદ્વાર ખાતે ૨૦૦૯ માં બાબા રામદેવે લક્ષ્મણભાઈને શાલ અને સર્ટીફિકેટ આપી સન્માનિત કર્યા હતા. ઉપરાંત ગાંધીનગર ખાતે ૨૦૧૦ માં તેમણે શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાજ્ય પારિતોષીક એવોર્ડ તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે મળ્યો હતો."લક્ષ્મણભાઈ તમે સરસ કામ કરી રહ્યા છો..." નરેન્દ્રભાઈએ લક્ષ્મણભાઈની પીઠ થપથપાવીને આવું વાક્ય બોલ્યા ત્યારે ખુદ લક્ષ્મણભાઈની આંખમાં આનંદના અશ્રું આવી ગયા હતા. તે યાદગાર ક્ષણને તેઓ ભૂલી શકતા નથી. આ સિવાય પણ અન્ય ૫૦ જેટલા એવોર્ડ જુદી જુદી સંસ્થાઓ દ્વારા સમયાંતરે મળ્યા છે. તેમાં લાયન્સ કલબ, રોટરી કલબ, પતંજલી યોગ પીઠ, દલિત અધિકારમંચ દિલ્હી, સહયોગ ટ્રસ્ટ, પ્રગતિ અભિવાદન ગ્રુપ, ભારત વિકાસ પરિષદ, જૈન સંઘ, સિનીયર સિટીઝન ટ્રસ્ટ, સર્વોદય ટ્રસ્ટ, સાંઈબાબા મંદિર ટ્રસ્ટ, વગેરેનો મુખ્ય ફાળો છે.. ઉપરાંત ૧૫૦ શાળાઓએ પ્રમાણપત્ર આપીને લક્ષ્મણભાઈને બિરદાવ્યા છે. લક્ષ્મણભાઈએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં યોગની પ્રવૃત્તિમાં સૌથી વધું કામ કરેલ છે. શિક્ષક ઉપરાંત તેઓ પતંજલી યોગ સમિતિ ભારત સ્વાભિમાન બ.કાં.ના કારોબારી સભ્ય અને ડીસા તાલુકા પતંજલી યોગ સમિતી અધ્યક્ષની જવાબદારી તેમના શિરે છે. ખુબ જ ઉમદા કામ કરીને સૌને ખુશ રાખે છે.

કહ્યું છે ને કે, "જે જે સારૂ કામ કરે તેને કુદરત સુખ આપે જ છે.." લક્ષ્મણભાઈનું કુંટુંબ અત્યારે આનંદ પ્રમોદથી રહે છે. લક્ષ્મણભાઈને ચાર સંતાનો છે. દરેકને તેઓએ યોગ્ય રીતે સેટ કરી દીધા છે. ચૈતન્ય હાલમાં ઈઝરાયલમાં સર્વિસ કરે છે. નિહાર મોડાસામાં કોમ્પ્યુટર સાયન્સમાં છે. શ્રધ્ધા દિલ્લી ખાતે આઈ.ટી. એન્જિનીયર કોલેજમાં સર્વિસ કરે છે. જીનલ આરોગ્ય સાથે સંકળાયેલ વિવિધ રચનાત્મક પ્રવૃત્તિ કરે છે.લક્ષ્મણભાઈ આ યોગના કામને ૠષિનું તથા ઈશ્વરીકામ ગણીને ભરપેટ પ્રશંસા કરે છે. નિ:સ્વાર્થ રીતે યોગની પ્રવૃત્તિ કરીને બિમાર વ્યક્તિને ડૉક્ટર પાસે જવું જ ના પડે તેવી જાણે નેક લીધી હોય તેમ લક્ષ્મણભાઈ યોગ શિખડાવી રહ્યા છે. તેઓ જ કહે છે, "સપનેય ખ્યાલ ન હતો કે મારા હાથે આવું કામ થશે. માતા-પિતાની ઈચ્છા હતી કે, મારા બાળકમાં સંસ્કારો આવે અને તેનો લાભ અન્ય લોકો પણ લે. તે અત્યારે પરીપૂર્ણ થઈ રહ્યું છે."

નોકરી બાદ મારૂ શેષ જીવન પણ હું યોગમાં સમર્પિત કરીશ એવું કહીને લક્ષ્મણભાઈ આ સમગ્ર બબતનો યશ પોતાની ધર્મપત્ની મીનાને આપે છે. ગુજરાતીમાં એક કહેવત છે કે "હિમતે મર્દા તો મદદે ખુદા, પણ લક્ષ્મણભાઈ આ કહેવતને બીજી જ રીતે કહેતા. તેઓ કહે છે કે, હિંમતે મર્દા તો મદદે મીના..

યોગની પ્રવૃત્તિમાં આગળ આવવામાં મીનાનો ફાળો ખુબ જ રહ્યો છે. તેવું કહીને અવાર નવાર લોકોની સામે મીનાની ભરપેટ પ્રશંસા કરતા અચકાતા નથી. ધોરણ ૧૦ પાસ પછી સીવીલ ડીપ્લોમાનો અભ્યાસ કરીને એક સફળ ગૃહિણીની ભૂમિકા ભજવનાર મીના અત્યારે ડીસાની મોઢેશ્વરી સોસાયટીમાં નિ:સ્વાર્થ પણે દરરોજ સાંજે યોગ શીખવે છે. લક્ષ્મણભાઈ કહે છે કે, "મીનાએ મને ખુબ સાથ આપ્યો છે. સફળ વ્યક્તિની પાછળ સ્ત્રીનો હાથ હોય છે.

તે અહીં સાચા અર્થમાં મીનાએ સાબીત કરી બતાવ્યું છે." વળી તેઓ કહે છે, "યોગ થકી જ મને બહારની દુનિયામાં ઈજ્જત, માન, મોભો, સમ્માન બધું જ મળ્યું છે. બીજાથી ન થાય તે યોગથી જ થયું છે." આપ પણ લક્ષ્મણભાઈને ૯૪૨૮૫૩૯૯૮૬ નંબર ઉપર શુભકામના પાઠવી શકો છો.

અને અંતમાં,

"માનો જીવન છે એક ફૂલ..
તું સુગંધ લઈને બીજાને આપતો જા, જીવન છે એક આનંદની મીઠી ક્ષણ.. બીજાને આપીને તું પોતે લેતો જા."

પ્રવીણ એમ.નાઈ રતનગઢ
(તા.કાંકરેજ)

સિનેપોલિસ અને આઈમેક્સ ભારતમાં ચાર થિએટર ડીલ સાઈન કરી

સિનેપોલિસ, ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય અને વિશ્વની સૌથી મોટી મૂવિ થિએટર સર્કિટની હાજરીમાં, ભારતમાં નવા થિએટર ખોલવા માટે આઈમેક્સ સાથે જોડાણની ઘોષણા કરી. આ ડીલ સાથે, સિનેપોલિસ બેંગ્લોર, કોલકાત્તા, નવી મુંબઈ અને થિરુંવનંથપુરમના નવા કોમ્પલેક્ષમાં સ્થિત ચાર આઈમેક્સ થિએટરો લોન્ચ કરશે. એસોસિએશને નવી મુંબઈ અને થિરુંવનંથપુરમના બજારોમાં આઈમેક્સ પ્રયાસ કરશે.સિનેપોલિસ, કુલ ૩૧ આઈમેક્સ થિએટર્સ માટે કરાર કર્યો છે, જેમાં આઠ દેશોમાં ૨૩ ઓપરેશન છે. ભારતમાં, સિનેપોલિસે પુણે શહેરમાં ઓપરેટિંગ થિએટર સાથે આઈમેક્સ થિએટરોના છ કરાર કર્યા હતા, જે ખાસ કરીને દેશના સૌથી વધુ કમાણી કરનાર આઈમેક્સ સાઈટ્સમાં તેમજ મુંબઈ શહેરમાં સફળ થિએટરનું સંચાલન કરતા હતાં.

અર્લીસેલેરી અને અવાન્સે ભારતના પ્રથમ ડિજિટલ સ્કૂલ ફી ફાયનાન્સિંગ સોલ્યુશન લોંચ કરે છે

મુંબઈ

ભારતનું સૌથી મોટું ડિજિટલ ધિરાણ કરતું ફિનટેક સ્ટાર્ટ અપ ભારતની સૌથી ઝડપી વૃદ્ધિ પામતી શૈક્ષણિક ફાઈનાન્સ કંપની અવાન્સે ફાઈનાન્શિયલ સર્વિસેસ સાથેની ભાગીદારીમાં "ફિઝ" (FeES) નામના સ્કૂલ ફી ફાઈનાન્સ કરવાના ઉકેલની શરૂઆત કરી છે. આ ઉકેલ અર્લી સેલેરી એપ દ્વારા ઓફર કરવામાં આવી રહ્યો છે. તુરંત ધિરાણની અને સરળ માસિક હપ્તાની સગવડ દ્વારા સ્કૂલ ફીની ચૂકવણીની પ્રક્રિયા સરળ કરી માતાપિતા અને વાલીઓના તેમના બાળકોને સારી સ્કૂલમાં ભણાવવાના ધ્યેયને મદદ કરવાના સામાજિક આર્થિક હેતુને ધ્યાનમાં રાખીને આ અનન્ય ઉકેલની યોજના ઘડવામાં આવી છે. "ફિઝ" (FeES) ૫૦,૦૦૦ રૂપિયાથી લઈને ૩,૦૦,૦૦૦ લાખ રૂપિયા સુધીની શૈક્ષણિક લોન તુરંત આપે છે અને ફ્લેક્સિબલ પુનઃચુકવણીના વિકલ્પોની તક પણ આપે છે. દેશભરમાં આંતરરાષ્ટ્રીય સ્કૂલોનો રાફડો ફાટ્યો છે અને આ ક્ષેત્રમાં મૂડી રોકાણ વધી રહ્યું છે. દેશના શૈક્ષણિક ક્ષેત્રનો પણ વિકાસ થઈ રહ્યો છે. પણ એની સાથે સાથે જ આંતરરાષ્ટ્રીય ધોરણના અધતન અભ્યાસક્રમની વધતી માગને કારણે સ્કૂલ શિક્ષણની કિંમતમાં પણ ખાસ્સો વધારો થયો છે. એસોચેમના એક અહેવાલ મુજબ એક બાળકની વાર્ષિક શાળા ફી ૨૦૦૫માં ૫૫,૦૦૦ રૂપિયા હતી તે ૨૦૧૫માં વધીને ૧,૨૫,૦૦૦ રૂપિયા પર પહોંચી છે. મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં સ્કૂલ શિક્ષણની કિંમતમાં ભારે ઉછાળો આવ્યો છે અને વાલીઓ માટે એકસામટી સ્કૂલ ફી ભરવાનું મુશ્કેલ બનતું જાય છે. જ્યારે બીજી બાજુ શાળાઓ માટે પણ વહીવટી સંચાલન અને કામકાજના વધતા જતા ખર્ચને કારણે માસિક ફીની ચૂકવણીનો વિકલ્પ ઓફર કરવાનું મુશ્કેલ થતું જાય છે. આજના સમય અને તારીખમાં વધતી જતી શાળા ફીના અસરકારક વ્યવસ્થાપન માટે અવાન્સે અને અર્લી સેલેરીએ ભાગીદારીમાં વિચાર વિનિમય કરીને "ફિઝ" (FeES) નામનો ઉકેલ વિકસાવ્યો છે જે માતાપિતાને સ્કૂલની ફી માટે નાણા પ્રવાહની સમસ્યાનું નિરાકરણ લાવે છે.

અતિમેદસ્વીતા ધરાવતી બે બાલિકાઓને લેપ્રોસ્કોપિક સ્લીવ ગેસ્ટ્રોકટોમિનું ઓપરેશન કરાયું

અમદાવાદ

ઉનાની બે બહેનો યોગીતા અને અમિષાની એશિયન બેરિયાટ્રિકસ હોસ્પિટલમાં વજન ઘટાડવા માટે સર્જરી કરવામાં આવી તે પહેલાં તે સુમો કીડ્ઝ" તરીકે ઓળખાતી હતી. સાડા આઠ વર્ષની યોગીતા અને સાડા છ વર્ષની અમિષા તાજેતરમાં એશિયન બેરિયાટ્રિકસ હોસ્પિટલ ખાતે ડો. મહેન્દ્ર નારવરીયા અને તેમની સર્જન્સની ટીમ તેમજ એન્સ્થેટીસ્ટસની ટીમે ઓપરેશન કર્યું હતું. નોર્મલ જનેમેલી યોગીતા (૫૯ કીલો) અને અમિષા(૮૨ કીલો)નું વજન વધતુ જતાં તેમનાં માતા-પિતા ચિંતામાં પડી ગયાં હતાં લેપરોસ્કોપિક સ્લિવ ગેસ્ટ્રેકટોમી બેરિયાટ્રીક સર્જરી એ એક રિસ્ટ્રીકટિવ સર્જરી છે, જેમાં હોજરીની કોથળીને ૬૦ થી૭૦ ટકા જેટલી નાની કરી દેવામાં આવે છે. સર્જરી કરાઈ તે પછી આ બાળકોને ખૂબ ભૂખ લાગતી ન હતીઅને પરિણામે મેટાબોલિઝમમાં સુધારો થતાં તેમના વજન અને આરોગ્ય જળવાયુછે. ઉનાની આ બે બહેનોના કેસમાં તેમણે અગાઉ જે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો ત્યાં શરીરને ખરેખર શું સમસ્યા છે તેનું નિદાન થઈ શક્યું ન્હોતુ, પણ એશિયન બેરિયાટ્રિક્સ હોસ્પિટલમાં સમસ્યાનુ નિદાન થયું હતું અને સફળ સારવાર થઈ શકી હતી."ભારતમાં બાળકોમાં મેદસ્વીતાના કિસ્સા વધતા જાય છે. આ બે કેસ કે જેમાં છેલ્લા ઉપાય તરીકે સર્જરી કરવાનું પસંદ કરવામાં આવ્યું હતું આવા કિસ્સા બાળકોને અતિશય પંપાળતાં માતા-પિતા માટે ચેતવણીરૂપ છે.

દિવ્યાંગ અને મહિલાઓને પગભર કરવા માટે કંપની દ્વારા સ્તુત્ય પ્રયાસ

ધરતી પુત્રોને હવે ખાતર ખરીદવા મોટુ રોકાણ નહીં કરવુ પડે વેન્ડીગ મશીન બનાવાયુ

આગ ઓકતી ગરમીને કારણે સહુ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.. નર્મદા ડેમમાં જળસ્તર ઘટતુ જાય છે. ત્યારે પીવાનાં પાણીના પોકાર થઈ રહ્યા છે. આવા સમયે બેવડો માર સહન કરવો પડતો હોય તો એ ખેડૂતોને છે.

સંવેદનાના ફૂલ

- મનીષ જોષી

ખેતરમાં વાવેલા ધાનને લહેરાતા જોવા પસીનો વહેવડાવતા ધરતી પુત્રોને પાણી મળતુ નથી. તેની ચિંતામાં ઉનાળામાં ડબલ પસીનો થાય છે. એમાં પણ ખેત ઉત્પાદકતા વધારવા બિયારણ, ખાતર અને જરૂરી ખર્ચા કર્યા પછી પણ પરિણામ ઓછુ મળે ત્યારે હાલત વધુ કફોડી બનતી હોય છે.

આવા ધરતી પુત્રોને કંઈક અંશે રાહત થાય એ માટે જીએલ એગ્રોટેક લીમીટેડ કંપનીએ પ્રયત્નો શરૂ કર્યા છે. આ કંપનીએ ફર્ટીલાઈઝર વેન્ડીંગ મશીન એફ.વી.એમ.ની સ્થાપના કરી છે.આ મશીન થકી ખાતર હવે નાના પેકમાં જગતનો તાત ખરીદે શકશે. એટલે કે જે જગત ધણીના ભાગમાં ઓછી જમીન (ખેતર) હોય તેને ખાતર ખરીદવા (મોટી બેગ ખરીદીને વધુ ખર્ચ સહન કરવો પડતો હતો) હવે ઓછો ખર્ચ કરવો પડશે. એટલે કે જે જગત ધણીના ભાગમાં ઓછી જમીન (ખેતર) હોય તેને ખાતર ખરીદવા (મોટી બેગ ખરીદીને વધુ ખર્ચ સહન કરવો પડતો હતો) હવે ઓછો ખર્ચ કરવો પડશે.

આ માટે નવી દીલ્હી ખાતે મિનીસ્ટ્રી ઓફ કેમીકલ એન્ડ ફર્ટીલાઈઝર ભારત સરકારના સેક્રેટરી સુકુમારી ભારતી શિવાસ્વામીએ હાલમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજયમાં આવ મશીન સ્થાપવા માટે લીલી ઝંડી આપી છે. વેન્ડીંગ મશીન ઓપરેટ કરવા દિવ્યાંગો અને મહિલાઓને શકયત: તક અપાશે. તેથી તેઓની રોજી રોટી મેળવવાની નવી દિશા મળશે ઉપરાંત શહેરમાં પેટ્રોલપંપ જેવા જાહેર સ્થળો પર આઉટલેટ મુકાશે તેથી પર્યાવરણના ક્ષેત્રમાં એક નાનું ડગલું પાડવા કિચન ગાર્ડન, ઘરઆંગણે બાગ બનાવવાનારાઓને ખાતર કા છોટા પેક આસાનીથી મળી શકશે.

જે પર્યાવરણ માટે એક નવું ડગલું માંડશે.

જીએસએફસીના મેનેજીંગ ડીરેકટર એ.એન. તિવારીની દુરગામી દ્રષ્ટીનો લાભ હવે હરિયાળા ભારતમાં નવી પહેલ સમો બની રહે છે. એમ જીએસએફસી એગ્રોટેક લી.ના મેન્ડન્ટ ચીફ એકઝીકયુટીવ ઓફિસર રેનુ ભટ્ટે આ લખનારને જણાવ્યું હતું.

ઉપરાંત જીએસએફસી કંપનીના નગરગેટ પર બનાવેલ એક આઉટલેટમાં અમુલ બ્રાન્ડની વસ્તુઓ પણ ખાતરની સાથે મળી રહે તે માટે સુંદર આયોજન થઈ રહ્યાનું સ્થળ પર લઈ જઈને મેનેજર (ટીસી) એમ.કે. રાવલે પણ સ્થાન પર લઈ જઈ સમજાવ્યું હતું.

ત્યારે જો દરેક કંપની દેશના હિતેચ્છુ તેમજ ખેડુતો અને દિવ્યાંગો મહિલાઓની રોજી મળે તે માટે એક ડગલું માંડે ? તો એમાં જવાબ નીકળની રાહ છે. મને આપ ૧૪, સપ્તગીરી સોસા.નં.૩, સાંઈમંદિર અને બગીચા પાછળ વિશ્વામિત્રી ક્રોસીંગ માંજલપુરક વડોદરા અથવા મો.૯૯૨૫૬૨૮૪૯૮ પર જણાવશો હોં કે..

સંવેદના : દેશની જમીન બચશે તો જ નવી પેઢી બચશે.

તસવીર : જીએફએલ કંપની દ્વારા બનાવાયેલું ફર્ટીલાઈઝર વેન્ડીંગ મશીનની નિરંજન જોષી દ્વારા લેવાયેલી તસવીર.

મનિષ જોષી,'મૌન'
વડોદરા

નાપતોલે અમદાવાદમાં ઓફલાઈન સ્ટોર લોન્ચ કર્યો, થ્રિસુર અને ઈન્દોર બાદ ત્રીજા સ્ટોરનો પ્રારંભ

અમદાવાદ

દેશભરમાં પોતાની ઓફલાઈન ઉપસ્થિતિ વિસ્તારવાની મહાત્વાકાંક્ષી યોજના અંતર્ગત ભારતની પ્રથમ ક્રમની હોમ શોપિંગ કંપની નાપતોલે થ્રિસુર અને ઈન્દોર બાદ હવે અમદાવાદમાં પોતાનો ત્રીજો ઓફલાઈન સ્ટોર શરૂ કર્યો છે. અમદાવાદમાં સીજી રોડ ઉપર પંચવટી ચાર રસ્તા પાસે થર્ડ આઈ કોમ્પલેક્ષમાં આવેલા સ્ટોરનું ઉદ્ઘાટન આજે કરવામાં આવ્યું હતું.

આ સ્ટોરના પ્રારંભ સાથે નાપતોલ ઓફલાઈન ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક તથા ટીયર ૨ શહેરોમાં પોતાની ઉપસ્થિતિને વિસ્તારશે.હવેથી અમદાવાદમાં ગ્રાહકો કપડા, ફુટવેર, એસેસરિઝ, ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, હોમ અને કિચન એપ્લાયન્સિસ, હેલ્થ અને ફિટનેસ પ્રોડક્ટ્સ સાથે અન્ય પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણીને નાપતોલના ઓફલાઈન સ્ટોર ઉપરથી ખરીદી શકશે. આ ઉપરાંત ગ્રાહકો ટીવી ઉપર દર્શાવ્યાં મૂજબની પ્રોડક્ટ પ્રાઈઝ ઓફર્સ માફક આકર્ષક કોમ્બો, ડીલ અને ડિસ્કાઉન્ટ પણ પ્રાપ્ત કરી શકશે.

ઉલ્લેખનીય છે કે નાપતોલ પ્રથમ ટીવી અને ઈ-કોમર્સ આધારિત પ્લેટફોર્મ છે કે જેણે સુઆયોજીત વેચાણ અને વિતરણ માળખું તૈયાર કર્યું છે. હોમ શોપિંગ કંપની રૂ. ૩૦૦૦ની સરેરાશ કિંમતના આશરે ૪૦,૦૦૦ ઓર્ડર્સ પ્રોસેસ કરે છે. અમદાવાદ બાદ નાપતોલ હૈદરાબાદમાં ઓફલાઈન સ્ટોર લોન્ચ કરવાની યોજના ધરાવે છે. વિશેષ કરીને ટીયર ૨ શહેરોમાં વધુ ઓફલાઈન સ્ટોર લોન્ચ કરવાના આયોજન સાથે નાપતોલ આ માર્કેટ્સમાં સ્થિર વૃદ્ધિ હાંસલ કરશે.

સંજીવની
દર્દ, દવા અને ડૉક્ટરના ક્ષેત્રનો
વિપુલ વાંચન આપે છે...
આપની તંદુરસ્તીની માર્ગદર્શન...

એન્ટીબાયોટિક્સ આડેધડ ન લેવા તબીબોની સ્પષ્ટ સલાહ

આધુનિક સમયમાં મોટા ભાગના લોકો સમયના આભાવે તબીબની પાસે જતા નથી અને એન્ટી બાયોટિક્સ લે છે

આધુનિક સમયમાં લોકો તબીબો પાસે સલાહ લીધા વગર એન્ટી બાયોટિક્સ દવા લેતા થયા છે. આ બાબતની નિષ્ણાંતો અને તબીબોએ ગંભીર નોંધ લીધી છે. તબીબોએ કહ્યું છે કે તબીબોની જરૂરી સલાહ વગર કોઇ પણ દવા જાતે લઇ લેવાની બાબત ખતરનાક સાબિત થઇ શકે છે. તેની અનેક આડ અસર પણ થઇ શકે છે. આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઇફ જીવી રહ્યા છે. આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી. બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઇ લે છે. આ દવાથી ચોક્કસપણે રાહત મળે છે પરંતુ આ દવા કોઇ ઇલાજ નથી. આ દવા ખુબ ખતરનાક સાબિત થઇ શકે છે. કોઇ તકલીફ અંગે જાણ નહી હોવા છતાં જે તે તકલીફ અથવા તો પીડામાં દવા જાતે જ લઇ લેવામા આવે છે. તબીબો પાસે જવાનો સમય પણ કાઢી શકતા નથી. જેથી તાવ, સરદી ગરમી, ગળામાં દુખાવાની જાતે જ દવા લોકો લઇ લે છે. પરંતુ આવી દવા જાતે લઇ લેનાર લોકો દવાની અસર કેટલી હદ સુદી થઇ શકે છે તે જાણતા નથી. જાણીતા તબીબોનું કહેવુ છે કે એન્ટીબાયોટિક્સ એન્ટીમાઇક્રોબાઇલ એજન્ટ તરીકે પણ જાણીતી છે. આ પ્રકારની દવાનું કામ શરીરમાં કોઇ પણ પ્રકારના ઇન્ફેક્શનને દુર કરવા માટેનુ હોય છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

માઈગ્રેનથી બચવાના ઉપાયો

આરોગ્ય સંહીતા

કામ કે બીજી કોઈ તકલીફના કારણે તમારા માથાનો દુ:ખાવો રહે છે.માથાનો દુખાવોના કારણે કામ નહી કરી શકો કે કામ ભૂલી જાઓ છો તો આ તમારા માટે ખતરાની ઘંટી છે. કારણ કે આ દુ:ખાવો માઈગ્રેન જેવા ગંભીર રોગોને જન્મ આપે છે. આથી જ્યારે આવું થાય તો ડાકટરી તપાસ કરાવી લેવી જોઈએ. કેટલાક લોકો માથાના દુ:ખાવાને સામાન્ય સમજી પેઈન કિલરનું સેવન કરે છે . પણ આ ગોળીઓ માથાનો દુખાવો અને માઈગ્રેનની સમસ્યાથી છુટકારો આપવાની બદલે સમસ્યાને જટિલ બનાવે છે.

શું કાળજી રાખો?

શક્ય હોય ત્યાં સુધી,ડોક્ટરની સલાહ વગર પેઈનકિલર લેશો નહી અને ન તો તેનો ઓવરડોઝ લો. ડોકટરોની સલાહ મુજબ જ માઈગ્રેનના દુ:ખાવાની દવાનો ઉપયોગ કરવો. પેનકિલર્સ જ્યારે અત્યંત જરૂરી હોય ત્યારે જ લો. થોડા દુ:ખાવામાં મેડિસન લેવાની ટેવ છોડી દો. પેનકિલરના બદલે મલમ, સ્પ્રે કે જૈલથી પણ દુ:ખાવામાં રાહત મળે છે.

માઈગ્રેનના કારણ : માઈગ્રેનના ઘણા કારણો છે , જેમ તણાવ ,પૂરતી ઊંઘ,આંતરસ્ત્રાવીય બદલાવો,વધારે લાઈટ,તેજસ્વી સૂર્યપ્રકાશ, કબજિયાત, દવાઓ, નશીલી દવાઓ કે ખોરાક, હવામાન ફેરફાર, કોફી, તૈયાર ખોરાક અને ચોકલેટનો વધુ પડતા સેવન વગેરે .

માઈગ્રેન નિવારણ

- આંખ પર દબાણ નાખે એવા કાર્ય ન કરવા જેમ કે સતત વાંચવુ, ટીવી જોવી, વીડિયો ગેમ્સ, કમ્પ્યુટર પર કામ કરવુ વગેરે.
- લાંબા સમય સુધી ભૂખ્યા નહી રહેવું. સવારે સમયસર નાસ્તો લો.
- વધારે નહી ખાવું. ભારે ભોજન કે ફાસ્ટ ફૂડ ટાળો.
- દૂધ અને દૂધથી બનેલી વસ્તુઓનો ઉપયોગ ઘટાડો.
- દારૂ, સિગારેટ, પાન મસાલાનો ઉપયોગ બંધ કરો. કોઈપણ નશીલી વસ્તુ ન લો.
- વધુ ચોકલેટ,કે ચિગમ નહિં ખાવી.
- ટી,કાફીનો પ્રયોગ ઓછો કરવો.
- આહારમાં મરચાં-મસાલા ઓછા કરો.
- પૌષ્ટિક આહાર લો જેમાં ફળો અને લીલા શાકભાજી પર ભાર મૂકો .
- સૌથી વધુ અગત્યનું ચિંતાઓમાંથી દૂર રહેવાનો પ્રયાસ કરો.
- સીધો સૂર્યપ્રકાશ અને ઠંડીથી બચો.
- મન શાંત કરવા માટે કસરત અને ધ્યાન કરો.
- માખણ અને ખાંડ(મિશ્રી)સાથે ખાવું .
- કપાળ પર વાટેલા લીંબુના છાલની પેસ્ટ લગાવવી.

વધારે બેસવાની આદતથી ગુમાવી શકો છે યાદશક્તિ

ભલવાની બીમારી થવાનો ખતરો વધી જાય છે

૪૦ની ઉંમર પાર કરી ચૂકેલા લોકો માટે આ ટેવ ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે : રિપોર્ટમાં દાવો

વધારે સમય બેસી રહેવું એ તમારા સ્વાસ્થ્યને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. ૪૦ની ઉંમર પાર કરી ચૂકેલા લોકો માટે આ ટેવ ખૂબ જ નુકસાનકારક હોય શકે છે. એક રિસર્ચ રિપોર્ટમાં આ વાતનો દાવો કરવામાં આવ્યો છે. આ રિસર્ચમાં કહેવાયું છે કે મિડલ એજ એટલે કે ૫૦ વર્ષની આસપાસના લોકોમાં એકધારા બેસી રહેવાની ટેવથી ડિમેંશિયા એટલે કે ભૂલવાની બીમારી થવાનો ખતરો વધી જાય છે.રિસર્ચર્સે શોધમાં શારીરિક સક્રિયતા ઉપરાંત તેમના બેસવાના સમય વિશે સવાલ કર્યાં હતાં. આ ઉપરાંત દરેક વ્યક્તિના મગજનું એમઆરઆઈ સ્કેન કરીને માહિતી એકઠી કરવામાં આવી હતી. જ્યાં નવી મેમરિઝ સંગ્રહિત થતી હોય છે. રિસર્ચર્સને સંશોધનમાં એ વાત જાણવા મળી કે આરામદાયક જીવનશૈલી ધરાવતાં લોકોના મગજનો તે ભાગ ખૂબ પાતળો હતો. આ તેમની યાદશક્તિ ક્ષીણ થવાનો સંકેત હતો. આ સાથે જ આ બાબત ડિમેંશિયા તરફ ઈશારો કરતી હતી. ડિમેંશિયામાં દર્દીની યાદશક્તિ જવા ઉપરાંત તેના વ્યવહારમાં પણ પરિવર્તન થાય છે. રિસર્ચર્સનું કહેવું હતું કે વધુ પડતી બેઠાડું જીવનશૈલી છોડીને શારીરિક સક્રિયતા વધારીને ડિમેંશિયા અને અલ્ઝાઈમર્સ જેવા રોગથી બચી શકાય છે. આ ઉપરાંત કેટલાક અન્ય ઘરગથ્થુ ઉપચારથી પણ બચી શકાય છે. ખાંડમાં કાર્બોહાઈડ્રેટ, રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ, તેમજ વધુ પડતું મીઠું ખાવાથી બચવું જોઈએ. ખાંડથી મગજની અમુક નસ નબળી પડે છે. જેથી તમારી યાદશક્તિ પર અસર પડે છે. હળદર ખૂબ ખાવી જોઈએ. હળદરમાં કર્કુમિન હોય છે. જે ડિમેંશિયા રોકવામાં મદદગાર સાબિત થાય છે. નારિયેળનું તેલ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ સાથે જ તે મગજ માટે પણ ખૂબ જ લાભદાયી છે. યાદશક્તિ વધારવામાં નારિયેળના તેલની મહત્વની ભૂમિકા હોય છે.

નવજાતની સંભાળ

આયુર્વેદનું અમૃત **વૈદ્ય મહેશ અખાણી**

વટસ્ય પત્રસ્ય પુટે શયાનં બાલં મુકુંદં મનસા સ્મરામિ. ઈશ્વર કેવો છે?. નવજાત બાળક જેવો. ઉચ્ચ બુદ્ધિમતા અને તીવ્ર સ્મરણશક્તિ પ્રત્યેક નવજાત બાળક પાસે હોય છે. પરંતુ તે વ્યક્ત નથી કરી શકતો. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ સમજણ વધતી જાય. બાળકની આ શક્તિઓને સંભાળી રાખવાની જવાબદારી , તેના સંપૂર્ણને સર્વાંગી વિકાસની જવાબદારી માતા-પિતા ને સમાજ ની છે. જન્મથી તો તે પ્રાય: સંપૂર્ણ તંદુરસ્ત હોય છે. તેનો આત્મા, મન અને ઈન્દ્રિયો પ્રસન્ન હોયછે. તેથી જ તેને ઈશ્વર નું સ્વરૂપ કહી શકાય...... પરંતુ કડવું સત્ય એ છે કે બાળક ના જન્મ થતાં જ આપણે અજાણતા જ તેના વિકાસ ના સૌથી મોટા અવરોધક બનીએ છીએ.

- સંતો એમ કહે છે કે, બાળકનો જન્મ થતાં જ ત્રણ દિવસ સુધી તો તેના કાન પાસે ટાંકણી પડે તેટલો ય અવાજ થવા દેશો નહિ. આવું ૪૫ દિવસ સાચવી શકાય તો તે બાળક ની બુદ્ધિક્ષમતા અને ધારણાશક્તિ, કલ્પનાશક્તિ અને નિરીક્ષણ શક્તિ એટલી બધી સુક્ષ્મ ને બળવાન બને છે કે જાણે તે જાણે સ્વામી વિવેકાનંદનો અંશ જ હોય.
- બાળકના જન્મથી જ તેનું માથું ચંદનતેલ, ચંદનબલાતેલ, લાક્ષાદીતેલ જેવા બળ વધારનાર, સૌમ્ય, શીતલ ઔષધ યુક્ત તેલ વૈદ્યના માર્ગદર્શન થી ભરવું. તેથી મનને માથું મજબૂત બનેછે. તેના વાળને બુદ્ધિનું સૌંદર્ય વિકસિત થાય છે.
- દરરોજ બાળકને અશ્વગંધા કે અન્ય યોગ્ય તેલથી આખાય શરીર ઉપર માલીશ કરવું. સાબુના સ્થાને ચંદન, કપૂરકાચલી, ચણાના લોટને માખણ, ગાયના ઘી કે ચંદન તેલ સાથે મિશ્ર કરીને હળવે હળવે ચોળીને હુફાળા પાણીથી સ્નાન કરાવવું.
- સુવર્ણપ્રાશ: બાળક ને જન્મ થતાની સાથેથી શરૂ કરીને નિયમિત સુવર્ણપ્રાશ આપવું જોઈએ. દસ વર્ષ સુધી આપી શકાય. પરંતુ જેટલું વહેલું આપવામાં આવે તેટલું વધુ ઉપયોગી. સુવર્ણભસ્મ, બળ-બુદ્ધિ વધારનાર ઔષધ યુક્ત ગાયનું ઘી અને મધનું વિષમ ભાગે કરેલું મિશ્રણ એટલે સુવર્ણપ્રાશન છે.

બાળકમાં બળ, બુદ્ધિ, સ્મૃતિ અને રોગ પ્રતિકાર શક્તિ વધારનાર સુવર્ણપ્રાશન વિષે કાશ્યપઋષિ કહે છે કે, તે મેધા નામની બુદ્ધિની ધારણાશક્તિને, જઠરના અગ્નિને તથા બળને વધારનાર થાય છે. વળી તે સુવર્ણપ્રાશન આયુષ્યને હિતકારી, મંગલકારક, પુણ્યવર્ધક, વીર્યવર્ધક, શરીરના વર્ણને સારો કરનાર તથા ગ્રહોની પીડાનો નાશ કરનાર એટલેકે તમામ વાયરલ રોગોની સામે પ્રતિકારશક્તિ આપનાર છે.

એક બાળકને હૃદયમાં જન્મથી જ કાણું હતું. જેનું નિદાન અમદાવાદ સિવિલમાં થયેલું ને ઓપરેશનની સલાહ મળેલી, તે બાળકને ત્રણ વર્ષ નિયમિત સુવર્ણપ્રાશ આપ્યા બાદ બધા જ રીપોર્ટ ત્યાં સિવિલમાં જ ફરી થી કરાવ્યા તો તે હૃદયમાંનું કાણું હતું નહિ.

- **ગર્ભ સંસ્કાર:** આનંદને સુખદ વાત એ છે કે આજની નવી પેઢી જાગૃત બની છે. હજારો બહેનો આયુર્વેદ પદ્ધતિ પ્રમાણે જ અગાઉથી આયોજન કરીને ગર્ભાધાન સંસ્કાર કરાવે છે ને સગર્ભાવસ્થા ના નવે નવ મહિના વૈદ્યનું માર્ગદર્શનને આયુર્વેદ ઔષધો જ લ્યે છે. તેથી તેઓને પ્રાય: નોર્મલ પ્રસુતિ થાયછે ને જન્મ બાદ બાળક ની બીમારી તો જાણે સ્વપ્ન બનેછે અને ઉચ્ચ બુદ્ધિમતા, શ્રેષ્ઠ સૌંદર્ય, તીવ્ર સ્મરણ શક્તિને બળવાન રોગ પ્રતિકાર શક્તિ ધરાવતા નીરોગી ભારતનું ભાવી તૈયાર થાયછે.

વૈદ્ય મહેશ અખાણી
વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)
મો.૯૪૨૬૩૯૯૧૨૫

અસ્થમાથી લઈને દિલની બીમારીઓ સુધી દરેકમાં લાભકારી છે કેસરનુ સેવન

સાઈકોથેરાપીસ્ટ

ભારતીય રસોઈમાં કેસરનો ઉપયોગ અનેક પકવાનોમાં સુગંધ વધારવા માટે કરવામાં આવે છે. આ ઉપરાંત ઔષધીય ગુણોથી ભરપૂર કેસરનુ સેવન સુંદરતાની સાથે સાથે અનેક હેલ્થ પ્રોબ્લેમ પણ દૂર કરે છે. વિટામિન એ ફોલિક એસિડ, પોટેશિયમ, કેલ્શિયમ, મૈગનીઝ, સેલેનિયમ, જિંક અને મેગ્નેશિયમના ગુણોથી ભરપૂર કેસર શરીરને અનેક બીમારીઓથી બચાવે છે. કેસરનુ સેવન ડાયાબિટીઝથી લઈને અસ્થમા સુધીની સમસ્યાને દૂર કરવામાં મદદરૂપ હોય છે. આજે અમે તમને કેસરના કેટલાક આવા જ ફાયદા વિશે બતાવીશુ. જેના

વિશે કદાચ જ તમે જાણતા હોય. તો ચાલો જાણીએ સ્વાસ્થ્યના ગુણોથી ભરપૂર કેસરના ચમત્કારી ગુણ...

૧. દિલ માટે લાભકારી - કેસરનુ સેવન રક્ત પ્રવાહને ઠીક રાખે છે અને કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરે છે. તેનાથી તમે દિલની બીમારીઓથી બચ્યા રહો છો.

૨. ડિપ્રેશન - તેમા રહેલ ન્યૂરોટ્રાંસમીટર ડોપામાઈન, સેરોટોનિન અને નૉરપેનેફ્રિન મગજ કોસ્ટેમ્ટિક પદાર્થ અને તમારા મૂડને પ્રભાવિત કરે છે. તેનાથી તમારી ડિપ્રેશનની પરેશાની દૂર થાય છે.

૩. માસિક ધર્મ - કેસરમાં રહેલા ગુણ માસિક ધર્મના સમયે થનારી સમસ્યાઓને દૂર કરે છે. પીરિયડ્સના સમયે કેસરનુ દૂધ કે ચા પીવાથી દુખાવો, ચિડચિડાપણું સોજો અને અકડન જેવી સમસ્યા થતી નથી.

૪. પેટની સમસ્યા - પેટનો દુખાવો, ગેસ, એસિડીટી કે અલ્સરની સમસ્યાને દૂર કરવા માટે પણ તમે કેસરનો ઉપયોગ કરી શકો છો. આ માટે ૧ કપ પાણીમાં કેસરને સારી રીતે ઉકાળી લો. ત્યારબાદ તેમા મધ નાખીને રોજ પીવો.

૫. અસ્થમાથી બચાવ - બદલતી ઋતુમાં અસ્થમાની બીમારીથી પીડિત લોકોને સૌથી વધુ પરેશાનીનો સામનો કરવો પડે છે. આવામાં કેસરવાળુ દૂધ પીવાથી અસ્થમાની સમસ્યા ધીરે ધીરે ઓછી થવા માંડે છે.

૬. આંખોની રોશની વધે - આજકાલ વૃદ્ધોથી લઈને બાળકો સુધી દરેકને ઓછુ દેખાવવાની સમસ્યા ઉભી થઈ રહી છે.

તેથી રોજ કેસરનુ સેવન કરવાથી આંખોની રોશની વધે છે ઉપરાંત ચશ્માનો નંબર પણ ઉતરી જાય છે.

૭. તેજ મગજ - એક શોધ મુજબ રોજ કેસરવાળુ દૂધ કે ચા પીવાથી યાદશક્તિ વધે છે. આ ઉપરાંત અલ્ઝાઈમરની બીમારીમાં પણ આનુ સેવન કરવુ ખૂબ જ લાભકારી હોય છે.

ફ્રીજનું પાણી પીવાના આ ૫ નુકશાન જાણી લો

ઉનાડાના દિવસોમાં સામાન્યત: ઠંડુ પાણી પીવાથી જ તરસ શાંત હોય છે અને ઠંડુ પાણી પાણી ભાવે પણ બહુ છે. આ જ કારણ છે કે ઘણા લોકો ફ્રિજનુ ખૂબ ઠંડુ પાની કે ચિલ્ડ વાટર પીવાનું પસંદ કરે છે. પણ અમે તમને જણાવી નાખે કે ફ્રિજનું પાણી પીવાથી આ ૫ ગંભીર નુકશાન પણ થઈ શકે છે. જે તમને જરૂર જાણવા જોઈએ.

૧. ફ્રિજનુ પાણી આરોગ્ય માટે નુકશાનદાયક થઈ શકે છે અને તેનો એક મોટું કારણ આ છે કે ફ્રિજમાં પાણી કૃત્રિમ રીતે સામાન્યથી વધારે તાપમાન પર હોય છે જે નુકશાનદાયક છે.

૨. ફ્રિજનું પાણી પીવાથી મોટી આંત સંકોચાય છે. જેનાથી એ તેમનો કામ યોગ્ય રીતે નહી કરી શકતી. પરિણામસ્વરૂપ સવારે ઠીકથી પેટ સાફ નહી હોય છે અને મળ પેટમાં જ રહી સડે છે.

૩. આ પાણીને પીવાથી લાંબા સમયનો કબ્જ થઈ શકે છે, જેનાથી તમારો પૂરો તંત્ર ગડબડાય છે અને બીજા ઘણા રોગો જન્મ લે છે. આયુર્વેદમાં કબ્જને બધા રોગોનો મૂળ કહેવાય છે.

૪. વધારે ઠંડા પાણી પીવાથી શરીરની કોશિકાઓ સંકોચી જાય છે અને યોગ્ય રીત કામ નહી કરતી. તેનો અસર તમારા મેટાબૉલિજમ અને આરોગ્ય પર સીધો અસર પડે છે. આ તમારી ધડકનને ઓછું પણ કરી શકે છે.

૫. વધારે ઠંડુ પાણી પીવાથી ગળું ખરાબ થવાની શકયતા વધારે હોય છે. દરરોજ જો તમે આ ટેવને સતત રાખશો તો ટાંસિલ ગળા, ફેફંસા અને પાચન તંત્રના રોગ થવું સામાન્ય વાત છે.

ત્વચાના રોગોમાં : વનસ્પતિના સુંદર પરિણામો

મન બિલોરી કાચ

ચારે બાજુએથી નિરાશ થયેલ ચામડીના રોગના અનેક દર્દીઓ આયુર્વેદની ચિકિત્સાથી સાજા થયા હોય એવું જોવા મળ્યું છે. અલસક જેવા વિચિત્ર ચામડીના રોગમાં મજીઠ જેવી વનસ્પતિ અને એમાંથી બનતા યોગો સુંદર કામ કરે છે

ચામડીના નાના મોટા અનેક રોગોમાં આયુર્વેદનાં ઔષધો આજે પણ અગ્રસ્થાને રહ્યા છે. ચારે બાજુએથી નિરાશ થયેલ, ચામડીના રોગના અનેક દર્દીઓ આયુર્વેદની ચિકિત્સાથી સાજા થયા હોય એવા દર્દીઓ જોવા મળ્યા છે. અલસક (લાઈચન પ્લેનેસ) જેવા વિચિત્ર ચામડીના રોગમાં મજીઠ જેવી વનસ્પતિ અને એમાંથી બનતા યોગો સુંદર કામ કરે છે. અલસક (લાઈચન પ્લેનેસ) બંને હાથ પર, બંને પગ પર, ચહેરા સિવાયના શરીરના અન્ય ભાગ પર દેખાય છે. શરૂઆતમાં જીણી જીણી આછા લાલ, આછા જાંબલી રંગની ફીડકીઓ થાય છે. પાછળથી કાળી પડી ચકામાનું રૂપ ધારણ કરે છે. શરૂઆતથી જ ખુજલી હોય છે. મોડર્નમાં આ વ્યાધિ સ્ટીરોઈડ પણ વપરાય છે. છતાં ઘણાં દર્દીઓ દુ:ખી હોય છે. મોટાભાગે પાંત્રીસ પછીની મહિલાને વિશેષ સતાવે છે. યુવતીઓ પણ આ રોગનો ભોગ બનતી હોય છે. આ વ્યાધિમાં કિશોર ગુગળ આરોગ્યવર્ધિની જેવા ઔષધો સાથે મંજીષ્ઠાદિકવાથી વાપરવાથી ઉત્સાહવર્ધક પરિણામ મળે છે.

મજીઠ એક નિર્દોષ વનસ્પતિ છે, એના વેલા થાય છે. આ વનસ્પતિનાં મૂળ મજીઠ તરીકે બજારમાં વેચાય છે. મૂળ લાલ રંગના લંબગોળ હોય છે. આ વનસ્પતિ પહાડી પ્રદેશોમાં વિશેષ થાય છે. હિમાલય અને આજુબાજુના પર્વતાળ પ્રદેશો, નેપાળ, સિલોન, અફઘાનિસ્તાન, ઈરાન વગેરે દેશોમાં ઉત્તમ પ્રકારની મજીઠ થાય છે. બજારમાં હિન્દુસ્તાની, નેપાળી, ઈરાની અને અફઘાનિસ્તાની મજીઠને નામે વેચાતી હોય છે. બધા જ પ્રકારની મજીઠ સારી હોય છે. છતાં અફઘાની મજીઠ વધારે સારી માનવામાં આવે છે. આયુર્વેદના પ્રાચીન ગ્રંથો અને મહાન વનસ્પતિશાસ્ત્રી પ્રિયવર્ત શર્મા કહે છે કે, મજીઠ ઉષ્ણ છે. આર્તવપ્રદ છે. મહિલાને થતાં માસિક સ્ત્રાવને ઉત્તેજીત કરે છે. વધારે છે. અમારે મતે મજીઠ ઉષ્ણ હોવાથી સગર્ભા મહિલાએ અને લોહીવાના દર્દીએ વાપરવી જોઈએ નહીં.

મજીઠ સ્વાદમાં કષાય, સાધારણ કડવી, મધુર છે. ગુરૂ, રૂક્ષ, કફપિત્તશામક, શોથહર, વ્રણરોપક, કુષ્ઠદન, મગજ અને નર્વસ સિસ્ટમને શાંતિ આપનાર, દીપક પાચક, કૃમિઘ્ન, ગર્ભાશય ઉત્તેજક, માસિક લાવનાર, સ્તન્ય દોષહર, પ્રમેહઘ્ન, ચામડીના વિકારો દૂર કરનાર, વ્રર્ણ સુધારનાર, બલ્ય અને રસયાન છે. ચામડીના રોગોમાં બાહ્ય લેપ કરવામાં અને ખાવામાં છૂટથી વપરાય છે. કારણ કે, કોઈ સાઈડ ઈફેકટ નથી. મંજિષ્ઠા મધુરા તિકતા કષાયાસ્વરવર્ણકૃત ગુરૂરુપણ વિષશ્લેષ્માશોય યોન્યાક્ષિકર્ણરૃષ. (ભા.પુ.) આધુનિક મતે મજીઠમાં રાળ, ગુંદર, શર્કરા, કેલ્શિયમ, પરપ્યુરિન અને સ્ફટિકમય તત્વો હોય છે. ડૉ. દેસાઈના મતેમજીઠ એક ઉત્તમ ઔષધ છે. મજીઠ સ્તંભક પૌષ્ટિક, આર્તવવર્ધક, ગર્ભાશય, સંકોચક, ચર્મદોષનાશક, શોથહર, વેદનાસ્થાપક અને વ્રણરોપક છે. એની ક્રિયા મગજ અને જ્ઞાાનતંતુઓ પર થાય છે. પ્રસૂતાના ગર્ભાશય શુદ્ધિ માટે મજીઠ કે મંજીષ્ઠાદિકવાથ અપાય છે. ચામડીના રોગોમાં વપરાતો અમૂલ્ય મંજીષ્ઠાદિકવાથ- મજીઠ, ત્રિફળા, દારૂહળદર, ગળો, કડુ કડવા લીમડાની છાલ, વ્રજ સરખે ભાગે લઈ યવકુટ કરવું. આમાંથી ૧૦ થી ૨૦ ગ્રામનો ઉકાળો બનાવી સવાર-સાંજ પીવો. આશરે બે માસ આ કવાથ પીવાથી

અનુસંધાન પાના નં.૬ ઉપર

અહંકાર, આનંદ અને ઉત્સવ

માનસ **ડૉ. પ્રવીણ પટેલ**

પરમાત્માની ઉત્સવપૂર્ણ ઉલ્લાસીત સૃષ્ટીનો સત્યાનાશ વાળવામાં સૌથી મોટો ફાળો તેની (પ્રભુ)ની જ ઉત્કૃષ્ટ રચના ગણાતા મનુષ્યનો જ છે. સ્વાર્થ, લોભ, શોષણ, સામ્રાજયવાદ, સત્તાપિપાસા અને અહંકાર જેવી વૃત્તિઓથી લિપ્ત કેટલાક ભૌતિકવાદી લોકોએ જગતના બાકીના જીવોનો આનંદ છીનવી લીધો છે. ભલે પછી એ વાત ક્ષણિક આનંદની હોય કે પરમાનંદની.

જગતના રંગમંચ પર પ્રતિદિન, પ્રતિપળ, પ્રતિક્ષણ ખેલાતા દુરાચાર, અનાચાર, ભ્રષ્ટાચારના વિવિધ ખેલોમાં પોતાને જ સર્વશ્રેષ્ઠ, શક્તિશાળી માનતા અહંકારી લોકો જ ખેલંદાની ભૂમિકા ભજવી રહ્યા છે અને લાખો જીવાત્માઓ ત્રાસ ભોગવી રહ્યા છે. આવા સંજોગોમાં સરળ શ્રદ્ધાળુઓના અંતરમાં પ્રશ્ન જાગે છે, આવા ઘમંડી અત્યાચારીઓને પરમાત્મામ કેમ કોઈ પદાર્થપાઠ શીખવાડતો નથી ? પ્રભુ જેવું કંઈ છે કે નહીં વિશ્વમાં ??

ઈશ્વર છે.. તે સર્જનહારની સૃષ્ટીમાં લયબદ્ધતા, શીસ્ત અને નિશ્ચિતતા છે. સ્વામી વિવેકાનંદે ગુરૂદેવ રામકૃષ્ણ પરમહંસની કૃપાથી ઈશ્વરનાં દર્શન કર્યા હતા. જ્યારે જ્યારે કોઈપણ વૃત્તિ, વસ્તુ કે પરીસ્થિતિમાં અતિ થઈ જાય છે ત્યારે પરમાત્મા પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે તેને નિયંત્રીત કરે જ છે.ઋષિઓની ભૂમિ ભારતમાં જ્યારે અભિમાની, સામ્રાજયવાદી અને શોષણખોર અંગ્રેજ સલ્તનતનો અહંકાર માઝા મુકવા લાગ્યો. તેનો ઘમંડ ચરમસીમાને સ્પર્શવા લાગ્યો ત્યારે પરમાત્માએ સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ ઘોષ જેવી વિભૂતિઓને ભારતમાં જાગૃતિ આણવા મોકલી. ત્યાર પછી એક બાજુ ગાંધીજી તો બીજી બાજુ ક્રાંતિવીરોને મોકલ્યા.

ગોરા અંગ્રેજો ઘઉંવર્ણા ભારતીયોને અપમાન કરવા પોતાના રહેણાંક બહાર ઉદ્યાન, કલબો, રેસ્ટોરાં, કચેરીઓ તથા ટ્રેનોના ફર્સ્ટ કલાસ ડબ્બાના બહાર એક તખતી મુકાવતા. એ તખતીમાં તેઓ લખતા..

Indians and dogs are not allowed here ? ભારતવાસીઓ અને શ્વાન વચ્ચેની, મનુષ્ય અને પ્રાણી વચ્ચેની ભેદરેખા જ તેમણે અંગ્રેજોએ મીટાવી દીધેલી.. એ ફીરંગીઓના અહંકારની પરાકાષ્ઠા હતી. એ જ અંગ્રેજોના ઘમંડના કારણે

અનુસંધાન પાના નં.૬ ઉપર

રાત્રે મોડા સુધી જાગવું એ શરીર અને હૃદયના મેટાબોલિક ચક્ર માટે જોખમી

આરોગ્ય

આજકાલ યુવા વર્ગને રાત્રે જાગવાની મજા આવે છે. તો બીજી તરફ ઘણા એવા લોકો હોય છે જે વહેલું સુવાનું પસંદ કરે છે. એક સંસોધનના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, રાત્રે મોડા સુધી જાગવુંએ શરીર અને હૃદયના મેટાબોલિક ચક્ર માટે ખૂબ જોખમી છે. લાંબા ગાળાપછી સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો પણ કરવો પડે છે

રાત્રે મોડા સુવાથી અને સવારે મોડા ઉઠવાથી શરીરને નુકસાન થાય છે. આ આદતને કારણે તમે જીવનના જોખમમાં પણ મૂકાઈ શકો છો. ફેનબર્ગ સ્કૂલ ઓફ મેડિસિન નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીના સંશોધકોએ જણાવ્યું હતું કે. રાત્રે મોડા સુધી જાગનારાઓ અને સવારે મોડા સુધી સુનારાઓને ભવિષ્યમાં ખુબ મોટી અને ગંભીર પરિસ્થિતિઓનો સામનો કરવો પડી શકે છે

આ અભ્યાસ ૫૦ હજારથી વધુ લોકો પર કરવામાં આવ્યો છે.નિષ્ણાતોનો દાવો છે કે, આવા લોકોની મૃત્યુ સમય કરતા પહેલા જ થઈ શકે છે. જે લોકો વહેલી સવાર માં ઉઠી જાય અને રાત્રે પણ સમયસર સુઈ જાય તેવા લોકો ને માટે સ્વાસ્થ્ય ખુબ જ સારું નીવડે છે.

ભૂતકાળમાં પણ એવું કહેવામાં આવ્યું હતું કે, મોડે સુધી જાગવાની ખરાબ અસર હૃદયની તંદુરસ્તી પર છે અને શરીરની મેટાબોલિક પદ્ધતિ પણ અસર કરે છે.જે લોકો રાત્રે મોડા ઊંઘે છે,તેઓનું નબળા સ્વાસ્થ્યને કારણે મૃત્યુનું જોખમ ૧૦ ટકાથી વધુ છે.યુનિવર્સિટીના પ્રોફેસર માલ્કમ વોન શાન્તઝે જણાવ્યું હતું કે, આ એક જાહેર આરોગ્ય સમસ્યા છે અને તેના ઉપર ધ્યાન દોરવું જોઈએ.

મન બિલોરી કાચ

અનુસંધાન ૫ નુ ચાલુ...

અને પરેજી પાળવાથી મોટાભાગના ચામડીના રોગો મટે છે.વિશેષ પ્રકારના રોગમાં વિશેષ ઔષધ સાથે મંજીષ્ઠાદિકવાથ વાપરો મૂળચૂર્ણ માત્રા ૧ થી ૨ ગ્રામ બે થી ત્રણ વખત અલ્પ માત્રામાં મગજ અને જ્ઞાાનતંતુઓ પર શામક અને ભારે મોટી માત્રામાં ચક્કર આવી શકે છે. ઉદરના વિષ ઉપર મજીઠ હળદર અને મીઠું પાણી સાથે લસોટી દંશ પર લગાડવું. મોં પર શ્યામ જાંબલી થતા ડાઘ પર મજીઠ મધ સાથે ઘસી ડાઘ પર લગાવવું.

માનસ..

અનુસંધાન ૫ નુ ચાલુ...

બેરીસ્ટર મોહનલાલ કરમચંદ ગાંધીને આફ્રિકામાં એક ટ્રેનમાં મુસાફરી કરતા ફર્સ્ટ કલાસમાં ચઢતા એક અંગ્રેજે ધૃણાથી ધક્કો મારી ઉતારી દીધા હતા. એ અપમાને જ સત્યાગ્રહ અને ગાંધીવાદને જન્મ આપ્યો જે ગોરાઓને ભારે પડયો.

સ્વામી વિવેકાનંદને આધ્યાત્મિક ગુરૂ માનતા જહાલવાદી શ્રી અરવિંદ ઘોષે અતિમનસ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી આગાહી કરી હતી. 'મારા જન્મદિવસે હિંદુસ્તાન આઝાદ થશે !' હા, શ્રી અરવિંદ ઘોષ તા.૧૫-૮-૧૮૭૨ માં જન્મ્યા હતા. તેમની એ આગાહી અંગ્રેજો માટે તો શાપરૂપ જ પુરવાર થઈને ? કેસરી અખબારના તંત્રી લોકમાન્ય બાળ ગંગાધર ટીળકે મહારાજે ચિક્કાર ન્યાયાલયમાં સિંહગર્જના કરી હતી. .. 'સ્વરાજય મારો જન્મસિદ્ધ હક્ક છે અને તે હું મેળવીને જંપીશ..' એ ગર્જના પણ ગોરાઓના ગર્વ માટે અભિશાપ સિધ્ધ થઈ ! ક્રાંતિકારી દળના વડા શ્રી રામપ્રસાદ 'બિસ્મીલ' ને કાકોરી કેસમાં ફાંસીની સજા થઈ ત્યારે તેમણે પોતાની અંતિમ ઈચ્છા વ્યકત કરતાં કહ્યું હતું, "ુજર ં રી ફ્રુહ કદ્રમ્મં ં ક ં રી મૈંરિજર ઈદ્વી..." - મારી ઈચ્છા છે કે અંગ્રેજ સામ્રાજયનુ ંપતન થાઓ ! અને અહંકારી અંગ્રેજો માટે ભગવાન પ્રેરીત 'બિસ્મીલ' ના મુખેથી તા.૨૭-૧૨-૧૯૨૭ ના રોજ નીકળેલા શાપે આખરે ગોરાઓના અહંકારનો ભુક્કો બોલાવી દીધો. સામ્રાજયવાદનો સફાયો થતાં અંગ્રેજો માણસ બનવા લાગ્યા અને વર્ણભેદથી મુકત થઈ બીજા માનવીઓને મચ્છર ન ગણતાં મનુષ્ય ગણવા લાગ્યા.

ડૉ. પ્રવિણ પટેલ

દરરોજ સ્માર્ટફોન ૩૦ મીનિટ બંધ રાખવાથી થનારા ફાયદાઓ....

આજકાલ દરેક લોકો નાના બાળકથી લઈને મોટા લોકોને પોતાના સ્માર્ટફોન સાથે ચોંટી રહેવાની આદત થઈ ગઈ છે. પરંતુ એક કંપનીના સીઈઓએ ઓછામાં ઓછી ૩૦ મિનીટ સ્માર્ટફોન બંધ રાખવાની સલાહ આપી છે. દિવસમાં ૩૦ મિનીટ માટે ફોન બંધ રાખવાના ઘણાં ફાયદા જણાવ્યા છે. તેમનું કહેવું છે, સ્માર્ટફોન મેઈન્ટેનન્સથી લઈને યુઝરની હેલ્થ સુધી ઘણી જ અસર પાડે છે. તે સિવાય કેટલાક હેલ્થ એક્સપર્ટનું પણ કહેવું છે કે, દિવસમાં ૩૦ મિનીટ પણ તમે ફોન બંધ રાખો છો તો તમને ઘણાં જ ફાયદા થશે.

ઓવરહિટીંગ નહી થાય

તમારા મોબાઈલ ફોનમાં જો ઓવરહિટીંગની સમસ્યા છે તો તેના ઘણા કારણ હોઈ શકે છે. તેવામાં હેન્ડસેટ જો વધારે ગરમ થઈ જાય છે તો કેટલાક સમય સુધી તેને બંધ કરી દેવો એક સારો ઉપાય છે.

બેટરી લાઈફ વધશેસ્માર્ટફોનને બંધ કરવા અથવા તેને હાઈબર્નેટ મોડ પર રાખવાથી બેટરી લાઈફ પર અસર પડે છે. એવું કરવાથી બધી બેકગ્રાઉન્ડ એપ્સ એક વખત બંધ થઈ જાય છે. તેના લીધે સ્માર્ટફોનની બેટરી બચે છે.

મગજ શાંત રહેશેમગજ ક્યારેય પણ મલ્ટીટાસ્ક નથી થતું પરંતુ તે કેટલાક કામો વચ્ચે સ્વિચ કરે છે. તેવામાં સ્માર્ટફોન કેટલાક સમય માટે બંધ કરવાથી મગજને શંતિ મળે છે.

કોન્સન્ટ્રેશન વધેએક રિસર્ચ મુજબ, ૬૧ ટકા સ્માર્ટફોન યૂઝર્સ નોટિફિકેશન જોયા વગર રહી નથી શકતા. આ જ કારણ છે કે તમારા બીજા કોઈ કામ માટે કોન્સન્ટ્રેશન નથી થઈ શકતું. તેવામાં ફોનને કેટલાક સમય માટે બંધ કરી દો. જેનાથી તમારી કોન્સન્ટ્રેશન વધશે.

સ્માર્ટફોન સારી રીતે વર્ક કરશે

જો તમારો સ્માર્ટફોન ચોંટે છે અને તમારા ફોનની સ્પીડ ધીમી થઈ ગઈ છે તો સ્માર્ટફોન સારી રીતે કામ નહી કરે. તેવામાં જો તમે ફોન બંધ કરવા માંગતા નથી તો ફોનને રીબૂટ કરી લો. આવું કરવાથી સ્માર્ટફોનના બેકગ્રાઉન્ડમાં ચાલતી એપ્સ બંધ થઈ જશે અને બધા જ અપડેટેડ ફીચર્સ સારી રીતે કામ કરવા લાગશે.

(જી.એન.એસ)

માથાનો અને સાંધાનો દુ:ખાવો ભૂલી જશો જો પીશો આ ચા...

જે લોકોને સવારે-સાંજે ચા પીવાની ટેવ છે તેના માટે કાળી મરીની ચા કોઈ વરદાનથી ઓછું નથી. આ ચા સ્વાદની સાથે-સાથે ખૂબ આરોગ્યકારી પણ છે. તેનાથી માથાનો દુખાવો અને ધૂંટણના દુખાવા જેવા રોગો દૂર થઈ શકે છે. સૌથી પહેલા એક તપેલીમાં કે વાસણ પાણી નાખી મધ્યમ તાપ પર ઉકળવા માટે મૂકો. પાણીમાં ઉકાળ આવ્યા પછી આદું નાખો અને ચમચીથી હલાવો. પછી તેમાં કાળી મરી પાઉડર અને તુલસી પાન નાખી ૨-૩ મિનિટ સુધી ઉકાળો અને તાપ બંદ કરી નાખો.

ચા ને ચાલણીથી ગાળી એક કપમાં કાઢી લો.

ત્યારબાદ તેમાં મધ અને લીબૂનો રસ નાખી ચમચીથી મિક્સ કરો.

તૈયાર છે ગરમાગરમ કાળી મરી ચા.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :......................... પતિ/પિતા :.........................

માતા : ....જ.તા. ....ઉ.વ.

પરિચય: ....

સરનામુ : ....

મોકલનારની સહી : ....

રસાહાર ચિકિત્સા (જ્યુસ થેરેપી)

બદલાતી ઋતુમાં ત્વચા અને વાળની ખૂબ કાળજી રાખવી પડતી હોય છે. કારણ કે વાળ અને ત્વચા રૂક્ષ બની જાય છે જ્યારે તેની યોગ્ય રીતે કાળજી રાખવામાં ન આવે. ટ્રી ટ્રી ઓઈલના યોગ્ય ઉપયોગથી વાળ અને ત્વચાની સુંદરતા જાળવી શકાય છે

તાજા ફળો અને લીલા શાકભાજીનો રસ આપીને પેશન્ટના દરદીને દૂર કરવાની નવી જાતની પદ્ધતિ એટલે રસઆહાર ચિકિત્સા અથવા જ્યુસ થેરેપી કહે છે.વૈજ્ઞાાનિકોએ પ્રયત્નો કરી સિદ્ધ કર્યું છે કે તમે જે કોઈ ફળ કે શાકભાજીનો રસ-ફક્ત રસ અને પાણી આખા દિવસમાં આપો તો તમારા શરીરમાં કોઈ રોગ રહેશે નહીં. આજકાલ મોટાભાગના સર્ટીફાઈડ 'નેચરોપાથ' અને હર્બલ મેડિસિન અભ્યાસ કરેલા બધા જ ડૉક્ટરો આ થેરેપીનો ઉપયોગ ઘણા બધા દર્દોમાં કરે છે. જ્યુસ થેરેપીનો ઈતિહાસ ૧૬મી સદીમાં જે ખલાસીઓ લાંબી સમુદ્રની સફરે જતા હતા તેમને સ્કર્વી નામનો રોગ થતો હતો જેમાં સખત થાક અને સુસ્તી લાગે શરીરની ચામડી ઉપર ડાઘા પડે, અવાળા પોચા થઈ જાય મોંમાંથી લોહી નીકળે સાથળ ઉપર વધારે પડતાં લાલ ડાઘા પડે જેમ જેમ રોગ વધતો જાય તેમ શરીર પર ઘા પડયા હોય તેવા નિશાન થાય જેમાંથી લોહી નીકળે શરીર ફીકું પડી જાય, કમળો થાય, તાવ આવે અને જ્ઞાાનતંતુ કામ ના કરે છેવટે મૃત્યુ થાય. ખાસ કરીને આ દર્દ લાંબી દરીઆઈ સફર કરનાર ખલાસીઓને અને ચાંચીયાઓ (પાઈરેટસ)ને થાય. મોડર્ન મેડિસિનના આદ્ય પુરૂષ હિપોક્રેટીસે આ રોગમાં સન ૪૬૦ બી.સી.માં લીબુ અને તાજા ફળોનો રસ આપીને સાજા કર્યા હતાં. પછીથી થયેલા સંશોધનોથી નક્કી થયેલું કે આ બધા સ્વર્વનના લક્ષણો વિટામિન સીની ખામીથી થતાં હતા જે ફળો (લીબુ નારંગી-આમળા-મોસંબી)ના રસથી સ્કર્વનનો રોગ મટી જતો હતો. આ અંગે જ્યારે વધારે શોધખોળો થઈ ત્યારે એવું નક્કી થયું કે શરીરને જોઈતા વિટામિન મિનરલ ફાઈબર આ થેરેપીમાંથી મળે છે.

જ્યુસ થેરેપીથી શું ફાયદા થાય ? ૧. તમારી પાચન શક્તિ વધે ૨. તમારા શરીરની ઈમ્યુનીટી (રોગ પ્રતિકારક શક્તિ) વધે. ૩. શરીરમાંથી ઝેરી પદાર્થો. એટલે કે ટોકીસન્સ નીકળી જાય. ૪. ચામડીની ચમક વધે કરચલી ના પડે ૫. હોર્મોન એન્ઝાઈમ ન્યુરોટારન્સ્મીટર્સ અને લોહીનું પ્રમાણ વધે ૬. શરીરનું વજન ઓછું થાય. ૭ આંખોની ચમક વધે ૭. આ થેરેપીની કોઈ આડ અસર નથી. ૮. શરીરને જરૂરી બધા જ તત્ત્વો સોડીઅમ-કેલ્શ્યમ-પોટાશ્યમ કલૉરાઈડઝ મળે એટલે શરીરની તાજગી વધે.

એન્ટીબાયોટિક્સ

અનુસંધાન ૫ નુ ચાલુ..

અલબત્ત એન્ટીબાયોટિક્સ બેક્ટિરિયા, પેરાસાઈટ જેવા માઈક્રો ઓર્ગેનિઝમને ટાર્ગેટ બનાવે છે. પરંતુ વાઈરસ સામે તે દવાઓ અસરકારક હોતી નથી. નિષ્ણાંત લોકોનું કહેવુ છે કે નિષ્ણાંત તબીબો દ્વારા લખવામાં આવેલી દવા જ લેવામાં આવે તે જરૂરી છે. ચોક્કસ ઓન્ટીબાયોટિક્સ જે ઉપલબ્ધ છે તે ચોક્કસ ઓર્ગનમાં ચોક્કસ બેક્ટિરિયા પર પ્રહાર કરે છે. તબીબો મોટા ભાગે ચકાસણી કર્યા બાદ દવા નક્કી કરે છે જેથી આ દવા યોગ્ય પ્રમાણમાં હોય છે.તાજેતરમાં કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આડેધડ દવા લેવાથી ખતરો ઉભો થઇ શકે છે.

જો આ રીતે કરશો જીરાનું સેવન તો પેટની ચરબી ઝડપથી ઓછી થશે

જીરુ ખાવામાં ટેસ્ટી સ્વાદ અને સુગંધ આપે છે. તેની ઉપયોગીતા ફક્ત ખાવા સુધી જ સીમિત નથી પણ તેના અનેક સ્વાસ્થ્યવર્ધક લાભ પણ છે. જીરામાં મૈગનીઝ, લોહ તત્વ, મૈગ્નેશિયમ, કેલ્શિયમ, ઝિંક અને ફોસ્ફોરસ પુષ્કળ પ્રમાણમાં હોય છે. આની સૌથી વધુ વિશેષતા એ છે કે આ વજનને ઝડપથી ઘટાડે છે. જીરાના સેવનથી પાચનતંત્ર સુધરે છે. મેટાબૉલિજ્મનુ સ્તર ઝડપી થાય છે અને આ ફેટના અવશોષણને પણ અવરોધે છે.

જાણો જીરાનું સેવન કેવી રીતે કરશો તો વજન ઓછુ થશે

એક તાજા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે જીરા પાવડરનુ સેવન કરવાથી શરીરમાં વસાનુ અવશોષણ ઓછુ થાય છે. જેનાથી સ્વભાવિક રૂપે વજન ઓછુ કરવામાં મદદ મળે છે. એક મોટી ચમચી જીરુ એક ગ્લાસ પાણીમાં આખી રાત પલાળીને મુકી રાખો. સવારે તેને ઉકાળી લો અને ગરમા ગરમ ચા ની જેમ પીવો. બચેલી જીરુ ચાવી જાવ. આનુ રોજ સેવન કરવાથી વધારાની ચરબી શરીરમાંથી બહાર નીકળી જાય છે.

સેકેલી હીંગ, સંચળ અને જીરુ સમાન માત્રામાં લઈને ચૂરણ બનાવી લો. તેને ૧-૩ ગ્રામ માત્રામાં રોજ દિવસમાં બે વાર દહી સાથે લેવાથી વજન ઓછુ થાય છે. આના સેવનથી શરીરમાંથી વધારાની ચરબી દૂર થવા ઉપરાંત શરીરમાં રક્તનું પરિસંચરણ પણ ઝડપથી થાય છે અને કોલેસ્ટ્રોલ પણ ઘટે છે. આ વાતનુ વિશેષ ધ્યાન રાખો કે ભોજન કરવાના ઓછામાં ઓછા બે કલાક પછી ચૂરણ લો અને ચૂરણ લીધા પછી એક કલાક સુધી કશુ ન ખાશો.

સવારે કેળા સાથે ગરમ પાણી પીવાનો ફાયદો જાણીને તમે ચોંકી જશો

કેટલાક લોકો તો એવા હોય છે કે ફેશનને કારણે વજન ઓછુ કરવા માટે અડધુ પેટ જ જમે છે. જેથી કરીને તેમનુ વજન વધે નહી. આ માટે આપણે એક્સરસાઈઝ અને વજન ઓછુ કરવાની દવાઓનો પણ ઉપયોગ કરીએ છીએ. જેનાથી આપણું વજન કંટ્રોલમાં આવી જાય. પણ તમે જાણો છો કે કેળુ ખાઈને તમે તમારુ વજન ઓછુ કરી શકો છો. જી હા..

અનેક લોકોની ધારણા હોય છે કે કેળુ ખાવાથી વજન વધે છે પણ અમે તમને એક એવો ઉપાય બતાવી રહ્યા છે જેનો ઉપયોગ કરી તમે સ્લિમ બોડી મેળવી શકો છો. જી હા તમે ચોકી ગયા ને કે આ કેવી રીતે શક્ય છે. તો અમે તમને બતાવી દઈએ કે કેળુ અને ગરમ પાણી પીવાથી તમે જાડાપણાથી મુક્તિ મેળવી શકો છો.

રોજ સવારે કેળા અને એક કપ ગરમ પાણી પી ને તમે તમારુ વજન જ ઓછુ કરવાની સાથે સાથે તમારી બોડીને શેપ પણ આપી શકો છો. એવુ કહેવાય છે કે કેળામાં જોવા મળતુ સ્ટાર્ટ અને કાર્બોહાઈડ્રેટ તમારુ વજન વધારી શકે છે. પણ જો આ સાથે ગરમ પાણીનું સેવન કરવામાં આવે તો તમે વજન ઘટાડી શકો છો. આનુ સેવન કરવાથી તમારુ પેટ પણ ભરેલુ રહેશે સાથે જ તમારી એનર્જીનુ સ્તર પણ વધી જશે.

આ ડાયેટનુ નામ મૉર્નિંગ બનાના રાખવામાં આવ્યુ છે. જે કે સહેલાઈથી કરી શકાય છે. જો તમે વિચારી રહ્યા છો કે આ ડાયેટ આટલુ સારી રીતે કેવી રીતે કામ કરે છે તો અમે તમને બતાવી દઈએ કે આવુ કરવાથી શરીરનુ મેટાબોલિજમ વધી જાય છે અને પાચન ક્રિયા ઝડપી થઈ જાય છે.

કેળુ એક પ્રકારે સ્ટાર્ચથી ભરપૂર હોય છે. જેમા ગ્લાઈસેમિક ઈંડેક્સની માત્રા ખૂબ જ ઓછી હોય છે. જેનાથી આ પચવામાં ખૂબ વધુ સમય લે છે અને લાંબા સમય સુધી પેટ ભરેલુ રહેવાનો એહસાસ રહે છે. તેનાથી એનર્જી પણ ખૂબ મળે છે.

જે લોકો આ ડાયેટનુ પાલન કરે છે તેમણે રાત્રે ૮ વાગ્યા સુધી ડિનર કરી લેવાની સલાહ આપવામાં આવે છે અને ડિનર પછી ગળ્યુ ન ખાવુ જોઈએ. કેળા હંમેશા તાજા જ ખાવ. આવો ઉદાહરણ તરીકે જોઈએ કે કેવુ હોવુ જોઈએ તમારુ ડાયેટ... બ્રેકફાસ્ટમાં એક કે વધુ કેળા(તમારુ પેટ ભરાય તેટલા) ૧ ગ્લાસ ગરમ પાણી.

લંચ - તાજા સલાદ સાથે ભોજન.. ભૂખ લાગતા ૩ વાગતા પહેલા કંઈક ગળ્યુ પણ ખાઈ શકો છો.

ડિનરમાં શાકભાજીઓથી ભરપૂર ભોજન ગળ્યુ ન ખાવ...

થરામાં છેલ્લા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આવી દુર્ગંધ મારી ઝેરી મચ્છર- માખી જીવજંતુઓનો ફેલાવો કરી રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત ઉભી કરી છે. આ બાબતે પાલિકા તંત્રનું ધ્યાન દોરતાં તેમણે જણાવ્યું હતું કે, નેશનલ હાઈ-વે ઓથોરીટી સત્તાવાળાઓનું લેખિત- મૌખિક ધ્યાન દોર્યુ છે તે વાત સાચી છે હવે ગટરનો કચરો ગંદકી બહાર આવ્યાં છે. રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. આ જવાબદારી નેશનલ હાઈ-વે ઓથોરીટીની છે. પણ તેઓ કોઈ સફાઈની કાર્યવાહી છેલ્લા ત્રણ- ચાર વર્ષથી કરાવતા નથી. ફુટપાથ પર બેફામ દબાણો થયાં છે. જેના કારણે ગટરનાં ઢાંકણાં ખોલવા મુશ્કેલ છે. ટ્રાફિક વ્યવસ્થા પણ વિકટ બની છે. નેશનલ હાઈ-વે ઓથોરીટી તગડા ટોલટેક્ષ ઉઘરાવે છે. ત્યારે સફાઈ બાબતે કેમ ચૂપ?? જિલ્લા કલેક્ટર, કાંકરેજ મામલતદાર જિલ્લા આરોગ્ય ટીમ- ચીફ ઓફિસરની ચૂપકીદી પાછળ પણ કંઈક રહસ્ય છે. ગૃહિણીઓને કચરો- સ્વચ્છતા રાખવાનો બોધપાઠ આપી સમાચાર પ્રસિદ્ધ કરાવનાર આરોગ્ય ખાતું આ ગટરનું નિરીક્ષણ કરી ભયંકર રોગચાળો ફાટી નીકળે તે પહેલાં સફાઈ ઝુંબેશ હાથ ધરાવવામાં સફળ થશે?? ભાજપ- કોંગ્રેસના આગેવાનો- ઉત્સાહી તાલુકા શહેરની ટીમો આ બાબતે મોટી રેલી કાઢી વડાપ્રધાનને નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા અભિયાનને ઉજાગર કરી છાપા- ન્યુઝ ચેનલોમાં સમાચાર પ્રસિદ્ધ કરાવશે ખરું?? કે પછી ભારત માતા કી જય.. વંદે માતરમ્ કહી સ્વચ્છ જગ્યાએ સાવરણા ફેરવી સ્વચ્છતા અભિયાનની પહેલ કરાવશે?? તાલુકામાં સાચા પ્રશ્નોને વાચા મળે તેવી લોકોની માંગ છે. પાંચ વર્ષ સુધી ફક્ત મેળાવડા સમારંભોમાં મશગૂલ રહેતા નેતાઓ કાર્યકરો થરા નગરપાલિકાની ગટરો- દબાણોને પીવાના અશુદ્ધ પાણી- એસ.ટી. બસ બાબતે રેલી કાઢી સાચી જાગૃતિની પહેલ કરશે??

ગુરૂરામપાવન ભૂમિમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જીવન-સંયમ જીવનનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે સંયમ વૃતિ અને પ્રવૃત્તિનું પરિમાર્જન કરે છે. સંસારની તમામ સ્મૃતિઓનો એક જ ઝાટકે ત્યાગ કરીને પ્રભુ મહાવીરના ત્યાગ માર્ગે સંચરવું એ દીક્ષા છે. દુનિયાનું શ્રેષ્ઠ પરાક્રમ છે વાસનાઓને તિલાંજલિ આપી ઉપાસનાના સથવારે ભવસાગર પાર કરે તે સંયમ જીવન છે. જ્યાં રોજ ડ્રેસ બદલાય, પરંતુ એડ્રેસ એક જ રહે તે સંસાર અને જ્યાં રોજ એડ્રેસ બદલાય પરંતુ ડ્રેસ એક જ રહે માત્ર સફેદ વસ્ત્રો જ ગ્રહણ કરવા એ સંયમ જીવન છે. આત્માની ઉન્નતિ માટે અગ્રેસર બનવાનો માર્ગ છે. ૪૦૦ મા રજોહરણ નિમિત્તે તા.૨૩ ના પૂજ્ય ગુરૂ ભગવંતોનો પ્રવેશ, શક્રસ્તવ અભિષેક, બંને મુમુક્ષુ પર કેસર છાંટણા, બેનોની સાંજી, રાત્રે મુમુક્ષુ વિદાય, વેલકમ સંયમ તા.૨૪ એપ્રિલે વર્ષીદાન, તા.૨૫ એપ્રિલ છ યુવાનોની દિક્ષા સાથે ૪૦૦ મી દીક્ષા એશીયા, ઈન્ડીયા, ગુજરાત બુક ઓફ રેકોર્ડ દ્વારા ઘોષીત થશે.

જીએસટી-નોટબંધીથી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

મુજબની વાત કરી છે. સંગઠને પોતાના અહેવાલમાં કહ્યું છે કે, કારોબાર, ઉદ્યોગ અને નિકાસકારો ઉપર જીએસટીની અસર ખુબ વધારે થઇ છે. નિકાસમાં મધ્યમ સ્તરમાં ૧૦ ટકાનો વધારો રહ્યો હતો. છેલ્લા નાણાંકીય વર્ષમાં વેપાર ખાધ એક વર્ષ પહેલાના ૧૦૮ અબજ ડોલરથી ૪૫ ટકા વધીને ૧૫૭ અબજ ડોલર સુધી પહોંચી ગઈ હતી. સંગઠનના અધ્યક્ષ અનિલ ખેતાનનું કહેવું છે કે, નોટબંધીની અસર તથા જીએસટીની અડચણોના લીધે રચનાત્મક અને સ્થાનિક પરિબળો વચ્ચે નિકાસ પર અસર થઇ છે. ખેતાનનું કહેવું છે કે, કેટલાક નિકાસકારો હજુ પણ ઈન્ટીગ્રેટેડ જીએસટીના પોતાના બાકી રિફન્ડ લેવા માટે રાહ જોઈ રહ્યા છે. આના કારણે તેમની સામે દરરોજ ખર્ચની મુડીનો અભાવ છે અને કામગીરી કરી શકતા નથી. ખેતાનનું કહેવું છે કે, ઈન્ટીગ્રેટેડ જીએસટીના બાકી રકમના લીધે વૈશ્વિક બજારમાં ઉભરી રહેલી તકોનો લાભ લેવામાં અડચણો આવી રહી છે.

પાલનપુરમાં બીમાર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સમાજ સંચાલિત મહેશ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા શહેરમાં ફરતી ગાયોને સમય સર સારવાર મળી રહે તે માટે અંદાજીત સાત લાખના ખર્ચે મોબાઈલ એમ્બ્યુલંસ વાન ભેટ આપવામાં આવી છે.જેથી આગામી સમયમાં કોઇ ગાય બિમાર કે અકસ્માતનો ભોગ બનશે તો એમ્બ્યુલંસના ડોક્ટરો સ્થળ ઉપર પહોચી ગાયનો જીવ બચાવવાનું કાર્ય કરવામાં આવશે.

ચોર્યાસી તાલુકાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

૭૫ જેટલા આવાસો પ્રગતિ હેઠળ હોવાનું તેમણે કહ્યું હતું. આ વેળાએ સ્વાગત પ્રવચન વાંઝના સરપંચ પ્રિતેશભાઈ તથા આભારવિધિ મોહિણીના સરપંચ ચિરાગભાઈ પટેલે આટોપી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની વિવિધ કિટ્સ જરૂરતમંદોને એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે જિ.પં.ના કારોબારી અધ્યક્ષ હિતેન્દ્રભાઈ વાસીયા, તા.પ.કારોબારી અધ્યક્ષ, જિ.પં.સભ્યશ્રી ઠાકોરભાઈ પટેલ, તા.પં.સભ્યશ્રી નગીનભાઈ તેમજ મોટી સખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બી.કે. મીડિયા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સામે ઉગ્ર અવાજ કરવાના આશયથી એક નવું બી. કે મીડિયા ગ્રુપ બનાવી પ્રજાને નવી તાકાત પુરી પાડવાનું ઉમદા કાર્ય કર્યું છે. આ ગ્રુપ થકી પત્રકારભાઈઓ એક થઈ ભાઈચારા સાથે ચોથી જાગીરનો ધર્મ નિભાવવાનો સંકલ્પ લીધો છે. નવીન બનેલ બી. કે મીડિયાના ગ્રુપમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી તેમજ સલાકાર સહિત કારોબારી સભ્યો સાથે ૨૨ જેટલા મીડિયા કર્મીઁઓએ આ ગ્રુપ બનાવાયુ છે જે ખરેખર બિરદાવાને લાયક છે.

રવિવારના જગાણા પાસે આવેલ જૈન ઉપાશ્રય મંદિર ખાતે બી.કે મીડિયા ગ્રુપનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો.આ સ્નેહ મિલન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે બનાસકાંઠા એસપી નીરજ બર્ડ ગુજ્જર, ડૉ.સુરેન્દ્ર.ગૃપ્તા ડૉ.સંજય ચૌધરી.,જગાણા ગામ સરપંચ, વરિષ્ઠ પત્રકાર કિરીટભાઈ ત્રિવેદી,જિલ્લાપંચાયત સદસ્ય લાલજીભાઈ કરેણ જગાણા દુધ મંડળી ના ચેરમેન બાબુભાઈ ચૌધરી.નોટરી એડવોકેટ ભીમજીભાઈ ચૌધરી.સહીત ના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પુષ્પગુચ્છથી મહેમાનોનું સ્વાગત કરવામા આવ્યું હતું. કાર્યક્રમમાં તમામ મહેમાનોએ પોતાના બે શબ્દોના વ્યક્તવ્યમાં ગ્રૂપ ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે એવી હદયથી શુભેચ્છાઓ પાઠવી હતી.

થરાદના મલુપુર...

પાના નં .૮ ચાલુ

ઉદેસીભાઈ પ્રેમાભાઈ પટેલના ખેતરમાં ખળામાં પણ આગ લાગી હતી. જેના કારણે ખેડુતની ખળામાં રહેલી જીરૂ તથા અજમાના પાકની બોરીઓ પણ બળી જવા પામી હતી.મલુપુરની જેમ જ દોડેલા ફાયરફાયટરના કર્મચારીઓએ ભડોદરની આગ પર પણ કાબુ મેળવવાના કારણે આગને રહેણાંકો તરફ પ્રસરતી અટકાવી શકાઇ હતી.બાળકોએ ખેતરમાં રમતાં રમતાં નકામું ઘાસ સળગાવતાં પવનના કારણે લાગી હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું.

બનાસકાંઠામાં રોકડની...

પાના નં .૮ ચાલુ

સર્જાઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે દેશના અન્ય વિસ્તારોની જેમ હાલ ડીસા સહિત બનાસકાંઠાના અન્ય વિસ્તારો પણ રોડકની અછતનો સામનો કરી રહ્યા છે.આવી સ્થિતિમાં ડીસા ખાતે યોજાયેલા કિંજલ દવેના ડાયરામાં લોકોએ નોટોનો વરસાદ વરસાવતા અચરજ સર્જાયું હતું.

રાધનપુરમાં ગટરના...

પાના નં .૮ ચાલુ

છોડવામાં આવે ત્યારે ગટરોમાંથી પાણી ઉભરાઈને જાહેર માર્ગો ઉપર આવી જાય છે. જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.લોકો દ્વારા ચૂંટાયેલા સદસ્યોને રજુઆત કરવામાં આવે છે અને સદસ્યો સેનેટરી ઈન્સ્પેક્ટર પ્રશાંત સોનીને સૂચના આપે છે,પરંતુ સેનેટરી ઈન્સ્પેક્ટર સફાઈ મુકાદમનો મોબાઈલ નંબર આપીને છટકવાનો પ્રયત્ન કરે છે, જેના કારણે સફાઈના કોઈ કામ થતા નથી.જો સેનેટરી ઈન્સ્પેક્ટર ધારે તો તુરંત ગટરો સાફ કરાવી શકે છે,પરંતુ ભાજપના કેટલાક લોકોના ઈશારે કોંગ્રેસની બોડીને બદનામ કરવા માટે કામ કરવામાં ગલ્લા ંતલ્લાં કરવામાં આવે છે. જેનો ભોગ લોકોને બનવાનો વારો આવે છે.આ બાબતે પાલિકાના સત્તાધીશોએ કડક બનવાની જરૂર છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. શહેરના પરા વિસ્તારમાં ગટરના ગંદા પાણી જાહેર માર્ગ ઉપર ફેલાઈ જતા લોકોને અવર-જવરમાં પણ હાલાકી પડે છે.શહેરના અનેક વિસ્તારોમાં આ જ પરિસ્થિતિ છે.

ડીસામાં કારની...

પાના નં .૮ ચાલુ

ચાલકે ધડાકાભેર ટક્કર મારતા કમલેશ કુમારને ગંભીર ઈજા થતા તાત્કાલીક સરકારી દવાખાને પ્રાથમિક સારવાર આપી ભણશાળી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જયારે કાર ચાલક અકસ્માત કરી ફરાર થઈ જવા પામ્યો હતો આ અંગે મનુભાઈ લોધાએ દક્ષિણ પોલીસ મથકે જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે ડીસાની આધુનિક સીવીલ હોસ્પિટલમાં ઓર્થોપેડીક ર્ડાક્ટરની સુવિધા ન હોવાથી ગરીબ દર્દીઓને ના છૂટકે ખાનગી દવાખાનામાં વધુ પૈસા ખર્ચીને સારવાર લેવી પડે છે તો તાત્કાલિક ઓર્થોપેડીક ર્ડાક્ટરની ભરતી કરવામાં આવે તેવી જનમાંગ છે.

કાચાં શાકભાજી અને ફળ ખાવાથી માનસિક સ્વાસ્થ્ય સુધરે : અભ્યાસ

ઓટેગો

કિવી, કેળાં, સફરજન જેવાં ફળો અને લીલાં પાનવાળાં શાકભાજી, કાકડી અને ગાજર જેવાં શાકભાજી કાચાં ખાવાથી ડિપ્રેશન જેવાં લક્ષણોમાં રાહત મળી શકે છે. અભ્યાસકર્તાઓનું કહેવું છે કે ફળો અને શાકભાજી રાંધીને અથવા તો કેનમાં પેક કરીને પ્રોસેસ્ડ ફૂડની સાથે ભેળવીને લેવામાં આવે એના કરતાં કાચાં અને નેચરલ ફૉર્મમાં લેવામાં આવે તો માનસિક ડિસઓર્ડરનાં લક્ષણો હળવાં થાય છે.

સાઈકોલોજિકલી વ્યક્તિ સારું ફીલ કરે તો એથી મૂડ પોઝિટિવ રહે છે એ જીવનમાં સંતોષની લાગણી વધે છે. ન્યુઝીલેન્ડની યુનિવર્સિટી ઓફ ઓટેગોના સિનિયરનું કહેવું છે કે જયારે શાકભાજી અને ફળોને કોઈ પણ પ્રકારનાં મોડિફિકેશન વિના આહાર લેવામાં આવે છે ત્યારે એનો મેક્સિમમ ફાયદો થાય છે. રાંધેલા, કેનપેક્ડ કે પ્રોસેસ કરીને રાખેલાં ફળો અને શાકભાજીથી જે ફાયદો નથી થતો.

રાધર, પ્રોસેસ્ડ ફ્રૂટ્સ અને વેજિટેબલ્સમાંથી માનસિક સ્વાસ્થ્ય માટે ફાયદાકારક પોષક તત્ત્વો નાશ પામે છે. શરીરનું સ્વાસ્થ્ય જાળવવા માટે ફળો અને શાકભાજી ખાવાનું કહેવામાં આવે છે. જો આ ચીજોથી મેન્ટલ હેલ્થ બેનિફિટ્સ મેળવવા હોય તો એ કાચી જ ખવાય એ જરૂરી છે.

ડેન્ગ્યુના તાવથી દર્દીને સ્ટ્રોકનો ખતરો બે ગણો વધી જાય છે:સર્વે

એક અભ્યાસમાં બહાર આવ્યુ છે કે ડેન્ગ્યુના તાવથી દર્દીને સ્ટ્રોકનો ખતરો બે ગણો વધી જાય છે. બીજી તરફ વિશ્વમાં ૧૦ કરોડ લોકો ડેન્ગ્યુ વાઈરલની ઝપેટમાં આવી જાય છે. તાઈવાનના ચાઈના મેડીકલ યુનિવર્સિટી હોસ્પીટલના સંશોધક ચિયા હંગ કાઓએ જણાવ્યુ હતુ કે ડેન્ગ્યુગ્રસ્ત વિસ્તારના ચિકિત્સકોએ દર્દીઓમાં આ પ્રકારના ખતરા અંગે સાવચેત રહેવું જોઈએ.

આ અભ્યાસમાં ૩૧ થી ૬૦ વર્ષના ૧૩,૭૮૭ જેટલા ડેન્ગ્યુના દર્દી પર કરવામાં આવેલા અભ્યાસ પરથી એવું તારણ પણ કાઢવામાં આવ્યુ છે કે આવી સ્થિતિમાં દર્દીને ૨.૪૭ ગણો સ્ટ્રોકનો ખતરો વધી જાય છે. આ અંગે વધુમાં જણાવવામાં આવ્યુ છે કે આવા દર્દીઓમાં બે મહિના દરમ્યાન સ્ટ્રોકસનું જોખમ વધી જાય છે.

આ અંગે સંશોધનકારોએ એવો પણ દાવો કર્યો છે કે ડેન્ગ્યુ સંબંધિત સ્ટ્રોકના ખતરા અંગે અનુમાન કરવામાં સારી મદદ મળી રહે છે. બીજી તરફ ડેન્ગ્યુગ્રસ્ત વિસ્તારમાં જે ચિકિત્સક દર્દીઓની સારવાર માટે જાય છે તેમણે પણ આવી બિમારીની ઝપટમાં આવી ન જવાય તેની સાવચેતી રાખવી જોઈએ. સામાનય તાવની સરખામણીએ ડેન્ગ્યુના તાવમાં જે તે દર્દીઓને સ્ટ્રોકનો ભોગ બનવાની શક્યતાઓ વધુ જોવા મળે છે.

આ અંગે ચીનમાં કરવામાં આવેલા અભ્યાસ પરથી ડેન્ગ્યુના તાવથી દર્દીને સ્ટ્રોકનો ખતરો બે ગણો વધી જાય છે એવી માહિતી બહાર આવી છે. તેથી આવી બિમારીઓમાં કોઈપણ પ્રકારના વિલંબ વિના તે અંગે નિદાન કરીને જરૂરી સારવાર કરાવી લેવી જોઈએ એવી તબીબોએ સલાહ આપી છે.

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
સોમવાર ૨૩ એપ્રિલ ૨૦૧૮ (૭)
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

રોજગાર કચેરી નિવાસી તાલીમ વર્ગના કો-ઓર્ડીનેટરની નિમણુંક કરવા બાબત

પાટણ

જિલ્લા રોજગાર કચેરી,પાટણ દ્વારા આર્મી/એરફોર્સ/નેવી/અર્ધ લશકરી દળો/પેરા મીલીટ્રી ફોર્સ તથા પોલીસ ફોર્સ વિગેરે માં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો માટે ભરતી પુર્વેની એક માસનો વિના મૂલ્યે નિવાસી તાલીમ વર્ગ આગામી ૦૧/૦૫/૨૦૧૮ થી ૩૦/૦૫/૨૦૧૮ સુધી કરવામાં આવનાર છે. ૩૦ દિવસ ચાલતા આ નિવાસી તાલીમવર્ગના સંચાલન માટે કો-ઓર્ડીનેટર નિમણુંક કરવાની થાય છે.જેમાં કો-ઓર્ડીનેટરની નિમણુંક કરવા માટે કોઇ પણ પ્રવાહમાં ગ્રેજયુએટની લાયકાત ધરાવતા પુરૂષ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજીપત્રકનો નમૂનો જિલ્લા રોજગાર કચેરી, પાટણ પાસેથી મેળવી અત્રેની કચેરીને તા.૨૭/૦૪/૨૦૧૮ સુધીમાં પોસ્ટ દ્વારા/રૂબરૂમાં અરજી આપવાની રહેશે તેમ રોજગાર અધિકારીશ્રી-પાટણની યાદીમાં જણાવાયું છે.

હારિજ ટાઉનમાંથી બે જુગારિયા ઝડપાયા

હારિજ

હારિજ શહેરમાં તમામ પ્રકારની ગુન્હાખોરી વધવા લાગી છે, દારૂ-જુગારની બદી ઠેરઠેર જોવા મળે છે,ત્યારે કેટલાક ઈસમો પોતાના અંગત ફાયદા સારૂ હાર-જીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતાં હારિજ પોલીસે હકીકતના આધારે રેડ કરી જુગારનું સાહિત્ય અને રોકડ મળી કુલ રૂા.૩૪૫૦ નો મુદામાલ જપ્ત કરેલ. તેમજ પોલીસે જુગાર રમતા વિનોદ અમૃતલાલ રાવળ, અને યાસીનભાઈ કલુભાઈ (રહે.હારિજ) ને ઝડપી લઈને બંનેની વિરૂધ્ધ જુગારધારા મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાટણના મુખ્ય બજારમાં પાલિકાએ કરેલા પાઈપ લાઈનના ખાડા પુર્યા બાદ રસ્તો ઉબડ ખાબડ બન્યો

પાટણ

પાટણમાં પીવાના પાણીની નવી પાઈપ લાઈન નાંખવા મુખ્ય બજાર એવા ગાંધીરોડ પર હિંગળાચાચરથી દેશીવટ બજારના નાકા સુધી રોડની બંને સાઈડોનું ખોદકામ નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમ્યાન વેપારીઓનો ૭૦ ટકા ધંધો ઠપ થઈ ગયેલ. કેમ કે દુકાન પર આવતા ગ્રાહકો ઉભા ક્યાં રહે? ખાડાઓના કારણે અનેક વહાન ચાલકોને અકસ્માતે ઈજાઓ થઈ હતી. પાઈપ લાઈનનું કામ પતી ગયા બાદ ખાડાઓ પુરવાની જે કામગીરી કરવામાં આવી તે ઉપરથી એવું ચોક્કસ માની શકાય. પાલિકાનો વહીવટ તદન ખાડે ગયેલ છે. કેમ કે ખાડાઓનું પુરાણ જેવું જોઈએ તેવું થયું નથી. બહાર ઉપસી આવેલી કોંકરેટ લોકોના પગમાં ખુંચાય છે કેટલાક ચાલીને જતા બાળકોના પગે લોહી નિકળ્યું હોવાના બનાવો પણ બન્યા છે. વર્તમાન સંજોગોમાં રોડની એક પણ સાઈડમાં ચાલી શકાય નહિં તેવી સ્થિતિ નજરે પડે છે. બને તેમાં વૃધ્ધ વ્યક્તિ ઠોકરો ખાઈને રોડ પર પડી જતાં હોવાના બનાવો હવે રોજીંદા બની ગયા છે. પુરાણ બરાબર દબાવીને થયું નથી જેથી સમગ્ર રોડ પુનઃપેવર બનાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

પાટણઃ સગા દીકરાએ અંધારામાં માતા પર દુષ્કર્મ આચર્યું

પાટણ

ઉનાવ અને કઠુઆ ગેંગરેપ જેવી ઘટનાઓના લીધે દેશભરમાં આક્રોશ ફાટી નીકળ્યો છે ત્યારે ફરી એક એવી ઘટના સામે આવી છે જેના અંગે જાણીને તમે ધુંઆપુંઆ થઇ જશો. માતાને કૂખને લજવે તેવી ચકચારી ઘટના પાટણ જિલ્લામાં બની છે. આ કિસ્સામાં સગી જનેતાને જ નરાધમ દીકરાએ પીંખી નાંખતા આખા પંથકમાં આક્રોશ ફાટી નીકળ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણના જળચોક વિસ્તારના વાડીયાવાસમાં રહેતા ચંપાબેન (નામ બદલાવેલું છે)ને તેના સગા અપરણિત દીકરાએ ઘરમાં તેમના પર દુષ્કર્મ આચર્યું હતું.

ચંપાબેનનો કપાતર દીકરો મોબાઈલની દુકાનમાં કામ કરતો હતો. જે રાત્રે ઘરે આવ્યો હતો અને જ્યારે માતા રાત્રીનાં અંધારામાં પાણી પીવા માટે ઉભી થઇ હતી ત્યારે કપાતર દીકરાએ ઘર બંધ કરીને માતાનું ધાવણ લજવ્યું હતું. આ ઘટનાની બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધીને આરોપી કપાતર પુત્રને ગણતરીના કલાકોમાં જ પોલીસે ઝડપી પાડ્યો હતો. હાલમાં પાટણમાં જનેતા સાથે દુષ્કર્મનો આ મામલો ચર્ચામાં છે અને ન્યાય માટે માતા પોલીસ સ્ટેશન પહોંચી છે.

રાધનપુર તાલુકાના મહેમદાવાદમાં શ્વાન માટે લાડુનું ભોજન

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના મહેમદાવાદ ગામે ગુરુમંદિર આશ્રમ ખાતે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે,જેમાં દર મહિનાની સુદ સાતમના દિવસે શ્વાન માટે લાડુનું ભોજન દાતાઓના સહયોગથી બનાવવામાં આવે છે,અને ગામના દરેક વિસ્તારના શ્વાનોને પીરસવામાં આવે છે.શ્વાન માટે લાડુ બનાવવાનું મશીન પણ દાતાઓના સહયોગથી વસાવવામાં આવ્યું છે.જેના દ્વારા ગામની મહિલાઓ અને સેવાભાવી પુરુષો દ્વારા શ્વાન માટે લાડુ બનાવવામાં આવે છે.ગુરુમંદિરના મહંત સેવાકીય કાર્યોમાં રસ લઈને કાર્યોને આગળ ધપાવે છે.

સાંતલપુર તાલુકાના ચારણકામાં ૨૩૦ ચુલાનું વિતરણ કરાયું

કમલ ચક્રવર્તી

રાધનપુર

પાટણ જિલ્લાના છેવાડાના ચારણકા નજીક એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક બનેલો છે,આ સોલાર પ્લાન્ટમાં કાર્યરત એવી મહિન્દ્રા સસ્ટેન કંપની દ્વારા ચારણકા ગામના ગ્રામ્યજનોને કંપનીના સાઈટ મેનેજર ગૌરવ જોશીની અધ્યક્ષતામાં અને કંપનીના સી.એસ.આર.મેનેજરો જશપાલસિંહ અને સુરમયી કૌશિકની ઉપસ્થિતિમાં કેન્દ્ર સરકારના નીરી વિભાગ દ્વારા વિકસિત વિશેષ પ્રકારના તૈયાર કરવામાં આવેલા ૨૩૦ ચુલાનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ ચૂલામાં લાકડા અને છાણાનો ઉપયોગ કરી શકાય છે.ગ્રામજનોએ આ ચૂલા આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

વડાલી તાલુકાના ખેડૂતો દ્વારા ઈડર અંબાજી હાઈવે જામ કરાયો

પ્રતિ. વડાલી

વડાલી તાલુકાનાં ખેડૂતો દ્વારા વડાલી માર્કેટયાર્ડ તથા મામલતદાર ઓફિસ આગળ ટ્રેકટરો રોડ વચ્ચો વચ્ચે મુકી દઈ રોડ જામ કરવામાં આવ્યો હતો વડાલી તાલુકાના ૧૫૦ ટ્રેકટરો ભરી ઘઉં સરકારી ગોડાઉનમાં સરકાર દ્વારા ખરીદી કરી ઘઉં લેવાના હતા પરંતુ કોઈ અધિકારી ઘઉંનુ વજન કરવા કે પાવતી બનાવા હાજર નહોવાથી બપોરના ૩ વાગે ખેડૂતો દ્વારા (હંગામી) કરવામાં આવ્યો હતો અને બધા જ ટ્રેકટરો રોડ ઉપર પાર્ક કરી દઈ ૧ કલાક સુધી હાઈવે જામ કરી દેવામાં આવ્યાં હતો વડાલી પી.એસ.આઈ ચૌધરીને આ અંગે જાણ થતાં સ્ટાફ સાથે દોડી ગયેલ અને ખેડુતોને સમજાવતા આખરે રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

મંત્રીના અધ્યક્ષ સ્થાને પાટણ ખાતે સુજલામ સુફલામ જળ અભિયાનની સમીક્ષા બેઠક યોજાઈ

પાટણ

ગુજરાત સરકારશ્રી દ્વારા કેબિનેટની મિટિંગમાં નક્કી કર્યા મુજબ વિવિધ સરકારી વિભાગો, એન.જી. ઓ., ધાર્મિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ અને ગામલોકોના સહયોગથી તારીખ ૦૧/૦૫/૨૦૧૮થી તારીખ ૩૧/૦૫/ ૨૦૧૮ દરમિયાન જળસંચય અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત પાટણ જિલ્લામાં જળસંચયના તમામ સ્ત્રોતો જેવા કે તળાવો, ચેકડેમ, નદી, કેનાલ,વનતલાવડી વગેરેને મોટા કરવા કે ડિસોલ્ટીગ દ્વારા પાણીનો બગાડ રોકવા અને મહત્તમ પાણીનો સંગ્રહ થઇ શકે તે પ્રકારના કામો હાથ ધરવામાં આવનાર છે. જેથી આગામી ચોમાસા પહેલા જિલ્લામાં પાણીની મુશ્કેલી નિવારી શકાય અને વરસાદી પાણીના સંચય કામગીરી મહત્તમ પ્રમાણમાં થઈ શકે. આ સમીક્ષા બેઠકમાં શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે પાટણ જિલ્લામાં જળ સંચયના કામો ચોમાસા પહેલાં અને સમયસર પુર્ણ થાય તે માટે માસ્ટર પ્લાન બનાવી ઝડપી કામગીરી કરવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

સમીક્ષા બેઠકનું પાટણ જિલ્લાના પ્રભારી સચિવશ્રી મનીષ ભારદ્વાજે જળ સંચયના કામોનું પ્રેઝન્ટેશન નિહાળી કામગીરીની સમીક્ષા કરી હતી. સબંધિત અધિકારીઓને માર્ગ દર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂ, નિવાસી અધિક કલેકટર બી.જી.પ્રજાપતિ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દિનેશભાઇ પરમાર, સબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

કારની ખોટી નંબર પ્લેટ લગાવી દારૂ લેવા નીકળેલો શખસ ઝબ્બે

હિંમતનગર

હિંમતનગરના મોતીપુરા સર્કલ આગળ શુક્રવાર. ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું. દરમિયાન સ્વીફ્ટ કાર (જી.જે-૧-એચ.આર.-૨૩૭૫)ના ચાલક પાસે ડ્રાયવીંગ લાયસન્સ ન મળી આવતા પીએસઆઇ મીનાબા ઝાલાએ ચાલક વીકીસ/ઓ શશીલક્ષ્મણ ઝા (અમદાવાદ)ની પૂછપરછ કરતાં ૧.૪૫ લાખ લઈને દારૂ લેવા નીકળ્યો હોવાનું તથા (જી.જે-૧-આર.એલ-૩૬૬૨)ની જગ્યાએ ખોટી નંબર પ્લેટ લગાવીને હોવાની કબૂલાત કરતાં રોકડા અને કાર કબ્જે લઇ અટકાયત કરી એડીવીઝનમાં ફરિયાદ નોંધાવી હતી.

જયારે અન્ય બનાવમાં છાપરીયા વિસ્તારમાંથી બાઈક (જી.જે-૯-ડી.બી-૪૩૮૦) લઈને પસાર થઈ રહેલ ઝાલા દીલીપસિંહ રેવુસિંહ (મનોરપુર) અને દશરથકુમાર કરશનભાઇ પરમાર(બાવસર) ને અટકાવીને તપાસ કરતાં તેમાંથી રૂ.૭૫૦૦ નો દારૂ મળી આવ્યો હતો. બંનેની અટકાયત કરી એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી દારૂના જથ્થા અને બાઈક સાથે સોંપવામાં આવ્યા હતા.

પાટણમાં પાણીની પાઈપ લાઈનો લીકેજ થતાં વેડફાતું હજારો ગેલન પાણી

પાટણ

પાટણ શહેર સહિત જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાતાં લોકો ત્રાસી ઉઠ્યા છે, બીજી તરફ પીવાના પાણીની જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં ભારે અછત હોઈ લોકોને પાણી મેળવવા રઝળપાટ કરવાનો વારો આવ્યો છે, પરંતુ પાટણ નગરમાં ઠેર ઠેર પીવાના પાણીની પાઈપ લાઈનોમાં ભંગાણ પડતાં હજારો લીટર પાણી માર્ગો પર વેડફાઈ રહ્યું છે. આ અંગે પાલિકાના સત્તાધિશોને અનેક વખત રજૂઆતો કરવા છતાં પણ કોઈ એટીએમ કામ હાથ ન ધરતાં સત્તાધિશોની અણ આવડત છતી થવાનું લોક મુખે ચર્ચાય છે.

જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસથી ગરમીનું પ્રમાણ વધતાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે છેવાડાના વિસ્તારોમાં ગરમીને લઈને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમી તેમાં પણ પીવાના પાણીની અછત સમયે છેવાડાના ગામોમાં પાણી મેળવવા લોકોને ભારે રઝળપાટ કરવાનો વારો આવ્યો છે. તો કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનો વેપલો પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે, ત્યારે પાટણમાં જાહેર માર્ગ પર પર તેમજ અંતરિયાળ પર ઠેરઠેર પીવાના પાણીની પાઈપ લાઈનોમાં ભંગાણ સર્જાતા હજારો ગેલન પાણી વેડફાઈ રહ્યું છે. પાણીની પાઈપમાં ગંદુ પાણી પણ આવે છે.

પાલિકા દ્વારા મેઈન માર્ગ પર નાંખવામાં આવેલી પીવાના પાણીની પાઈપ લાઈન હલકી ગુણવત્તાવાળી નાંખી હોવાથી પાઈપ લાઈનમાં લીકેજ થતાં પાણી વેડફાઈ રહ્યું છે અને માર્ગો પર ખાબોચીયા ભરાય છે. પાઈપ લાઈન નાંખવાની કામગીરીમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાની બૂમરાડ ઉઠી છે. કોંગ્રેસના સત્તાધિશો પ્રજાની સમસ્યાઓ હલ ન કરી શકતા હોય તો સત્તાપરથી રાજીનામું આપી દેવું જોઈએ તેવું ચર્ચાય છે.

જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને ફરિયાદ અને સંકલનની બેઠક યોજાઈ

પાટણ

પાટણ કલેકટર કચેરી વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ફરિયાદ અને સંકલનની બેઠક યોજાઇ હતી જેમાં પાટણ વિધાનસભાના ધારાસભ્ય ડૉ.કિરીટભાઈ પટેલ, સિધ્ધપુર વિધાન સભાના ધારાસભ્ય ચંદનજી ઠાકોર અને જિલ્લા વિકાસ અધિકારીરાજેશ રાજયગુરૂ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં પાટણ અને સિધ્ધપુર વિધાન સભાના ધારાસભ્યોએતળાવ, જમીનના સર્વે એસટી બસ, રેતી, જમીનના દબાણ અંગેના ખેતીવાડીને લગતા પ્રશ્નો ચોમાસાના પાણીના નિકાલ અંગેના પ્રશ્નો તેમના તરફથી રજુ કરવામાં આવ્યા હતા. કલેકટરશ્રીએ જણાવ્યું કેધારાસભ્યશ્રીએ રજુ કરેલ પ્રશ્નો ઝડપથી નિકાલ થાય અને થયેલ કામગીરીનો અહેવાલ ઝડપથી ધારાસભ્યશ્રીઓને મોકલી આપવા અધિકારીઓને જણાવ્યું હતું. મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં આશરે ૧૦૦૦ લાભાર્થીઓ રોજગારી આપવાનો લક્ષાંક છે. તે પૂર્ણ કરવા માટેનું આઇ.ટી.આઇ. દ્વારા પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. અને સરકારી વકીલ દ્વારા સરકારના કેસો ઝડપથી નિકાલ થાય તે માટે ઓરીજનલ ડોકયુમેન્ટ રજુ કરવા. કેસોનું ઝડપથી નિરાકરણ થાય તે માટેના જરૂરી સૂચનો અધિકારીઓ સમક્ષ રજુ કર્યા હતા. જેથી કેસોનો ઝડપથી નિકાલ થાય. સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં જણાવ્યું હતું કે, ગત અરસા દરમિયાન ફરિયાદ સમિતિએ લગતો પડતર કેસો નથી. બેઠકમાં પડતર અરજીઓ, સરકારી કર્મીઓનાં પડતર પેન્શન કેસો, બે વર્ષમાં નિવૃત્ત થનાર કર્મચારી-અધિકારીઓના કેસો, ખાતાકીય તપાસની બાકીના કેસો સહિત સરકારી નાણાંની વસૂલાત અંગે પરામર્શ કરાયો હતો. બાકી વસુલાત ખૂબ ઝડપથી પૂરી કરવાનો કલેકટરશ્રીએ અનુરોધ કર્યો હતો.આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી બી.જી.પ્રજાપતિ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દિનેશ પરમાર,પ્રાંત અધિકારીશ્રીતેમજ જુદી જુદી કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બહુચરાજીના બરિયફ ગામે વેરાઈ માતાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના બરિયફ ગામે અંદાજે ૬૦ થી ૭૦ લાખના ખર્ચે તૈયાર થયેલા વારાહી માતાજીના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ગતરોજ રવિવારે ભારે ઉમંગ અને ઉલ્લાસભર્યા માહોલમાં પૂર્ણાહુતિ થઈ હતી. આ ત્રિ-દિવસીય મહોત્સવમાં ગામના વતની અને દેશ- દેશાવરમાં રહેતા તમામ લોકો તેમજ સમગ્ર પંથકમાંથી હજારો શ્રદ્ધાળુઓએ ઉમટી પડી દર્શનનો લાભ લીધો હતો.બરિયફ ગામે સમસ્ત બરિયા પરિવાર દ્વારા નવનિર્મિત વેરાઈ માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના અંતિમ દિવસે ગતરોજ રવિવારે નવચંડી યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. બપોરે ૧૧-૩૯ કલાકે ભૂદેવોના પવિત્ર મંત્રોચ્ચારણ સાથે મંદિરમાં માતાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર માહોલ વેરાઈ માતાજીના જયજયકારથી ગૂંજી ઉઠ્યો હતો. મહોત્સવ દરમિયાન અનેક સંતો-મહંતોએ હાજર રહી આશીર્વચન પાઠવ્યા હતા. યજ્ઞના આચાર્ય પદે અમરીશકુમાર શાસ્ત્રી હતા. રવિવારે બપોરે પ્રતિષ્ઠા હોમની પૂર્ણાહુતિ બાદ મહાઆરતી કરાઈ હતી. બાદમાં સમસ્ત ગ્રામજનોએ સમૂહપ્રસાદનો લાભ લીધો હતો. ગામની એકતાના દર્શન કરાવતા આ પ્રતિષ્ઠા મહોત્સવમાં નામી-અનામી દાતાઓએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો. મહોત્સવને સફળ બનાવવા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં જળ અભિયાન યોજાશે

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં ૧૮૪ તળાવો ઉંડા કરવા, ૩૦૯ ચેકડમ ડીસિલ્ટીગ કરવા તથા ૧૧ નહેરોના ડીસિલ્ટીગનું કામ કરવામાં આવશે. જેમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જળસંપત્તિ વિભાગ દ્વારા ૨૯ તળાવ ઉંડા કરવા, ૧૩૩ ચેકડેમ ડીસીલ્ટીગ અને ૧ નહેરની સફાઇ મળી કુલ ૧૬૬ કામ કરવામાં આવશે. જયારે સિંચાઇ પંચાયત વિભાગ દ્વારા ૧૬૨, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૧૪૯, જિલ્લા વોટર શેડ દ્વારા ૧૧૬ કામો હાથ ધરવામાં આવશે. જીલ્લામાં આવેલ નગરપાલિકા વિસ્તાંરોમાં પણ જળસંચયના કામો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાની ૧૩ પાણી પુરવઠા યોજનાની ૮૦૫ કિ.મી પાઈપ લાઈનના કુલ ૮૩૯ એરવાલ્વ તપાસ કરી મરામત હાથ ધરવામાં આવશે અને પાણીના વ્યયને અટકાવવામાં આવશે. જયારે ખેડબ્રહ્માની મંગોલ વાડી નદીનું ૧૩ કિ.મી લાંબી નદી કિનારે વુક્ષારોપણ, ચેકડેમ નિર્માણ અને સફાઈ હાથ ધરી કાયાકલ્પ કરવામાં આવશે. જિલ્લામાં વન વિભાગ દ્વારા ૧૦,૫૭,૦૦૦ રોપાઓનું વાવેતર કરી જિલ્લાને હરીયાળો બનાવવાની દિશામાં કામગીરી કરવામાં આવશે. સિંચાઈ અને પાણી પુરવઠા રાજય મંત્રી પરબતભાઈ પટેલે જળ અભિયાનને સફળ બનાવવા ઉપયોગી માર્ગદર્શન અને સુચના આપી હતી. તેમણે કહ્યું કે પાણી અમૂલ્યા છે તેનો કરકસર અને વિવેકથી ઉપયોગ કરી જળસંગ્રહના આ અભિયાનમાં પ્રજા પણ જાગૃતિપૂર્વક જોડાય એ બહુ જરૂરી છે. તેમણે કહ્યું કે ભૂગર્ભ જળસ્તણર ઉંચા આવવાથી વિશેષ કરીને ખેડૂતોને બહુ જ ફાયદો થાય છે.

બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ શ્રીમતી ડૉ. જયંતિ રવિએ શાળા અને કોલેજના એન.એસ.એસ-એન.-સી.સી તથા મેડિકલ કોલેજના વિધાર્થીઓને જોડીને જળસંગ્રહનું નમૂનારૂપ કામ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.સાબર ડેરી, માર્કેટયાર્ડ, બી.એ.પી.એસ. પરખ સહિતની સ્વૈચ્છિક સંસ્થાઓને જળ અભિયાનના આ કાર્યમાં જોડાઇને સહભાગી થવા સહમતિ દર્શાવી હતી.

કલેકટર પ્રવિણા ડી.કેએ જીલ્લાવના આયોજનની વિગતો આપતાં જણાવ્યું કે જળ અભિયાનમાં જીલ્લા અને તાલુકા કક્ષાએ સમિતિઓ બનાવવામાં આવશે.બેઠકમાં અધિક કલેકટર વી.એલ.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડામોર, સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેર ચૌધરી સહિત જિલ્લાના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણામાં વિદેશ જતા છાત્રો માટે સેમિનાર યોજાયો

મહેસાણા

વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટી દ્વારા પીરામીડ ઓવરસીઝ એજયુકેશન ખાતે સેમિનાર યોજાયો હતો. જેમાં વિદેશ ખાતે અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઓસ્ટ્રેલિયાની સાઉથન કોસ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે માહિતી આપીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચાણસ્મા ખાતે કરિયાણાની દુકાનમાંથી માલ-સામાનની ચોરી

'ચાણસ્મા

ચાણસ્મા ઉગમણા દરવાજા પાસે રહેતા ઠક્કર કોકીલાબેન રસીકલાલ કરિયાણાની દુકાન ચલાવે છે, જે દુકાનને ગત શુક્રવારે રાત્રે કોઈ અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી લોખંડની જાળી અને લાકડાની બારી તોડીને અંદર પ્રવેશ કરી તેલના ડબ્વા નંગ-૬ કિં.રૂા. ૭૫૭૫, રોકડ રૂા.૨૫૦૦, બ્રિસ્ટોલ પેકેટ નંગ-૨૫ કિં.રૂા.૧૧૦૦, મળી કુલ રૂા.૧૧,૧૭૫ નો મુદામાલ ચોરી કરી પલાયન થઈ ગયેલ. આ ચોરી સંદર્ભે કોકીલાબેન ઠક્કરે ચાણસ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેની પોલીસે તપાસ ચલાવેલ છે

લોકો દ્વાર રાત્રી પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી છે.